પ્રકાશન નં. ૪૪૮

"મારી વાતો પહોંચાડો, ભલેને એક જ વાત હોય!"
(હદીસ શરીફ)

તોહફ-એ-દુન્યા વ આખિરત

(ભાગ-૨)

નવા વધારા સાથે

(સંવર્ધિત આવૃત્તિ)

જન્નત નાં હસીન મનાઝિર

: પુનરવલોકન:
(મવલાના) હસન ભડકોદ્રવી (સા.)

પ્રકાશન વિભાગ :
દારુલ ઉલૂમ ભરૂચ, મહમૂદનગર,
મુ. પો. કંથારીઆ-૩૯૨૦૧૫,
તા. જિ. ભરૂચ (ગુજ.-ઈન્ડિયા).

તોહફ-એ-દુન્યા વ આખિરત (ભાગ-૨)

નવા વધારા સાથે (સંવર્ધિત આવૃત્તિ)

પ્રકાશન નં.	:	૪૪૮
પ્રત	:	૨૧૦૦
આવૃત્તિ	:	ત્રીજી (વધારા સહિત)
હિજરી સન	:	૧૪૩૭
ઈસ્વી સન	:	૨૦૧૬
કિંમત	:	

પ્રકાશન વિભાગ :
દારુલ ઉલૂમ અરબિય્યહ ઈસ્લામિય્યહ ભરૂચ,
મહમૂદનગર, મુ. પો. કંથારીઆ–૩૯૨ ૦૧૫,
તા. જિ. ભરૂચ (ગુજરાત–ઈન્ડિયા)

PUBLICATION DEPARTMENT:
DARUL ULOOM BHARUCH, MAHMOODNAGAR
AT & PO. KANTHARIA, DIST. BHARUCH (GUJ)
PIN : 392 015, INDIA

અનુક્રમણિકા

બિસ્મિહી તઆલા

જન્નતનાં દશ્યો

★ નઝમ ★

શાઇરે ઇસ્લામ હઝરત મુઝતર ગુજરાતી (બી.એ.)

વા'દા હૈ મુઅ્મિનોંસે ખુદાએ કરીમકા,
ઉન્કે લિએ મકામ હૈ ખુલ્દે નઈમકા.

કુર્આંકી ઈસ્તિલાહમેં જન્નત કહે જિસે,
ઈક લા–ઝવાલ દારે મસર્રત કહેં જિસે.

નહ્રેં રવાં હૈ જિસમેં શરાબે તહૂરકી,
શીરે લઝીઝ વ શહદે મુસફ્ફાકી, નૂરકી.

તસ્નીમ વ સલસબીલકે ચશ્મોંકી સરઝમીં,
જિનકી નઝીર ગુલશને આફાકમેં નહીં.

ગુલહાએ રંગા રંગકે તખ્ત ખીલે હૂએ,
પત્તોંકી લરઝિશોંમેં તરાને મિલે હૂએ.

શીરીં ફલોંકે બોઝસે શાખેં ઝુકી હૂઈ,
સાહિલ પે જૈસે નકરઈ મોજેં રુકી હૂઈ.

બાગોંમેં મોતિયોંકે તરાશે હૂએ ખિયામ,
જિનમેં જમાલ–આફરીં હૂરોંકા હૈ કિયામ.

ઐસે ખિયામ જિનકા તસવ્વુર મહાલ હૈ,
હૂરેં જિનકા હુસ્ન ફકીદુલ મિષાલ હૈ.

ઝીનત–દેહ કુસૂર હૈં, ગિલમાને પાક રૂ,
સાગિર બ–કફ, સલામ બ લબ, નગ્મા દર ગુલૂ.

જન્નતકી કોઈ ચીઝ ઝવાલ આશ્ના નહીં,
શાઈસ્તહ બકા હૈ, વબાલ આશ્ના નહીં.

ઈસ ઘરમેં જબ ખુદાકે પરસ્તાર જાએંગે,
આંખોંમેં નૂર, દિલમેં નયા કૈફ પાએંગે.

• • •

દુરૂદે ઈબ્રાહીમ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا
صَلَّيْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ
حَمِيْدٌ مَّجِيْدٌ ط اَللّٰهُمَّ بَارِكْ عَلٰى مُحَمَّدٍ
وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا بَارَكْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ
وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ ؕ

જન્નતનો અર્થ

જન્નતનો અર્થ છે : ઢાંકવું–પરદો કરવો–છુપાવવું, તેના પછી છાંયડાવાળા ઝાડને કહેવા લાગ્યા. પછી છાંયડાવાળા ઝાડોના બાગને પણ જન્નત કહેવા લાગ્યા અને પછી ઈસ્લામી બોલ ચાલમાં આ જગ્યાનું નામ રાખવામાં આવ્યું, જયાં સારા અમલ કરવાવાળા અલ્લાહના ફરમાંબરદાર બંદા કિયામતના પછી હંમેશા હંમેશ રહેશે.

નામ રાખવાનું કારણ

જન્નતને જન્નત શા માટે કહે છે ? એટલા માટે કે આ જગ્યા લોકોની નજરોથી આ દુનિયામાં પોશીદહ અને છુપાયેલી છે અને આ આંખોથી તેને કોઈ જોઈ શકતું નથી અને ન કોઈ માણસ પોતાના આ કાનોથી તેની પૂરી હકીકત સાંભળી શકે છે.

"અને અલ્લાહ તઆલાએ ત્યાંની રાહતો અને સહૂલતો અને નેઅમતો મખ્લૂકની નજરોથી છુપાયેલ રાખેલ છે."

"લા અયનુન્ રઅત્ વલા ઉઝુનુન્ સમિઅત્" (બુખારી)

فَلَا تَعۡلَمُ نَفۡسٌ مَّاۤ اُخۡفِیَ لَہُمۡ مِّنۡ قُرَّۃِ اَعۡیُنٍ ۚ (السجدة ۳۲:۱۷)

જન્નતની લંબાઈ અને પહોળાઈ

(૧) જન્નતની પહોળાઈના વિશે કુર્આનનો ફેંસલો છે કે તેની પહોળાઈ જમીન અને આસમાનના બરાબર છે. "વ જન્નતિન્ અર્દુહસ્સમાવાતુ વલ્અર્દૂ ઉઈદ્દત લિલ્ મુત્તકીન."

(૨) અને તેની લંબાઈના વિશે મુસ્લિમ શરીફની હદીષથી આટલી ખબર પડે છે કે સૌથી ઓછા મરતબાવાળા જન્નતીને જન્નતમાં જે વિસ્તાર આપવામાં આવશે તે પૂરી દુનિયાના વિસ્તારથી દસ (૧૦) ગણો વધારે હશે.

(૩) બીજી જગ્યાએ છે કે જન્નતમાં એક ઝાડ એટલું ફેલાયેલું છે કે જો કોઈ સવાર તેના છાંયડામાં સો વર્ષ સુધી ચાલે તો એનો છાંયડો પૂરો ન થાય અને તમારી કમાન મૂકવાની જગ્યા પૂર્વ–પશ્ચિમથી પણ વધારે સારી હશે.

(બુખારી)

(૪) અને એક અલ્લાહથી ડરવાવાળાને બે બાગ એટલા મોટા મળશે, જેની લંબાઈ અને પહોળાઈ એટલી હશે કે જે તેના પૂરા ભાગમાં ફરવાનું ઈચ્છે તો સો વર્ષમાં પૂરું થાય.

(જવાહિરુત્તફાસીર, સૂરએ સૉદ ૩૯૪)

(૫) દરેક મુઅ્મિનના માટે જન્નતમાં એક મોતીથી બનેલો તંબુ હશે, જેની લંબાઈ સાઠ (૬૦) માઈલની હશે અને તે તંબુના એક એક ખૂણામાં તેની બીવીઓ એવી રીતે થોભશે કે એકને બીજી જોઈ ન શકે. (બુખારી, મુસ્લિમ)

(૬) જન્નતના એક એક દરવાજાની બાજૂઓની વચમાં એટલી પહોળાઈ હશે કે જો કોઈ માણસ તેની પહોળાઈમાં ચાલે તો તેની પહોળાઈ ચાલીસ (૪૦) વર્ષમાં પૂરી થાય.

(મુસ્લિમ શરીફ)

(૭) જન્નતમાં સો (૧૦૦) મંઝિલો છે. દરેક બે મંઝિલના વચમાં એટલું અંતર છે, જેટલું જમીન અને આસમાનની વચમાં, એટલે પાંચસો (૫૦૦) વર્ષનું અંતર છે અને ફિરદૌસ બધાથી ઉપરના દરજાનું નામ છે અને તેનાથી જન્નતની ચારેવ નહેરો નીકળે છે અને જન્નતુલ ફિરદૌસના ઉપર અલ્લાહનો અર્શ છે. જયારે તમે અલ્લાહથી માંગો તો જન્નતુલ ફિરદૌસને માંગો. (તિરમિઝી શરીફ)

(૮) જન્નતવાળા પોતાના ઉપરવાળાઓને ઊંચાઈના કારણે એવી રીતે જોશે કે જેવી રીતે તમે ચમકદાર તારાઓને જુઓ છો, જે બાકી રહ્યો હોય આસમાનના પૂર્વ અથવા પશ્ચિમના ભાગમાં. સહાબા (રદિ.)એ કહ્યું કે આ તો પયગમ્બરોની મંઝિલો છે. પયગમ્બરોના સિવાય ત્યાં બીજું કોણ પહોંચી શકે છે ? આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે કેમ નહીં, કસમ છે તે ઝાતની જેના કબઝામાં મારી જાન છે, તે લોકો જરૂર પહોંચશે જે અલ્લાહ પર ઈમાન લાવ્યા અને રસૂલોને સાચા માન્યા. (બુખારી–મુસ્લિમ)

(૯) જન્નતમાં સો (૧૦૦) દરજ્જા છે અને એક એક મંઝિલ એટલી મોટી છે કે જો પૂરી દુનિયાના લોકો તેમાં ભેગા થઈ જાય તો તેમના માટે તે એક દરજ્જો કાફી (બસ) છે.

સવાલ : આટલી મોટી જન્નત ક્યાં હશે ?

જવાબ : સાતેવ આસમાનના ઉપર અર્શે ઇલાહીની નીચે અને અર્શે ઇલાહી જન્નતની એવી છત હશે જેવી રીતે આસમાનો– જમીનની છત બનેલી છે.

સવાલ : તે વખતે આસમાન હશે કે નહિ હોય ?

જવાબ : નહીં, પરંતુ આસમાન ખોલી આપવામાં આવશે

અને તેમાંથી જન્નતમાં જવાના રસ્તા પેદા કરી આપવામાં આવશે.

સવાલ : જયારે આ સૂરજ રોશની વગરનો કરી આપવામાં આવશે અને તેમાં કોઈ રોશની ન હશે તો જન્નતમાં અંધારું રહેશે અથવા કોઈ રોશની પણ હશે ?

જવાબ : હા, ત્યાં પણ અલ્લાહના અર્શમાંથી એક ખાસ પ્રકારનું નૂર પહોંચાડવામાં આવશે અને જયારે રાતનો સમય હશે તો પરદા નાખી આપવામાં આવશે, જેનાથી જન્નતી લોકો સમજી જશે કે હવે આરામનો વખત આવી ગયો છે અને સવાર થતાં જ પરદા હટાવી લેવામાં આવશે, જેનાથી જન્નતી લોકો સમજી જશે કે હવે સવાર થઈ ગઈ અને હરવા–ફરવા માટે પોતપોતાની આરામની જગ્યાઓમાંથી નીકળી આવશે.

જન્નતનો મસાલો

સહાબએ કિરામ (રદિ.)એ હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને પૂછયું કે જન્નતની ઈમારત કઈ વસ્તુથી બનાવવામાં આવી ? આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે તેની એક ઈંટ સોનાની છે અને એક ચાંદીની. કાંકરીઓ મોતીઓ અને યાકૂતની છે અને તેની માટી ઝઅ્ફરાનની બનેલી કેસરી અને (ખૂશ્બુદાર) સુગંધિત હશે. જે કોઈ એમાં દાખલ થશે આરામ અને ચેનમાં રહેશે અને હંમેશાના માટે જીવતો રહેશે. ત્યાં તેને કદી પણ મૌત ન આવશે, ન તેના કપડાં ખરાબ થશે, ન તેની જુવાની કદી ફના થશે, બલકે ત્યાં પણ હંમેશાના માટે જુવાન રહેશે.

(મુસ્નદે અહમદ, તિરમિઝી શરીફ)

સવાલ : જન્નત કયારે મળશે ?

જવાબ : જયારે પૂરી દુનિયા ફના (નાબૂદ) થઈ જશે તો અલ્લાહ તઆલાના હુકમથી કિયામત કાયમ થઈ જશે અને બધા લોકોને બીજી વખત જીવતા કરવામાં આવશે અને પછી ન્યાયના ત્રાજવા પાસે તેમને ભેગા કરવામાં આવશે અને ત્યાં દરેક માણસના હિસાબ–કિતાબ કરીને નેક લોકોને જન્નતમાં દાખલ કરવામાં આવશે અને બદકારોને દોઝખ (જહન્નમ)માં.

જન્નતના વિશે એક શક

સવાલ : જાહેરમાં કુર્આન અને હદીસથી ખબર પડે છે કે જન્નત ઈન્સાનની નેકી અને અલ્લાહના હુકમો(ની ફરમાંબરદારી)ને માનવાનો બદલો છે. જેને આખિરતના ઉધાર પર રાખવામાં આવ્યો છે. તે કયારે મળે ? કયારે કિયામત વાકિઅ–કાયમ થાય ? ક્યારે હિસાબ થાય અને કયારે જન્નતમાં જઈએ ? છેવટે આ દુનિયામાં જ નેકીનો બદલો કેમ નથી મળતો ? શું અલ્લાહ તઆલા આ દુનિયામાં બદલો દેવા પર કાદિર નથી ?

જવાબ : હા, અલ્લાહ તઆલા દુનિયામાં બદલો દેવા પર કુદરત ધરાવે છે, પરંતુ અલ્લાહ તઆલા હિકમતવાળો પણ છે અને તેની હિકમત આ પસંદ કરે છે કે દરેક માણસનો બદલો (નેકીનો બદલો) જન્નત અને સજા (બુરાઈનો બદલો) દોઝખ આપવામાં કિયામતનો ઈન્તિઝાર કરવામાં આવે. આ મુખ્તસર વાતની તફસીલ–વઝાહત આ છે કે ઈન્સાનની ત્રણ હાલતો છે :

પહેલી દુનિયાની હાલત

આ જિંદગીમાં ઈન્સાન પર ત્રણ પ્રકારના હક્કો છે, જેવી રીતે કે ખાવું-પીવું, સૂવું અને આરામ કરવો. મતલબ કે સેંકડો પ્રકારની જરૂરતોની જિંદગીમાં ફસાયેલ છે, તેને પોતાની જાતના હુકૂક કહે છે

બીજી હાલત

જેવી રીતે કે પતિ-પત્નીનો સંબંધ દોસ્તો, માં-બાપ, બેટા-બેટી વગેરેની રિશ્તેદારીની જિમ્મેદારીઓમાં ઘેરાયેલ છે. કોઈની ખુશીમાં શામિલ થવું, કોઈની ગમીમાં હાજરી આપવી જરૂરી. આ પ્રકારને બંદાઓના હક્કો કહે છે.

ત્રીજી હાલત

અસલ માલિક અલ્લાહ તઆલાની તાબેદારી અને તેની ઈબાદતની ઝિમ્મેદારી. કયાં તો નમાઝ છે, કોઈ વખત રોઝાનો હુકમ છે, કોઈ વખત હજ, કોઈ વખતે જિહાદ અને કોઈ વખત ઝકાત વગેરેની પગલે પગલે પાબંદીઓ છે. મતલબ આ કે આ હાલમાં ઈન્સાન દરેક રીતે પાબંદ જ પાબંદ છે અને ફારસીનો આ શે'ર

દમ-બ-દમ પા બસ્તા દામે તુઅમ

મતલબ આ કે કોઈ વખત એવો નથી જેમાં બિચારો ઈન્સાન દરેક રીતે આઝાદ અને બેફિક હોય અને આ જ કારણે આ દુનિયાને "દારુલ અમલ અને દારુલ મિહ્‌ન" -તકલીફ અને મશક્કતોનું ઘર કહે છે.

જન્નતનો કિસ્સો અલ્લાહની ઝુબાનથી

(૧) અલ્લાહથી ડરનારાઓ અને ફરમાંબરદારોને જે જન્નતનો વાયદો કરવામાં આવ્યો છે તેની હાલત આ છે કે તેમાં ઘણી નહેરો તો એવા પાણીની છે, જેમાં જરા પણ ફેરફાર ન થશે અને ઘણી નહેરો શરાબની છે, જે પીવાવાળાઓને ઘણી મજાવાળી અને સ્વાદિષ્ટ લાગશે અને ઘણી નહેરો મધ (શહદ)ની છે, જે બિલકુલ સાફ હશે અને જન્નતી લોકોના માટે દરેક જાતના ફળ હશે. (સૂરએ મુહમ્મદ, પારહ ૨૬)

(૨) જે માણસ કિયામતની હાજરીનો ડર રાખીને અલ્લાહની ફરમાંબરદારી કરશે તેના માટે બે જન્નતો હશે : એક અલ્લાહના ડરનો બદલો અને બીજું ગુનાહોને છોડવાનો બદલો. આ બન્નેમાં મેવાવાળા ઝાડ વધારે હશે અને દરેક ઝાડમાં જાત જાતનાં ફળ હશે અને આ બગીચાની લંબાઈ એટલી હશે કે જેમાં દરમિયાની ચાલથી જો કોઈ માણસ ચાલે તો સો વર્ષમાં તેની લંબાઈ પૂરી થઈ શકે અને તેમાં ઊંચા દરજાના મકાનો હશે અને એ બન્નેવ બગીચાઓમાં બે ઝરણાં ચાલુ થશે. એકનું નામ તસ્નીમ અને બીજાનું નામ સલસબીલ અને બન્ને ઝરણાંમાં આ ખાસિયત હશે કે જન્નતમાં રહેવાવાળો માણસ જ્યાં ઇચ્છે અને પોતાના મકાનના જે દરજામાં ઇચ્છે તે જગ્યાએ કોઈ સંકોચ વિના પાણી લઈ લે. આ બંને બગીચામાં એક ખાસિયત આ હશે કે આમાં બે જાતના ફળ હશે. એકની શકલ દુનિયાનાં ફળોની જેમ અને બીજાની શકલ નવી હશે. જે કદી ન કોઈએ જોઈ હશે અને ન સાંભળી હશે અને આ લોકો જન્નતમાં તકિયો લગાવીને એવા બિસ્તરાઓ પર આરામ કરશે. જેનો નીચેનો ભાગ રેશમના કપડાનો હશે અને તેનો ઉપરનો (ભાગ) નૂરનો હશે અને

તેનાં ફળોની આ ખાસિયત હશે કે તેની ડાળીઓ ઝુકેલી હશે અને તેનાં ફળ જયારે પણ દિલ ઇચ્છશે તરત જ આપોઆપ મોઢામાં પડી જશે અને આ બન્ને બાગોમાં નીચી નજરવાળી, હયાવાળી નવજવાન છોકરીઓ હશે, જેમને તેમના શૌહરોના સિવાય કોઈએ પણ હાથ લગાડયો ન હશે અને તે ઔરતો એવી ખૂબસૂરત હશે જેવી રીતે કે લઅલની–તરાશેલી તસવીરો. મતલબ આ બન્નેવ જન્નતો સોનાની બનેલી હશે અને તેમનો બધો સામાન પણ સોનાનો હશે. (બુખારી–મુસ્લિમ) જે પહેલા લોકોના ભાગમાં આવશે અને આ બન્નેના સિવાય બે જન્નતો ચાંદીની હશે અને તેનો બધો સામાન પણ ચાંદીનો હશે. (બુખારી–મુસ્લિમ) અને તેનો રંગ એવો વધારે પડતો લીલો હશે કે જોવાથી આંખોમાં નૂર અને દિલમાં ખુશી અને તાજગી વધશે અને તેમાં જોશ મારતા બે ઝરણાં હશે અને વધારે પડતાં ફળ ખાસ તૌર પર ખજૂરો અને દાડમ હશે, જે સ્વાદિષ્ટ હોવાની સાથે ખોરાક પણ છે અને દવા પણ છે અને આ ચારેવ બાગોમાં એવી ઔરતો હશે, જે ખૂબસૂરત પણ હશે અને સારા અખ્લાકવાળી પણ હશે, જે મોતીઓથી સજાવેલા તંબૂઓમાં બેઠી હશે. જેમને તેમના શૌહરો સિવાય કોઈએ પણ હાથ ન લગાડયો હશે અને આ જન્નતના રહેવાવાળા લીલા ગાલીચા અને કિંમતી બિસ્તરાઓ પર તકિયા લગાવીને બેઠા હશે અને આ બન્ને જન્નતો જમણી તરફના લોકોના ભાગમાં આવશે.

સૂરએ વાકિઅહમાં ઇરશાદ છે :

(૩) અને બધા પહેલા લોકો રત્નોથી જડેલા તખ્તો પર તકિયો લગાવીને આમને સામને બેઠા હશે. તેમની સેવામાં છોકરાં ફરતા હશે, જે હંમેશા છોકરાં જ રહેશે. તેમના હાથોમાં સાફ શરાબના પ્યાલા અને કુંજા હશે અને તે શરાબ

પણ એવી હશે જેનાથી ન માથાનો દુખાવો થશે અને જેનાથી ન પરેશાની આવશે અને એ છોકરાઓના સાથે ફળ પણ હશે, જે દિલને પસંદ થશે અને તેમના પાસે પક્ષીઓના ગોશ્ત જે તેમની તબીઅતના પ્રમાણે હશે. આ બધું હાજર હશે અને ત્યાં હૂરો પણ હશે, જેમની આંખો મોટી મોટી ઘણી સાફ ખૂબસૂરત મોતીની જેમ હશે. સલામતીના સિવાય બીજી કોઈ બેકાર અને નામુનાસિબ વાત ન સાંભળશે અને જમણી તરફવાળા બોરડીઓના બગીચાઓમાં રહેશે, જે દુનિયાની જેમ કાંટા–વાળા ન હશે અને હંમેશા રહેવાવાળો છાંયડો અને વહેતું પાણી અને જાત જાતના ફળોમાં રાચશે, જે એ વખત સુધી ન તૂટયા હશે અને તેના વપરાશ પર કોઈ જાતની પાબંદી ન હશે અને દુનિયાની ઔરતોને નવી રીતે પેદા કરીને અને તેમને કુંવારી, દિલ ખુશ કરવાવાળી અને મુનાસિબ ઉંમર આપીને જમણી તરફવાળાઓની તસલ્લી અને દિલ ખુશ કરવાનો સામાન કરશે. (સૂરએ વાકિઅહ, પારહ ૨૭)

(૪) અને તેમની ઈસ્લામની મજબૂતી ઈસ્લામના બદલામાં વિશાળ અને વિસ્તૃત જન્નત છે, જેની પહોળાઈ જમીન તથા આસમાનના બરાબર છે. તેમને પહેરવાના માટે ઊંચી જાતના રેશમી લિબાસ આપવામાં આવશે અને તે મસહરિઓ પર આરામ અને ઈઝઝતથી તકિયો લગાવીને ઉપસ્થિત હશે. ઋતુ એ પ્રમાણમાં દિલને ખુશ કરવાવાળી હશે કે ન ગરમીની સખતી, ન વધારે પડતી ઠંડી અને જન્નતનાં ઝાડો તેમના ઉપર ઝુકાયેલા હશે અને તે ફળવાળા ઝાડોનાં લૂમ એવી રીતે નઝદીક હશે કે જો કોઈ જન્નતી તોડવાનું ઇચ્છે તો બેસીને અથવા સૂઈને અથવા ઊભા થઈને મતલબ કે જેવી રીતે તેનું દિલ ચાહે આરામથી તોડી લે અને તેની પાસે ચાંદીનાં વાસણો અને ચાંદીના બનેલા પ્યાલા એટલા સાફ અને હલકા કે

જોવાથી કાચના ખબર પડે અને પ્યાલાઓનો અંદાઝો અને તેની બનાવટ એટલી દુરુસ્ત હશે કે પીવાવાળાઓની તરસ અને ખોરાકના બરાબર હશે. ન થોડી વધારે અને ન થોડી ઓછી અને એ લોકોને શરાબનો એવો જામ પિવડાવાશે, જેમાં સૂંઠ મળેલી હશે અને આ શરાબને સ્વાદિષ્ટ અને મજાવાળી બનાવી આપશે, પરંતુ તે દુનિયાની સૂંઠ ન હશે, પરંતુ એક ઝરણું જેનું નામ સલસબીલ છે તેનો થોડોક ભાગ લઈને તે શરાબમાં મિલાવી આપશે અને તેમની સેવા માટે થોડાક છોકરાં નક્કી કરવામાં આવશે, જેમની ખાસિયત આ છે : (૧) તે હંમેશાની બચપણની જ ઉંમરમાં રહેશે. તે કદી પણ જવાન અથવા ઘરડા ન થશે. (૨) તે ઘણાં જ હુસ્નો–જમાલવાળા પાકીઝા હશે. રંગ એટલો પાકીઝહ કે જોવા–વાળા તેમની પાકીઝગી અને ચમક જોઈને ખ્યાલ કરશે કે જાણે મોતીના દાણા ફેલાયેલા છે અને જ્યારે એ જગ્યાને જુઓ તો ખ્યાલ કરો કે ત્યાં જાત જાતની એવી નેઅમતો છે, જેની કોઈ હદ નથી અને ખતમ ન થવાવાળી હુકૂમત છે. એમના ઉપર બારીક કપડાં અને ઘણા જ ચમકદાર રેશમના બનેલાં અને મજબૂત રેશમના કપડાં પણ હશે, જેનો રંગ લીલો હશે અને બાદશાહના નિકટવર્તીઓ અને દરબારીઓની નિશાની જાહેર કરવાના માટે તેમના હાથોમાં ચાંદીના કંગન હશે અને આ બધી નેઅમતોમાં બધાથી વધીને આ દૌલત મળશે કે રબ્બુલ આલમીન જાતે–પોતે પોતાના હાથોથી પાક કરવાવાળી શરાબ પિવડાવશે (જેની હાલત પીવાવાળાને પૂછો) અને ફરમાવતા હશે કે આ તમારા નેક કામોનું ઈનામ છે, કારણ કે તમારી મહેનત અમોને પસંદ આવી ગઈ.

(સૂરએ દહ્ર, પારહ ૨૯)

(૫) બેશક, ડરવાવાળાઓને તમન્નાઓ મળે છે અને

તેમનો દરજ્જો ઊંચો અને પ્રતિષ્ઠિત હોય છે કે એમના માટે ફળોથી લચેલા ચાર દીવારીના બગીચા છે અને તે બગીચાઓમાં દ્રાક્ષની ટટ્ટીઓનું છાપરું છે અને નવજવાન–હસીન કુંવારી ૧૭–૧૮ વર્ષની છોકરીઓ છે અને શરાબના છલકતા પ્યાલા અને તેની મજલિસમાં કોઈ બેકાર અને જૂઠી વાત ન થશે, એટલે કે આ નશાથી પાક અને સાફ હશે અને આ બદલો છે તારા અલ્લાહના તરફથી જે તેણે પોતાના ફઝલથી તારા હિસાબના પ્રમાણે આપ્યો છે.

(સૂરએ નબા, પારહ ૩૦)

નોટ : હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે જન્નતની વસ્તુઓના નામ દુનિયાની જેમ છે, પરંતુ એની હકીકતો દુનિયાની વસ્તુઓથી બિલકુલ મુખાલિફ (વિરુદ્ધ) હશે, એટલા માટે કે દુનિયાની વસ્તુઓનો માદ્દો (પદાર્થ) માટી જેવી જાડી વસ્તુ છે અને જન્નતની વસ્તુઓનો માદ્દો (પદાર્થ) નૂર છે, જે ઘણી નરમ (સાફ) છે.

(૬) બેશક, નેક લોકો આરામમાં હશે અને દરેક પ્રકારની નેઅમતોથી સરફરાઝ (સન્માનિત) હશે અને સોનાથી જડાયેલા તખ્તો પર બેસીને જન્નતની રોનક (શોભા) અને ત્યાંનું દશ્ય સંકોચ વિના પોત પોતાની જગ્યાએથી જોશે અને તેમના ચહેરાઓ પર ઈનામ અને રાહતોના કારણે ખાસ પ્રકારની સ્ફૂર્તિ (પ્રફુલ્લતા) હશે. તેમને પીવાના માટે મુશ્ક અને ખાસ સીલ કરેલી શરાબ મળશે. એટલા માટે કે તે મુશ્કની ખુશ્બૂ તે શરાબમાં ભળી જાય અને પીવાવાળાના દિમાગને ખુશ અને સુગંધિત કરી આપે અને જો તેમાં મિલાવવાનું દિલ પસંદ કરે તો (સોડા નહિ) પરંતુ તસ્નીમની મિલાવટ કરવામાં આવશે અને તસ્નીમ જન્નતનું એક ખાસ ઝરણું છે, જેની ખાલિસ શરાબ અલ્લાહના ખાસ ખાસ

બંદાઓને જ આપવામાં આવશે, પરંતુ એમાં થોડો ભાગ સુગંધના તૌર પર અબરાર એટલે નેક બંદાઓને પણ આપવામાં આવશે., બસ, જોઈએ કે (દોડે) અને શોખ કરે શોખ કરવાવાળા.

નોટ : હદીષમાં આવે છે કે તે મુશ્કની ખુશ્બૂ તે પ્રમાણમાં તેજ હશે કે જો કોઈ માણસ તેમાં હાથ ડબોળીને બહાર કાઢે તો દુનિયાની બધી જીવવાળી મખ્લૂક તેની ખુશ્બૂથી મસ્ત અને બેકરાર થઈ જાય.

(૭) ઘણાં ચહેરા તે દિવસે લીલાછમ અને પોતાની કમાઈના કારણે બાઈઝઝત હશે. ઊંચી ઊંચી જન્નતોમાં ઘણા સુકૂન અને આરામમાં હશે અને ત્યાં કોઈ ગમ પહોંચાડવાવાળી વાત ન સાંભળશે અને તેમાં એક ઝરણું વહેતું હશે, જેનું પાણી બરફથી વધારે ઠંડુ અને મધથી વધારે મીઠું અને ત્યાં ઊંચા તખ્ત અને તે તખ્તો પર પ્યાલાઓ વ્યવસ્થિત મૂકેલા હશે અને મખમલ જેવા ગાલીચા દરેક તરફ ફેલાયેલા હશે. એટલે કે બેકાર પડેલા હશે. એટલા માટે કે જ્યાં જન્નતવાળાઓનું દિલ પસંદ કરે તેને પાથરી શકે.

(સૂરએ ગાષિયહ, પારહ ૩૦)

(૮) બધા જ દુન્યવી દોસ્ત તે દિવસે એટલે કે કિયામતના દિવસે એક બીજાના દુશ્મન થઈ જશે. હા, (પરંતુ) અલ્લાહથી ડરવાવાળા લોકોની દોસ્તી દુનિયાની જેમ ત્યાં પણ બાકી રહેશે, જેવી રીતે દુનિયામાં આ લોકો એક બીજાના કામ આવશે અને ફરમાંબરદારોને અલ્લાહ તઆલાના તરફથી એક અવાજ આપવામાં આવશે, જેનો અર્થ આ હશે : (૧) હે મારા બંદાઓ ! તમારા ઉપર આજે કોઈ જાતનો ડર અને બીક નથી અને ન હવે પછી પણ તમારા ઉપર કોઈ જાતનો ગમ હશે.

(૨) હે અમારી આયતો પર ઈમાન લાવીને અમારા હુકમોને માનવાવાળાઓ ! તમે પોતાની બીવીઓને પોતાના સાથે લઈને ખુશી ખુશી જન્નતમાં દાખલ થઇ જાઓ. (૩) તમારી સેવા કરવાવાળા તમારી પાસે સોનાની રકાબીઓ અને ગ્લાસ લઈને આવતા રહેશે. (૪) અને ટૂંકમાં આ કે જન્નતમાં તે દરેક વસ્તુ હાજર હશે, જેને દિલ પસંદ કરશે અને જેને જોવામાં આંખોને મજા હાસિલ થશે. મતલબ આ કે તમે ત્યાં હંમેશા હમેશ એક જ હાલતમાં રહેશો. ન બીમારી આવશે અને ન ત્યાં કોઈ નેઅમત ખતમ થશે, ન ત્યાં (દુનિયાના માલદારોની જેમ) કોઈ જાતની દુશ્મની હશે, ન ઘડપણ આવશે અને ન કોઈને મૌત આવશે.

બેહિશ્ત એ જગ્યાનું નામ છે, જ્યાં ન કોઈ જાતની તકલીફ હશે અને ન કોઈ જાતનો લડાઈ–ઝઘડો હશે.

જન્નતનો કિસ્સો નબી (સલ.)ની ઝુબાનથી

(૧) હઝરત અનસ (રદિ.) ફરમાવે છે કે મેં હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને અરજ કરી, હુઝૂર ! આપ મારી માફી કિયામતના દિવસે ફરમાવશો ? આપે ફરમાવ્યું, હું જરૂર તારી માફી કરીશ. આથી મેં આપને અરજ કરી; હુઝૂર ! હું તમને ક્યાં શોધું ? આપે ફરમાવ્યું કે પુલસિરાત પર જોજો. મેં ગુઝારિશ કરી કે આપની ત્યાં મુલાકાત ન થાય તો ? આપે ફરમાવ્યું તો પછી ત્રાજવાના પાસે જોજો. મેં ફરી પૂછયું કે જો આપની ત્યાં પણ મુલાકાત ન થાય તો ? આથી આપે ફરમાવ્યું કે તો મને હૌઝે કૌષરના પાસે શોધી લેજો. હું આ ત્રણે જગ્યાઓમાંથી કોઈ એક

જગ્યા પર જરૂર તમને મળીશ.

(તિરમિઝી વ કા—લ હદીષુન્ ગરીબુન્)

મૌતની મૌત

(૨) હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ હિદાયત કરી : જયારે જન્નતી જન્નતમાં પહોંચી જશે અને દોઝખી દોઝખમાં પહોંચી જશે ત્યારે મૌતને (ઘેટાંની શકલ)માં લાવવામાં આવશે અને જન્નત અને દોઝખની વચમાં તેને ઝબહ કરવામાં આવશે અને એક અવાજ દેવાવાળો અવાજ લગાવશે કે હે જન્નતવાળાઓ ! હવે મૌત નથી. હે દોઝખવાળાઓ ! હવે કોઈને મૌત ન આવશે. આ જોઈને જન્નતીઓની ખુશીમાં વધારો થઈ જશે અને દોઝખ—વાળાઓની ગમીમાં વધારો થઈ જશે. (બુખારી—મુસ્લિમ)

જન્નતની ઔરત

(૩) આં હઝરત (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ હિદાયત કરી : અલ્લાહના રસ્તામાં સવારે અથવા સાંજે નીકળવું દુનિયા અને તેની બધી વસ્તુઓથી ઘણું સારું છે અને જો જન્નતવાળાઓની કોઈ ઔરત જમીનની બાજુ (તરફ) ઝાંકી લે તો તેની ખૂબસૂરતીના કારણે પશ્ચિમ અને પૂર્વ રોશન થઈ જાય અને પૂર્વથી પશ્ચિમ સુધી બધા વિસ્તારને સુગંધિત કરી દે અને તેની ઓઢણી દુનિયા અને જે કંઈ દુનિયામાં છે, બધાથી સારી છે.

નોટ : ફી સબીલિલ્લાહ (અલ્લાહના રસ્તા)થી મતલબ જિહાદ, ઈલ્મની તલાશ અને કુર્આન શરીફના તર્જુમાના માટે

અથવા તબ્લીગના માટે ઘરથી નીકળવું છે.

(૪) હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ હિદાયત કરી : પહેલી જમાઅત જે જન્નતમાં દાખલ થશે તેમના ચહેરા ચૌદમી રાતની જેમ ચમકદાર હશે અને આ ચહેરા અમ્બિયા અલયહિમુસ્સલામના હશે અને બીજી જમાઅતની શકલો ચમકદાર તારાઓની જેમ હશે. દરેક માણસ માટે બે–બે બીવીઓ હશે, જેમની આંખોની સફેદી ઘણી જ સફેદ અને તેમની ભ્રમરો ઘણી જ કાળી હશે અને તેની આંખો ઘણી જ પહોળી હશે. દરેક બીવીના ઉપર સિત્તેર (૭૦) કપડાં (જન્નતી પોશાક) હશે. તેમની પિંડલીઓનો અંદરનો ગુદો (માંસલ) પાકીઝગી અને નરમીના કારણે હાડકાં અને ગોશ્તની બહાર આરપાર નજર આવશે. હંમેશા સવાર–સાંજ આ જન્નતી લોકો અલ્લાહ તઆલાને યાદ કરશે. ન તે બીમાર થશે, ન પેશાબ–પાખાનું કરશે, ન થૂંકશે અને ન નાક સાફ કરવાની જરૂરત પડશે. એમના વાસણો સોના અને ચાંદીના હશે. એમની અંગીઠી (સગડી)ના કોલસા ઊદ (અગર) હશે અને એમના પરસેવાની ખુશ્બૂ મુશ્કની જેમ હશે. બધા જ આપસમાં અખ્લાકવાળા હશે અને તેમના ચહેરા પોતાના બાપ હઝરત આદમ (અલૈ.)ની જેમ હશે અને તેમના કદ આસમાનમાં સાઠ (૬૦) હાથના હશે :

(બુખારી વ મુસ્લિમ શરીફ)

(૫) હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે જન્નતમાં એક મજલિસ હશે, જેમાં હૂરો એવી સારી અવાજથી ગાશે કે આવો અવાજ મખ્લૂકે આથી પહેલાં કદી ન સાંભળ્યો હશે અને એમનું ગીત આ હશે;

તર્જુમો : અમે હંમેશા હંમેશ રહીશું, કદી હલાક ન થઈશું.

અમે આરામ દેવાવાળીઓ છે, કદી સુસ્તી ન કરીશું. અમે રાઝી અને ખુશ રહેવાવાળીઓ છે અને નારાજ ન થઇશું. મુબારકબાદી છે તે માણસના માટે જેના માટે અમે છીએ અને તે અમારા માટે છે. (તિરમિઝી)

હૂર તે ઔરતને કહે છે જેમની આંખોની સફેદી ઘણી ચમકતી અને ભંવ ઘણી વધારે કાળી હોય એનો અર્થ ફરાખ ચશ્મ એટલે કે મોટી મોટી આંખોવાળી.

(૬) હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે જન્નતી મર્દ જન્નતમાં સિત્તેર (૭૦) તકિયાઓ પર એવી રીતે આરામ કરશે કે એક પાસાથી બીજું પાસું બદલશે તો એ મુદ્દતમાં જાત જાતના તકિયા પર માથું લગાવશે. આ દરમિયાનમાં એક ઔરત આવશે અને મુહબ્બત કરતી તે મર્દના ખભા પર હાથ મારશે. તે મર્દ મોઢું ફેરવીને જોશે તો તે ઔરતના ગાલ અરીસાથી વધારે ચમકદાર અને સાફ હશે અને તે માણસને તેના મોઢામાં પોતાનો ચહેરો નજર આવશે અને તે ઔરતના કપડાંની આ હાલત હશે કે તેમાં જે મોતી લાગેલાં હશે તેમાં ઓછા દરજાના મોતીની હાલત આ હશે કે જો તે મોતી દુનિયામાં કોઇ વખત હાજર હોય તો પોતાની ચમકથી પૂર્વથી પશ્ચિમ સુધીને રોશન કરી આપે અને પછી સૂર્યની જરૂરત ન રહે. તે વખતે આ ઔરત આ જન્નતી મર્દને સલામ કરશે. આ મર્દ તેની સલામનો જવાબ આપીને પૂછશે કે તું કોણ છે ? તે જવાબ આપશે કે અલ્લાહ તઆલાએ જન્નતની બાકી નેઅમતો ઉપરાંત આ નાચીઝને તમારી સેવા માટે મોકલી છે, જે પ્રમાણમાં આપનો હક હતો તે તો આપને મળી ગયો. હવે અલ્લાહ તઆલાએ વધારે મને આપી છે અને ઔરતના ઉપર રંગ રંગના સિત્તેર (૭૦) કપડાં એવા બારીક હશે કે તે મર્દની નજર એ કપડાંથી

પસાર થઈને તેના શરીર પર એવી રીતે પડશે, જેવી રીતે કે ખુલ્લા શરીર પર પડે છે અને તે ઔરતના શરીર અને ચામડીની પાકીઝગીની હાલત આ હશે કે તેની પિંડલીની નરમી (ગલી) તે કપડાંના અંદરથી નજર આવશે અને આ ઔરતના માથા પર એવો કિંમતી તાજ હશે, જેનું ઓછા દરજાનું મોતી પૂરી દુનિયાને રોશન કરી આપે. (મુસ્નદે અહમદ)

સવાલ : પહેલા તો સિત્તેર કપડાં, પછી ચામડી, પછી ગોશ્ત અને પછી હાડકાંના વચમાંથી નરમી (ગલી) કેવી રીતે જોઈ શકાય ?

જવાબ : આજના યુગમાં એક સાધન ચાલ્યું છે, જેને ડોક્ટરો એક્સ–રે કહે છે. તેને લગાવીને શરીરના અંદરની બધી વસ્તુ હાડકું અને તેની નરમી (ગલી) સુધી દેખાય જાય છે. તો શું અલ્લાહ તઆલા દુનિયાના માણસોથી પણ લાચાર છે ?

જન્નતના મર્દની તાકાત

(૭) હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ હિદાયત કરી કે જન્નતી મર્દને જન્નતમાં એટલી તાકાત આપવામાં આવશે (જે બોત્તેર ઔરતોના) માટે બસ હશે. સહાબએ કિરામ (રદિ.)એ ગુઝારિશ કરી કે યા રસૂલલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ! આટલી ઔરતોથી સંભોગ કરવાની આ મર્દમાં તાકાત હશે ? આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, જ્યારે તેને સો (૧૦૦) મર્દોની તાકાત આપવામાં આવશે તો પછી આટલી ઔરતોથી સંભોગ કરવાની તાકાત કેમ ન હશે. (તિરમિઝી શરીફ)

(૮) જનાબ રસૂલે મકબૂલ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ હિદાયત કરી : જો જન્નતની વસ્તુઓમાંથી નખની બરાબર દુનિયામાં જાહેર થઇ જાય તો બધી જમીનને સંવારી દે અને જો એક જન્નતી માણસ દુનિયામાં જુએ અને તેના કપડાં દુનિયામાં જાહેર થઇ જાય તો તેની રોશની સૂરજની રોશનીને ખતમ કરી દે અને તેની રોશનીમાં એવી રીતે છુપાઇ જાય કે જેવી રીતે સૂરજ નીકળીને તારાઓને છુપાવી દે છે અને તારાઓની રોશની સૂરજ નીકળતાં જ છુપાઇ જાય છે.

(૯) હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે જન્નતી મર્દોના ચહેરા પર દાઢી ન હશે, જેવી રીતે નવી નવી જવાનીમાં ગાલો પર વાળ નથી નીકળતા. તેમની આંખો કુદરતી સુર્મગીં (એટલે કે કુદરતી જ સુરમો લાગેલી) હશે. તેમની જવાની ખતમ ન થશે. તેમનાં કપડાં જૂનાં અને મેલા ન થશે. (તિરમિઝી શરીફ, દારમી)

કારણ કે હદીસમાં "કુહલી"નો શબ્દ આવ્યો છે અને મકહલ તેને કહે છે, જે પલકોની જડો (મૂળ) કુદરતી કાળી હોય અને જોવાવાળાને ખબર પડે કે તેણે સુરમો લગાવેલો છે અને ઝુર્દુનનો અર્થ એ છે કે તેના શરીર પર બિલકુલ વાળ ન હોય અને મુર્દુનનો અર્થ તે છોકરા છે, જેમની દાઢી ન આવી હોય.

(૧૦) હઝરત મુઆઝ બિન જબલ (રદિ.) ફરમાવે છે : હુઝૂર સરદારે દો આલમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ હિદાયત કરી કે જન્નતી લોકો જન્નતમાં એવી રીતે દાખલ થશે કે એમના શરીર પર કોઇ વાળ ન હશે. પૂરા શરીરની ચામડી સાફ હશે. એટલે કે શરીરના કોઇ પણ ભાગ પર વાળ ન હશે, ન છાતી પર, ન બગલોમાં, ન બીજી જગ્યાએ અને

ચહેરા પર દાઢી ન આવી હશે. આંખો કુદરતી સુરમો લગાવેલી ખબર પડશે. એમની ઉંમર ત્રીસ (૩૦)થી તેત્રીસ (૩૩) વર્ષની હશે. અહિંયા હઝરત મુઆઝ (રદિ.) ભૂલી ગયા કે આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ત્રીસ (૩૦) વર્ષની ઉંમર કહી અથવા તેત્રીસ (૩૩) વર્ષની. (તિરમિઝી)

નીચા દરજાનો જન્નતી

(૧૧) હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે નીચા દરજાનો જન્નતી તે માણસ હશે કે તેના માટે એંસી (૮૦) હજાર સેવા કરવાવાળા હશે અને બોતેર (૭૨) બીવીઓ હશે અને તેના માટે એક તંબૂ લગાવવામાં આવશે. તે મોતી અને ઝબરજદ અને યાકૂત (મોતીનું નામ છે)નો બનેલો હશે અને આ તંબૂની લંબાઇ અને પહોળાઇ એટલી હશે જેટલી જાબિયહથી લઇને સન્આ સુધી. જાબિયહ એક શહેર છે શામ (દેશ)માં અને સન્આ યમન (શહેર)માં એક જગ્યા છે. નીચા દરજાના જન્નતીનો તંબૂ લંબાઇ અને પહોળાઇમાં એટલો હશે જેવી રીતે કે જેટલી દૂરી યમન અને શામની વચમાં છે.

નીચા દરજાના જન્નતીથી અલ્લાહની ત્રણ વાતો

(૧૨) જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, જન્નતમાં નીચો દરજો આ હશે કે અલ્લાહ તઆલા તે જન્નતીને ફરમાવશે, જે તારી તમન્ના હોય તે માંગ. હવે આ માણસ જે પ્રમાણમાં પણ તેની તમન્ના હશે તે બધું જ માંગી લેશે. આથી અલ્લાહ તઆલા બે વખત

ફરમાવશે કે જન્નતી ! જે તારી તમન્નાઓ હતી તે તેં માંગી લીધી ? તે અરજ કરશે કે હું બધું જ માંગી ચૂક્યો. ત્રીજી વખતે અલ્લાહ ફરી ફરમાવશે કે તારા માટે તે બધી વસ્તુઓ છે જેની તેં તમન્ના કરી, પરંતુ એની સાથે સાથે આટલી જ બીજી પણ અમારા તરફથી એટલે કે એક તારા માંગવા પર અને એક પોતાના તરફથી ઉમેરીને તેને ડબલ કરી આપ્યું. (મુસ્લિમ શરીફ)

(૧૩) આં હઝરત (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, નીચા દરજાનો જન્નતી તે માણસ હશે જે પોતાના બગીચાઓ, પોતાની ઔરતો, પોતાની નેઅમતો અને પોતાની સેવા કરવાવાળાઓને, પોતાના આરામ કરવાના તખ્તોને એક હજાર વર્ષની દૂરીથી જોશે. એટલે કે ઓછા દરજાના જન્નતીની માલિકી જન્નતમાં એટલી પહોળી હશે, જેનો વિસ્તાર એક હજાર વર્ષનો હશે. (તિરમિઝી શરીફ)

જન્નતનું બજાર

(૧૪) જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, જન્નતમાં એક બજાર લગાવવામાં આવશે અને જન્નતી લોકો દરેક જુમ્આના દિવસે તે બજારમાં આવતા રહેશે અને જે જે વખતે આ લોકો બજારમાં આવશે તો ઉત્તરી (બાજુથી) હવા ચાલીને તેમના ચહેરાઓ અને કપડાંઓ પર જાત જાતની ખુશબૂઓ છાંટી દેશે અને આ હવાની ખાસ અસર આ હશે કે આ હવાના લાગવા પછી લોકો પહેલાંથી વધારે ખૂબસૂરત હસીનો–જમીલ થઈ જશે અને જ્યારે આ લોકો અહિંયાથી મુત્મઈન થઈને પોતપોતાનાં મકાનોમાં પાછા જશે તો ઘરવાળા તઅજ્જુબની સાથે તે લોકોને કહેશે કે તમે તો અહિંયાથી જઈને ઘણાં જ ખૂબસૂરત થઈ ગયા છો. (છેવટે એનું કારણ શું છે ?) આ લોકો કહેશે

કે અલ્લાહની કસમ ! અમારી ગેરહાજરીમાં તમારો હુસ્નો–જમાલ પણ ઘણો જ ખૂબસૂરત થઈ ગયો (તેનું શું કારણ છે ?) ઘરવાળાઓની ખૂબસૂરતીનું કારણ પણ કદાચ તે હવા હશે, જેણે મર્દોને ખૂબસૂરત બનાવી આપ્યા હતા.

(મુસ્લિમ શરીફ)

(૧૫) હઝરત અલી (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે જન્નતમાં એક બજાર હશે, પરંતુ એમાં કોઈ જાતનું ખરીદ–વેચાણ ન થશે. એમાં મર્દોની શકલો–સૂરતોના સિવાય બીજું કંઈ પણ ન હશે. બસ, જ્યારે કોઈને કોઈ ચહેરો સારો લાગશે તો તે જન્નતી તેમાં દાખલ થઈ જશે અથવા આનો અર્થ આ છે કે જે ચહેરો પણ એને પસંદ હશે, એવી શકલ તેની કરી આપવામાં આવશે. (તિરમિઝી શરીફ)

(૧૬) સઈદ ઈબ્ને મુસય્યિબ (રદિ.)એ હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી મદીના મુનવ્વરહના બજારમાં મુલાકાત કરી. આથી અબૂ હુરયરહ (રદિ.)એ ફરમાવ્યું કે સઈદ ! હું દુઆ કરું છું કે અલ્લાહ તઆલા તારી અને મારી આવી રીતે જન્નતના બજારમાં મુલાકાત કરાવે અને આપણા બન્નેને ત્યાં ભેગા કરાવી દે. આથી હઝરત સઈદ (રદિ.)એ અરજ કરી કે શું જન્નતમાં પણ બજાર હશે ? અબૂ હુરયરહ (રદિ.)એ ફરમાવ્યું : હા, જરૂર હશે. મને રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ખબર કરી કે જન્નતવાળા જ્યારે જન્નતમાં દાખલ થશે તો પોતપોતાના અમલોના પ્રમાણે પોતાની મંઝિલોમાં થોભશે, જેમના અમલ વધારે અને સારા હશે તેમના દરજા પણ ઊંચા અને ઘણા મોટા હશે. પછી દર અઠવાડિયે જુમ્આના દિવસે આ લોકોને હુકમ આપવામાં આવશે કે પોતપોતાની જગ્યાએથી નીકળે. આ લોકો હુકમ

સાંભળતાંની સાથે પોતપોતાની મંઝિલોથી બહાર નીકળશે અને પોતાના પાલનહારની ઝિયારતનું ગૌરવ હાસિલ કરશે અને તે દિવસે અલ્લાહ તઆલા પોતાની મહેરબાનીથી તેમને માલામાલ કરશે અને અલ્લાહ તઆલા જન્નતના સૌથી મોટા બગીચામાં સભા કરશે અને ત્યાં હેસિયતના પ્રમાણે અલગ અલગ જાતની ખુરશીઓ લગાવવામાં આવશે. અમુક તો નૂરની બનેલી હશે, અમુક મોતીઓની અને અમુક યાકૂતની બનેલી, અમુક ઝુમુર્રદ (લીલા કલરનો કિંમતી પથ્થર)ની બનેલી હશે અને પોતાના દરજ્જાના પ્રમાણે દરેક જન્નતી તે ખુરશીઓ પર બેસી જશે અને બધાથી નીચા દરજ્જાના જન્નતી મુશ્ક અને કાફૂરની ટેકરીઓ પર બેસશે અને ખૂબી આ હશે કે ટેકરીઓ પર બેસવાવાળી કૌમને આ પણ ખબર ન હશે કે ખુરશીઓ પર બેસવાવાળા લોકો અમારાથી ઊંચા દરજ્જામાં છે અથવા અમે. એટલા માટે કે જન્નતમાં દરેક માણસ પોતપોતાના રહેઠાણ અને મરતબા પર ખુશ અને શુક્રિયા અદા કરવા–વાળો હશે અને એનાથી ઊંચા દરજ્જાની તમન્ના પણ ન કરશે. એના પછી હઝરત અબૂ હુરયરહ (રદિ.) ફરમાવે છે કે મેં હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને ગુઝારિશ કરી કે અમે પોતાના પરવરદિગારને જોઈશું ? આપે ફરમાવ્યું કે હા, જરૂર જોશો. શું તમે સૂરજ અને ચૌદમી રાતના ચાંદને જોવામાં શક કરો છો ? મેં ગુઝારિશ કરી કે નહીં. આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું; એવી જ રીતે તમે પોતાના પરવરદિગારને જોવામાં શક ન કરશો, અને તે મજલિસમાં કોઈ પણ એવો ન હશે, જેનાથી અલ્લાહ તઆલા કોઈ વાસ્તા વગર વાતચીત ન કરશે અને સામ સામે બિલકુલ પરદા વગર હાજર હશે અને તે દરમિયાનમાં એક આદમીને ફરમાવશે કે હે ફલાણાના છોકરા ફલાણા ! શું તને તે દિવસ યાદ છે, જેમાં તેં આ ફલાણી વાત કહી હતી ? અને પછી અલ્લાહ તઆલા

તે માણસને તેની અમુક તે અહદ (વચન) તોડવાનું યાદ અપાવશે, જે તેણે દુનિયામાં કરી હતી. બસ, આ ગુઝારિશ કરશે કે અય અલ્લાહ ! શું તેં મારા ગુનાહ માફ નથી કરી આપ્યા ? હુકમ થશે કે કેમ નહીં. મારી માફીની વુસ્અત અને પહોળાઈના કારણે તું આ દરજા પર પહોંચ્યો. આ દરમિયાનમાં તેમના ઉપર એક વાદળ આવશે અને એવી ખુશ્બૂ (સુગંધ)નો વરસાદ વરસાવશે કે આ વખત સુધી કદી એવી સુગંધ કોઈએ ન સૂંઘી હશે અને આ વરસાદના દરમિયાન હુકમ થશે કે ઊભા રહો અને આવો એ વસ્તુની તરફ, જે મેં તમારા માટે તૈયાર કરી રાખી હતી અને જે વસ્તુને તમારું દિલ પસંદ કરે, સંકોચ વિના તેને લઈ લો. આ હુકમને સાંભળતાં જ અમે એક બજારમાં આવીશું, જેની ચારેવ બાજુ ફરિશ્તા ઊભેલા હશે અને આ બજારમાં અમે એવી એવી વસ્તુઓ જોઈશું, જે આ વખત સુધી ન આંખોએ જોઈ હશે અને ન કાનોએ સાંભળી હશે અને ન દિલોમાં એનો ખ્યાલ આવ્યો હશે અને આ પછી અમારી પસંદની વસ્તુઓ અમને મફત આપી દેવામાં આવશે, કારણ કે આ બજારમાં ખરીદ અને વેચાણ ન હશે અને આ બજારમાં જન્નતવાળા એક બીજાથી મુલાકાત કરશે અને એક ઊંચા દરજાવાળો માણસ પોતાનાથી નીચા દરજાના જન્નતીથી મુલાકાત કરશે અને તેને પોતાનો લિબાસ આ અદના દરજાના જન્નતીના મુકાબલામાં સારો ન લાગશે, પરંતુ તરત જ ખબર પડશે કે મારો વિચાર ખોટો છે અને તેનાથી વધારે ખૂબસૂરત નથી અને આ વિચારનું બદલવું એ કારણથી હશે કે એને ગમ ન થાય અને બીજાને મોટાઈ ન થાય. આ પછી અમે પોતપોતાનાં ઘરોમાં પહોંચીશું તો અમારી ઔરતો અમારાથી મુલાકાત કરીને કહેશે, "મરહબંવ્ વ અહ્‌લા" તમે આટલા ખૂબસૂરત થઈને કેવી રીતે આવ્યા, જ્યારે તમે અમારી પાસેથી ગયા હતા તો તે વખતે

આટલા હસીન અને જમીલ ન હતા. એના જવાબમાં અમે લોકો કહીશું કે અમને આજે અલ્લાહની નઝદીકીની ખુશનસીબી હાસિલ થઇ છે. બસ, તેની નઝદીકી અને દોસ્તી તેના લાયક છે કે અમે તે ખૂબસૂરત હાલતમાં તમારી પાસે પાછા ફરીએ.

જન્નતી મર્દ અને ઔરતો

(૧૭) રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે જન્નતમાં પહોંચીને જન્નતવાળા મર્દ અને ઔરત જન્નતમાં ખાશે–પીશે, પરંતુ ખાવા છતાં આ લોકો ન થૂંકશે, ન પેશાબ કરશે, ન પાખાનું કરશે, ન એમને નાક સાફ કરવાની જરૂરત પડશે. સહાબા (રદિ.)એ દરખ્વાસ્ત કરી કે ખાવાનું (પાખાનું) શરીરથી કેવી રીતે નીકળશે ? આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, એની બે રીત હશે, પહેલી ડકાર આવશે, બીજું એમને મુશ્કની જેમ સુગંધિત પરસેવો આવશે અને પાખાનું આ બન્નેના વાસ્તાથી શરીરથી બહાર નીકળી જશે અને આ લોકોથી તસ્બીહ અને અલ્લાહના વખાણ એવી રીતે બેકાબૂ શરૂ થશે, જેવી રીતે શ્વાસ કોઈ તકલીફ વગર આપોઆપ નીકળતો રહે છે. (મુસ્લિમ શરીફ)

જન્નતવાળાઓથી ચાર વાતો

(૧૮) જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે (જયારે જન્નતી લોકો જન્નતમાં પહોંચી જશે) તો એક અવાજ દેવાવાળો તેમને અવાજ આપશે : (૧) અય જન્નતવાળાઓ ! તમે લોકો હંમેશા હંમેશ તંદુરસ્ત રહેશો અને કદી પણ બીમાર ન થશો, (૨) અને તમે

જીવતા રહેશો અને તમારા પર કદી પણ મૌત ન આવશે, (૩) અને તમે લોકો હંમેશા હંમેશ જવાન રહેશો. કોઈ વખત પણ ઘરડા ન થશો, (૪) તમારા માટે ફેંસલો છે કે તમે હંમેશા સુકૂન અને આરામમાં રહો અને કદી તકલીફ અને મુસીબત ન જુઓ. (મુસ્લિમ શરીફ)

જન્નતમાં દાખલ થવાવાળાઓના દિલ

(૧૯) જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જન્નતમાં ઘણી કૌમો એવી રીતે દાખલ થશે કે એમનાં દિલ પક્ષીઓનાં દિલની જેમ નરમ અને સાફ એટલે કે દુશ્મની વગર અને દરેક પ્રકારની ખોટથી પાક હશે. (મુસ્લિમ શરીફ)

જન્નતવાળાઓ સાથે અલ્લાહની ખાસ વાતો

(૨૦) જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે અલ્લાહ તઆલા જન્નતી મર્દો અને ઔરતોને અવાજ આપીને કહેશે કે અય જન્નતવાળાઓ ! આના જવાબમાં જન્નતવાળાઓ "લબ્બૈક" કહેશે, એટલે કે અય અમારા પાલનહાર ! અમે તારા દરબારમાં હાજર છે અને ભલાઈ તારા કબજા અને કુદરતમાં છે. જેને ચાહે તું અતા કરી દે અને જેને ચાહે ન દે, કારણ કે તું માલિક છે. તે વખતે અલ્લાહ તઆલા તે જન્નતવાળાઓને હિદાયત કરશે : "શું તમે લોકો મારાથી રાજી છો !" જન્નતી લોકો અરજ કરશે કે અય અમારા પાલનહાર ! તારાથી રાજી ન થઈશું તો કોનાથી

રાજી થઈશું ? કારણ કે તેં તો અમને તે વસ્તુઓ પોતાના ફઝલો કરમથી અતા કરી, જે પોતાની મખ્લૂકમાંથી કોઈને પણ નથી આપી. આથી અલ્લાહ તઆલા હુકમ કરશે કે શું આનાથી સારી અને ઊંચી વસ્તુ તમને ન આપું ? જન્નતવાળા અરજ કરશે, અય અમારા પરવરદિગાર ! આ નેઅમતોથી વધારે કઈ વસ્તુ સારી હશે (જે તેં અમને જન્નતમાં આપેલી છે. એટલે કે દરેક પ્રકારની ખાવાની વસ્તુઓ, સારા સારા લિબાસ, ઊંચા ઊંચા ઘરો અને બગીચા વગેરે) આથી અલ્લાહ તઆલા શાનુહૂ હિદાયત કરશે : હું તમને પોતાની રઝામંદીનો પરવાનો આપું છું અને હવે કદી પણ તમારાથી નારાજ ન થઈશ. એટલે કે અલ્લાહ તઆલાની રઝામંદીનો પરવાનો એટલો કિંમતી છે કે જન્નતની બધી નેઅમતોની એના મુકાબલામાં કંઈ જ હેસિયત નથી અને બેકિંમત છે.

(૨૧) રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે જે વખતે જન્નતી લોકો પોતાની નેઅમતોમાં મશગૂલ હશે. અચાનક એમના માટે એક નૂર જાહેર થશે તો આ લોકો પોતાનું માથું ઊંચકશે. એટલા માટે કે આ નૂરને જુએ. બસ, જોશે કે પરવરદિગારે ઉપરથી આ લોકો પર પોતાની તજલ્લી નાખી છે. તે વખતે અલ્લાહ રબ્બુલ ઇઝઝતની પહેલી વાત આ હશે : "અસ્સલામુ અલયકુમ યા અહ્લલ્ જન્નહ" અને આ તે જ સલામ હશે, જેનો વાયદો કુર્આન શરીફમાં આ રીતે કરવામાં આવ્યો; સલામુન્ કવ્લમ્ મિર્રબ્બિર્રહીમ. (સૂરએ યાસીન, પારહ ૨૩)

આ પછી રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું; પછી અલ્લાહ તઆલા આ લોકો તરફ મુહબ્બતથી જોશે અને (આ રીતે) આ લોકો પણ ખુલ્લમ ખુલ્લા કોઈ પરદાના વગર અલ્લાહ તઆલાને જોશે અને અલ્લાહના

દીદારની આ લોકો પર આ અસર હશે કે જ્યાં સુધી એમની નજરોની સામે અલ્લાહનો દીદાર રહેશે, જન્નતની કોઈ નેઅમતના તરફ બિલકુલ જ ધ્યાન ન આપશે. જો કે દીદારે ઈલાહીમાં એટલા મશગૂલ થઈ જશે કે જન્નતની બધી નેઅમતો ભૂલી જશે. આ પછી અલ્લાહ તઆલા પોતાનું નૂર એટલે કે પોતાની જાતની વચમાં પાછા પરદા નાખી આપશે અને આ લોકોની નજરોથી છુપાઈ જશે, પરંતુ આ નૂરની અસર અને જોવાની હાલત અને લઝઝત હવે પણ બાકી રહેશે. (ઇબ્ને માજહ)

સવાલ : હંમેશા હંમેશ એમને જોવાનો જમાલ કેવી રીતે બાકી રહેશે, જયારે કે તે બધી નેઅમતોથી વધારે ઊંચી નેઅમત હશે ?

જવાબ : આ પણ અલ્લાહ તઆલાનું મોટું એહસાન છે, કારણ કે જન્નતની ઉમ્દગી હોવા છતાં પણ અલ્લાહ તઆલાનો જમાલ કોઈ તઅલ્લુક વગર જોવાની ઈન્સાનોમાં તાકાત હશે એટલા માટે થોડી ઘડીઓના માટે પોતાનો દીદાર કરાવ્યો. પછી જન્નતની નેંઅમતોમાં લગાવ્યા. આથી દરેક વખતે નવી મજા એમને હાસિલ થઈ. સૂર્ય દરરોજ નીકળે છે. એને કોઈ પણ શોખના સાથે નથી જોતું, પરંતુ ઈદનો ચાંદ વર્ષમાં એક વખત નીકળે છે તો કેટલા શોખથી એને જુએ છે.

જન્નતનો ઊડવાવાળો ઘોડો

(૨૨) હઝરત અબૂ અય્યૂબ અન્સારી (રદિ.) ફરમાવે છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની પાસે એક ગામડિયો માણસ આવીને કહેવા લાગ્યો કે યા રસૂલલ્લાહ

(સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! હું ઘોડાઓનો ઘણો શોખીન છું. શું જન્નતમાં ઘોડાઓ પણ હશે ? આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જો તું જન્નતમાં દાખલ થયો તો તને યાકૂત (એક કિંમતી પથ્થર)નો બનેલો એક ઘોડો આપવામાં આવશે અને તેની બે પાંખો હશે. પછી તને એના ઉપર સવાર કરાવવામાં આવશે અને પછી તું જે જગ્યાએ ઇચ્છશે તને ઉડાવીને લઇ જશે. (તિરમિઝી શરીફ)

જેવું કે આ જન્નતનું હવાઇ જહાઝ હશે, પરંતુ આપણા ત્યાંના હવાઈ જહાઝની શકલ માછલીની જેમ હોય છે અને જન્નતના હવાઈ જહાઝની શકલ ઘોડાની જેમ હશે. આ હવાઈ જહાઝ એલ્યુમિનિયમનું બનેલું હોય છે, તે જહાઝ યાકૂતનું હશે. પછી તઅજ્જુબ કઇ વસ્તુનો. અમુક નાસ્તિકોને આ હદીસનો મતલબ સમજમાં ન આવતો હતો અને જાત જાતના શક હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર કર્યા કરતા હતા, પરંતુ હવાઈ જહાઝની શોધે આ જાહેરી ઈબાદત કરવાવાળાઓને ચૂપ કરી દીધા.

જન્નતનાં ઝાડ

(૨૩) જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે જન્નતમાં કોઇ પણ ઝાડ એવું ન હશે, જેનું થડ સોનાનું ન હોય. (તિરમિઝી શરીફ)

અને દરેક ઝાડની ડાળીઓ અલગ અલગ છે. કોઇની સોનાની તો કોઇની ચાંદીની, કોઇની યાકૂતની અને કોઇની ઝુમુર્રદની અને કોઇ ઝાડની મોતીની અને જાત જાતની કંટીઓ અને અલગ અલગ ફળોથી એમને સજાવવામાં આવ્યાં છે

અને દરેક ઝાડની નીચે નહેર ચાલુ હશે.

(મઝાહિરે હક, જિલ્દ ૪, સફા : ૪૩૮)

(૨૪) હઝરત અબૂ બક્ર સિદ્દીક (રદિ.)ના સાહિબઝાદી હઝરત અસ્મા (રદિ.) ફરમાવે છે કે એક વખતે હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની મજલિસે મુબારકમાં સિદ્‌રતુલ મુન્તહાનો ઝિક્ર આવ્યો તો આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે તે એટલું મોટું છે કે જો તેજ ચાલવાવાળો સવાર તેની ડાળીઓના છાંયડામાં ચાલે તો સો વર્ષમાં તેના છાયડાને પૂરો કરે અને આ ઝાડ પર સોનાના તીડો છે. કદાચ આ તીડોથી મુરાદ નૂરાની ફરિશ્તાઓ હોય, જે આ ઝાડ પર અલ્લાહ તઆલાની તારીફ અને વખાણમાં લાગેલા રહેલા છે અને એમના ચમકદાર પળો (પાંખો)ને સોનાના તીડોથી ઉદાહરણ આપવામાં આવ્યું હોય અને તેનાં ફળ એટલા મોટા છે કે જેટલું માટલું હોય છે.

(તિરમિઝી શરીફ)

સિદ્‌રતુલ મુન્તહા એક ઝાડનું નામ છે, જેની શરૂઆત છઠ્ઠા આકાશથી છે અને એ સાતમા આકાશ પર પૂરી થાય છે. લગભગ ૩ ઈંચ સિદ્‌રતુલ મુન્તહાની લંબાઈ છે અને પાંચ સો (૫૦૦) વર્ષનો રસ્તો છે અને આ જગ્યા પર અવ્વલીન લોકો અને આખિરીનનો ઈલ્મ પૂરો થઈ જાય છે અને આના ઉપરનો ઈલ્મ મખ્લૂકમાંથી કોઈને પણ નથી અને ન ત્યાંથી ઉપર કોઈ ફરિશ્તો જઈ શકે છે અને આ જિબ્રઈલ (અલૈ.)ની જગ્યા છે. આના ઉપર તે પણ નથી પહોંચી શકતા, પરંતુ આપણા સરદાર મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) આ જગ્યાથી પણ ઊંચે અને એવી જગ્યાએ પહોંચ્યા, જ્યાં ન કોઈ પયગમ્બર પહોંચ્યા, ન કોઈ ફરિશ્તો પહોંચ્યો. વ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ.

(૨૫) જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે દોઝખી મુસલમાન ફકીરોની જેમ જન્નતવાળાઓના રસ્તામાં સફ બાંધીને (લાઈન બનાવીને) ઊભા હશે. અચાનક એમની સામેથી એક દોઝખી ગુનેહગાર મુસલમાન શોર કરવા લાગશે કે અય ફલાણા ! એટલે કે એનું નામ લઈને એને અવાજ આપશે કે શું તમે મને નથી જાણતા ? હું તે માણસ છું, જેણે એક વખતે તમને દુનિયામાં પાણી પિવડાવ્યું હતું અને કોઈ આ હશે કે હું તે માણસ છું જેણે તમને વુઝૂ કરવાના માટે પાણી આપ્યું હતું. આ જન્નતી એનો ઇકરાર કરશે અને આ ઉપકારના બદલામાં તે જન્નતી મુસલમાન અલ્લાહ તઆલાને તેની સિફારિશ કરશે અને તેને જન્નતમાં દાખલ કરાવી આપશે. એટલે કે જો દુનિયામાં કોઈ ગુનેહગાર તકવાવાળા દીનદારો અને ઉલમા અને નેક લોકોની ખિદમત (સેવા) કરશે તો આ લોકો આ સેવાનું ફળ કિયામતના પછી આ પામશે કે આ હઝરાતની સિફારિશથી જન્નતમાં દાખલ થશે અને આ હદીસમાં હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ મુસલમાનોને શોખ અપાવ્યો છે કે ઉલમા અને સુલહાની સેવા કર્યા કરો. કદાચ તમે પોતાના (બુરા) આમાલના કારણથી જહન્નમમાં પહોંચી જાઓ તો તમારી સેવા તે વખતે કામ આવી જાય અને આ લોકોની સેવાના કારણે તમે પણ જન્નતમાં પહોંચી જાઓ અને આ લોકોની દોસ્તી પસંદ કરો અને ઉલમાની મુહબ્બત દિલથી કર્યા કરો, કારણ કે આ લોકોની દોસ્તી અને મુહબ્બત દુનિયાની ઝીનત (શણગાર) છે અને આખિરતનો છુટકારો અને નૂરાનિયતનો સબબ છે. (ઇબ્ને માજહ શરીફ)

જન્નતમાં ખેતી

હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની ખિદમતમાં ગામડામાં રહેવાવાળા એક સહાબી બેઠા હતા અને આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) આ વાત ફરમાવી રહ્યા હતા કે જન્નતીઓમાંથી એક માણસ અલ્લાહ તઆલાથી ખેતી કરવા ઈજાઝત હાસિલ કરશે. અલ્લાહ તઆલા ફરમાવશે કે શું તું આ (ભરપૂર) નેઅમતોમાં નથી, જે તારી ચાહતના પ્રમાણે મળી ગઈ છે. તે અરજ કરશે કે હા, (છે તો બધું જ) પરંતુ મારું દિલ ચાહે છે. (આ રીતે તેને ઈજાઝત આપવામાં આવશે.) તે જમીનમાં બીજ નાખશે અને ખેતર તૈયાર થઈને કપાઈ જશે અને પહાડોના બરાબર ઢગલા લાગી જશે. અલ્લાહ તઆલા ફરમાવશે કે, હે આદમના પુત્ર ! આ તો લઈ લે. તારી લાલચનું પેટ કોઈ વસ્તુ નથી ભરતી. હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)નો આ ઈરશાદ સાંભળીને ગામડિયા સહાબીએ ગુઝારિશ કરી કે ખુદાની કસમ ! તે માણસ કુરૈશી અથવા અન્સારી હશે, એટલા માટે કે આ લોકો ખેતી કરવાવાળા છે. અમારો ધંધો તો ખેતી નથી. (ભલા) અમે કેમ એવી દરખ્વાસ્ત કરવા લાગીએ ? આ વાત સાંભળીને રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને હસવું આવી ગયું.

જન્નતનાં પક્ષીઓ

જન્નતવાળાઓને ખાવાના માટે પક્ષીઓનો ગોશ્ત પણ મળશે, જેવી રીતે કે સૂરએ વાકિઅહમાં "વલહ્મી તયરિમ્ મિમ્મા યશ્તહૂન" ફરમાવ્યું છે. હઝરત અનસ (રદિ.)થી

રિવાયત છે કે રસૂલે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ હિદાયત કરી કે બેશક, જન્નતમાં લાંબી લાંબી ગરદનોવાળા ઊંટોના બરાબર પક્ષીઓ છે, જે જન્નતનાં ઝાડોમાં ચરે–ફરે છે. હઝરત અબૂબક્ર (રદિ.)એ ગુઝારિશ કરી કે યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! તે તો ઘણી જ સારી જિંદગીમાં છે. આં હઝરત (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ હિદાયત કરી કે એના ખાવાવાળા એનાથી પણ વધારે સારી જિંદગીમાં છે. ત્રણ વખતે આ જ ફરમાવ્યું, પછી હઝરત અબૂબક્ર (રદિ.)ને ખુશખબરી આપતા હિદાયત થઇ કે હું ઉમ્મીદ કરું છું કે તમે એ લોકોમાંથી હશો, જે આ પક્ષીઓને ખાશે. [આ રિવાયત અહમદ (રહ.)એ કરી, સહીહ સનદો સાથે].

હઝરત અબૂ ઉમામહ (રદિ.)એ ફરમાવ્યું કે જ્યારે કોઇ જન્નતીને પક્ષી ખાવાની તમન્ના થશે તો (આપોઆપ) પક્ષી એના સામે આવીને પડી જશે, જે તૈયાર હશે અને એના ટુકડા બનેલા હશે. એક હદીસમાં છે કે પક્ષી જન્નતીના દસ્તરખ્વાન પર આપોઆપ પડી જશે, જે આગ અને ધુમાડા વગર (બાફેલું અને તૈયાર હશે). જન્નતી એમાંથી એ પ્રમાણમાં ખાશે કે એનું પેટ ભરાઇ જશે. પછી તે પક્ષી ઊડી જશે. (જેવી રીતે કે તરગીબમાં ઇબ્ને અબીદુન્યાથી રિવાયત છે, તે હદીષ ઝઇફ છે.)

જન્નતવાળાઓની હસી–મજાક

સૂરએ તૂરમાં ફરમાવ્યું : "ત્યાં આપસમાં શરાબના પ્યાલાને છીનવી લેશે. (શરાબમાં નશો ન હશે, આથી એના પીવાથી) બકવાસ (બકબક) ન થશે અને ન કોઇ બેકાર વાત (અકલમંદીના ખિલાફ નીકળશે)."

આ ખેંચમતાણ હસી—મજાક અને દિલ્લગીના માટે હશે, કારણ કે ત્યાં કોઈના માટે કોઈ પણ વસ્તુની ઊણપ ન હશે, દોસ્તોમાં ખેંચમતાણ કરીને ખાવાથી મજા ડબલ થઈ જાય છે, જેવી રીતે કે ઈજતિમાઈય્યત (સામૂહિકતા)ના ખૂગર (ટેવ)વાળા જાણે છે.

હૂરે ઈનની ખાસ દુઆ શવહરોથી

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)થી રિવાયત છે કે નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે એમાં કોઈ શક નથી કે રમઝાનના માટે શરૂ વર્ષથી વર્ષ પૂરું થયા સુધી જન્નત શણગારવામાં આવે છે. બસ, જ્યારે રમઝાનનો પહેલો દિવસ હોય છે તો અર્શના નીચે હૂરે ઈન પર જન્નતના પાંદડાંઓની હવા ચાલે છે, જેનાથી મુતઅષ્ષિર થઈને તે આ દુઆ કરે છે કે અય અમારા પરવરદિગાર ! આપના બંદાઓમાંથી અમારા માટે એવા શવહર નક્કી કરી આપ, જેનાથી અમારી આંખો ઠંડી થાય.

(બયહકી, શુઅ્બુલ ઈમાન)

હઝરત મુઆઝ (રદિ.)નું બયાન છે કે રસૂલે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ હિદાયત કરી કે દુનિયામાં જે કોઈ અવરત પોતાના શવહરને તકલીફ આપે છે તો હૂરે ઈનમાંથી એની બીવી એને કહે છે; તારી ખરાબી થાય. એને તકલીફ ન આપ, કારણ કે તે તારી પાસે (અમુક) થોડાક દિવસનો મહેમાન છે. અનકરીબ (થોડા સમયમાં) તારાથી અલગ થઈને અમારી પાસે આવી જશે. (તિરમિઝી)

આ બન્ને હદીસથી માલૂમ થાય છે કે જેવી રીતે જન્નત અને તેની બીજી નેઅમતો હમણા મવજૂદ અને પેદા કરેલી

છે, હૂરે ઈન પણ મવજૂદ અને પેદા કરેલી છે. હાફિઝ મન્સૂરી (રહ.)એ અત્તરગીબ વત્તરહીબમાં ઉમ્મુલ મુઅ્મિનીન હઝરત સલમા (રદિ.)થી એક લાંબી રિવાયત નકલ કરી છે, જેમાં આ પણ છે કે હઝરત ઉમ્મે સલમા (રદિ.)એ ગુઝારિશ કરી કે યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! જન્નતમાં દુનિયાવાળી (મુઅ્મિન) અવરતો ફઝીલતવાળી હશે અથવા હૂરે ઈન ? આં હઝરત (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો કે દુનિયાવાળી (મુઅ્મિન) અવરતો હૂરે ઈનથી આ પ્રમાણમાં ફઝીલતવાળી હશે જેવી રીતે કે (લિહાફનું) ઉપરનું કપડું એના અંદરના નીચેના ભાગથી અસ્તરથી સારું હોય છે. હઝરત ઉમ્મે સલમા (રદિ.)એ ગુઝારિશ કરી કે યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! આ શા કારણથી ? આં હઝરત (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું; એટલા માટે કે દુનિયાવાળી અવરતો નમાઝ પઢે છે અને રોઝા રાખે છે. અલ્લાહ જલ્લ શાનુહૂની ઈબાદત કરે છે. હઝરત ઉમ્મે સલમા (રદિ.)એ ગુઝારિશ કરી કે યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! અમુક વખતે એક અવરત દુનિયામાં (એક પછી બીજા સાથે) બે અથવા ત્રણ–ચાર મર્દોથી નિકાહ કરી લે છે પછી એને મૌત આવી જાય છે. તે જન્નતમાં દાખલ થશે અને એના શવહર પણ એની સાથે જન્નતમાં હશે. (તો આ સૂરતમાં) એમાંથી કોણ એનો શવહર હશે ? આં હઝરત (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ જવાબ આપ્યો કે અય ઉમ્મે સલમા (રદિ.) ! એને અધિકાર આપી દેવામાં આવશે, જેની સાથે પસંદ કરે. બસ, તે તેને પસંદ કરી લેશે, જે એમાંથી અખ્લાકના એ'તિબારથી બધાથી સારો હતો અને કહેશે કે અય રબ ! દુનિયામાં આ તે બધાથી વધારે મારી સાથે અખ્લાક–વાળો હતો, આને મારું જોડું બનાવી દે. આ ફરમાવીને આં

હઝરત (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે અય ઉમ્મે સલમા (રદિ.) ! સારા અખ્લાક દુનિયા અને આખિરતની ભલાઇ લઇ ઊડયા. (આ રિવાયત સખત ઝઇફ રિવાયતોમાંથી પણ ઝઇફ છે).

આ રિવાયત સનદના એ'તિબારથી મજબૂત નથી. અમુક રિવાયતમાં આ પણ મળે છે કે દુનિયામાં જે અવરતે પહેલા શવહરના પછી નિકાહ કરી લીધા તે જન્નતમાં છેલ્લા શવહરને મળશે. જે પણ સૂરત હોય. દરેક હાલતમાં આ સાચું છે કે જન્નતી મર્દો અને અવરતોમાં કોઇ એવું ન હશે, જે વગર જોડાએ રહી જાય. (અમુક લોકો અકષર પૂછતા ફરે છે કે બે શવહરોવાળીનું શું થશે ? આ મસ્અલા પર ઇમાનનો મદાર તો નથી, જે મઅૂરિકતુલ આરા (મુશ્કિલ) બનાવવામાં આવે. (અલ્લાહ તઆલા જે નક્કી કરશે તે બધાના હકમાં સારું જ હશે.)

જન્નતમાં હૂરે ઈનનું ગીત

હઝરત અલી મુર્તઝા (રદિ.)થી રિવાયત છે કે રસૂલે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ હિદાયત કરી, જન્નતમાં હૂરે ઈનને ભેગા થવાની એક જગ્યા છે, જેમાં અવાજો બુલંદ કરે છે અને આ કહે છે કે અમે હંમેશા રહેવાવાળી છે, કદી પણ હલાક ન થઇશું. અમે હંમેશા સુકૂન અને આરામમાં રહીશું, કદી પણ મોહતાજ ન થઇશું. અમે (પોતાના શવહરોથી હમેશા) ખુશ રહીશું, કદી નારાજ ન થઇશું. એનું શું કહેવું જે અમારા માટે છે અને અમે એમના માટે છીએ. આ ગીત એવા ખૂબસૂરત અવાજમાં ગાય છે કે આવા અવાજો મખ્લૂકમાંથી કોઇએ નથી સાંભળ્યા.

(તિરમિઝી શરીફ)

મર્દોના માટે ઘણાં જ નિકાહ

જન્નતમાં એક મર્દને કેટલી બીવીઓ મળશે ? એના વિશે ઘણી જ રિવાયતો વારિદ થઇ છે. બુખારી શરીફની એક રિવાયતમાં છે કે : "લિકુલ્લિલ્મ્રિઈમ્ મિન્હ ઝવજતાનિ મિનલ્ હુરિલ્ ઈન" એટલે કે હૂરે ઈનમાંથી દરેક માણસની બે બીવીઓ હશે. હાફિઝ ઈબ્ને હજર (રહ.)એ ફત્હુલ બારીમાં તફસીલથી બહષ કરી છે અને ઘણી રિવાયત બહુવચનની છે. મુસ્નદે અહમદની એક રિવાયત નકલ કરી છે કે અદના જન્નતીના માટે દુનિયાની બીવીઓના સિવાય બોતેર (૭૨) બીવીઓ હશે. અબૂ યઅ્લાની એક રિવાયતમાં છે કે બે બીવીઓ આદમની અવલાદમાંથી હશે અને બોતેર (૭૨) તે હશે, જેમની તખ્લીક (પેદાઈશ) (તે દુનિયામાં) કરશે.

ઈબ્ને માજહની એક રિવાયતમાં છે કે બોતેર (૭૨) બીવીઓ હૂરે ઈનમાંથી અને બોતેર (૭૨) દુનિયાની અવરતોમાંથી મળશે. આના સિવાય બીજી પણ અમુક રિવાયતો ફત્હુલ બારીના લેખકે નકલ કરી છે. આ વિશેની રિવાયતો સનદથી પણ મજબૂત છે અને કમઝોર પણ છે. બધી જ રીતે આ મા'લૂમ થાય છે કે જન્નતીઓને બીજી નેઅમતોની સાથે વધારે બીવીઓની નેઅમતથી પણ નવાઝવામાં આવશે અને એવું તો કોઈ પણ ન હશે, જેને ઓછામાં ઓછી બે બીવીઓ ન મળે, જેવી રીતે કે હાફિઝ ઈબ્ને હજરે "વલ્લઝી યઝ્હરુ અન્નલ્ મુરાદ અન્ન અકલ્લ મા લિકુલ્લિંવ્ વાહિદિમ્ મિન્હુમ ઝવજતાન"ની છેલ્લી બહષમાં કહ્યું છે. બાકી રહ્યો ઈખ્તિલાફે અઅ્દાદ ? એ તો તફાઝુલે આ'માલ પર ગુમાન કરી શકાય છે. એટલે કે આવું કહી શકાય છે, પોતાનાને આ'માલના પ્રમાણે જે દરજાતમાં ઈખ્તિલાફ હશે. આ

ઇખ્તિલાફે દરજાતના કારણથી બીવીઓની ગણતરી પણ અલગ હશે. (અલ્લાહ તઆલા વધારે જાણનાર છે.)

અમુક લોકો આ પણ સવાલ કર્યા કરે છે કે એક મર્દને ઘણી જ બીવીઓ મળશે તો એક અવરતને કેટલા મર્દ મળશે ? આ સવાલ ઘણો જ બેકાર છે, કારણ કે મર્દના માટે ઘણી બીવીઓ હોવી નેઅમત છે અને અવરતના માટે ઘણા શવહર હોવું શરીફો– શરમ રાખવાવાળા અને ખુદારોના નઝદીક ઘણું જ ખરાબ છે. જ્યારે કે આવી બેહયાઇ દુનિયામાં પસંદ નથી કરવામાં આવતી તો જન્નતમાં કોણ પસંદ કરશે ? જન્નતી અવરતોની ખૂબી કુર્આન શરીફમાં "કાસિરાતુત્તરફિ" બયાન થઇ છે. તે નજરો નીચી રાખવાવાળી અને પોતાના શવહરોના સિવાય બીજા પર નજર નાખવાથી પરહેઝ કરવાવાળી. આ કહો કે તે તો એક શવહર પર રાજી થશે અને દિલોજાનથી કુરબાન થશે અને અહિંયાના લોકો જબરદસ્તી એમને વધારે શવહર અપાવવાની વકાલત કરી રહ્યા છે, જ્યારે કે એક શવહરથી જીવ ભરાયેલો છે અને દિલ લાગેલું છે તો બીજા શવહરની જરૂરત જ શું ? અફસોસ કે નાસમજ (દોષ શોધનાર) નુકતાચીની કરવાવાળાઓએ જન્નતી અવરતોને બદકાર અવરતો પર અંદાઝો કરી લીધો. જોઇતું તો આ હતું કે અવરતોના તરીકા પર પોતાની અવરતોને પર્દામાં બેસાડીને-કાસિરાતુત્તર્રફ અને મકસૂરાતિમ્ ફિલ્ ખિયામ બનાવતા, પરંતુ નાસમજ લોકોએ હૂરોથી પરદાનો સબક લેવાની જગ્યાએ ઊલટું આ કર્યું કે જન્નતી અવરતોના માટે બેહયાઇ નક્કી કરી દીધી.

જન્નતવાળાઓના તાજ

હઝરત અબૂ સઇદ ખુદરી (રદિ.)થી રિવાયત છે કે રસૂલે

અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ હિદાયત કરી કે જન્નતવાળાઓના ઉપર તાજ હશે, જેમાંથી અદના મોતી(ની ચમક) આ પ્રમાણે હશે કે પૂર્વ-પશ્ચિમની દરમિયાનની (ખાલી જગ્યાને) રોશન કરી શકે છે, એટલે કે આ તાજોમાંથી જો અદના મોતી આ દુનિયામાં આવી જાય તો પૂર્વથી પશ્ચિમ સુધી પૂરી ફિઝાને રોશન કરી આપે. (તિરમિઝી શરીફ)

જન્નતની નહર એટલે કે કવષરની હકીકત

સરકારે દોઆલમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : "હૌઝે કવષર એટલી હશે જેટલું કે અદન અને અમ્માનુલ બલ્કાઅ એટલે કે યમન અને શામના વચમાં અંતર છે. એનું પાણી દૂધથી વધારે સફેદ અને મધથી વધારે મીઠું છે અને તેના પ્યાલાઓની ગણતરી એટલી છે જેટલી કે આસમાનના તારાઓની. જે એનું પાણી એક વખતે પી લેશે તે કદી પણ તરસ્યો ન થશે અને બધાથી પહેલાં તે નહેરના પાસે ફકીર, મુહાજિરીન આવશે (એટલે કે જે લોકો મક્કા મુકર્રમાથી મદીના મુનવ્વરા હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના ઝમાનામાં હિજરત કરીને તશરીફ લઈ ગયા હતા) જેમની ગરીબીના કારણે માથાના વાળ મુન્તશિર (ફેલાયેલા) હતા, કપડાં મેલા હતાં, જેમનાથી માલદાર અવરતો નિકાહ ન કરતી હોય અને કોઈના દરવાજા પર પહોંચી જાય તો તેમના માટે દરવાજો ખોલવામાં ન આવે, એટલે કે દુનિયાદારોના ઘરો પર જો ચાલ્યા જાય તો તે લોકો તેમની તરફ ધ્યાન ન કરે, જેવી રીતે ગરીબ અને મુફલિસ લોકોથી આ જમાનામાં માલદાર વર્તાવ કરે છે.

(મુસ્નદે અહમદ)

રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે જ્યારે હું મેઅરાજની રાતમાં જન્નતમાં પહોંચ્યો તો હું સેર–તફરીહ કરતો કરતો એક નહેર પર પહોંચ્યો, જેના બન્ને કિનારાઓ પર ખોબલા મોતીના ગુંબદ બનેલા છે એટલે કે તે અંદરથી ખાલી છે, આથી જન્નતી લોકો એમાં રહી શકે. મેં જિબ્રઈલ (અલૈ.)ને કહ્યું કે આ શું છે ? જિબ્રઈલ (અલૈ.)એ કહ્યું કે આ તે કવષર છે, જે તમારા રબે તમને અર્પણ કરી છે. આ નહેરની માટીને મેં જોયું તો તે ઘણી તેજ અને ખુશ્બૂદાર મુશ્કની જેમ સુગંધિત હતી. (બુખારી શરીફ)

નોટ :– અલ્લામહ કુર્તુબી (રહ.) ફરમાવે છે કે આપણા હુઝૂર સરકારે દોઆલમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને બે હૌઝ આપી હશે, પહેલી હૌઝ તો હશ્રના મેદાનમાં આપવામાં આવશે, આથી જે લોકો પોતાની કબરથી તરસ્યા નીકળે તે પોતાની તરસ આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના પિવડાવવા પર બુઝાવી શકે અને આ રીતે પયગમ્બરોને એક એક હૌઝ આપવામાં આવશે. આથી એમની ઉમ્મતવાળા આ હૌઝથી પાણી પી શકે અને તે પયગમ્બર આપસમાં ફખ્ર કરશે કે જુઓ, કોની હૌઝ પર વધારે લોકો આવે છે. હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ફરમાવે છે કે હું ઉમ્મીદ કરું છું કે મારી હૌઝ પર બધાથી વધારે લોકો હશે અને બીજી હૌઝ જન્નતમાં ખાસ કરીને આપને આપવામાં આવશે, જે કોઈ બીજા પયગમ્બરને નથી આપવામાં આવી. બન્ને હૌઝોને કવષર કહે છે.

જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે મારા હૌઝની લંબાઈ અને પહોળાઈ એક મહિનાના અંતર બરાબર છે. એનું પાણી દૂધથી વધારે સફેદ અને એની સુગંધ મુશ્કે ખાલિસથી વધારે સુગંધિત છે અને

એના પ્યાલા અથવા પાણી પીવાનું વાસણ તારાઓની જેમ ચમકદાર છે, જે માણસ પણ આ હૌઝથી એક વખત પાણી પી લેશે તો તે કદી પણ તરસ્યો ન થશે.

(બુખારી શરીફ અને મુસ્લિમ શરીફ)

સવાલ : જયારે હૌઝે કવષરનું પાણી પીને પણ તરસ ન લાગશે તો જન્નતનું દૂધ, મધ અને શરાબ (દારૂ)ની નહેરો બેકાર થઇ ?

જવાબ : જન્નતમાં આ બધી નહેરોની વસ્તુઓ વાપરશે, પરંતુ તરસના કારણે નહિ, બલકે લઝ્ઝતના કારણથી હશે, કારણ કે જન્નતમાં ન કોઈ ભૂખ્યો હશે, ન તરસ્યો હશે, ન કપડાં વગરના હશે અને ન તડકાની ગરમી પામશે.

જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે મારી હૌઝનું દરમિયાની અંતર શામ (દેશ)ના કિનારાથી યમનના કિનારાના દરમિયાની-અંતરથી વધેલું છે. આ હૌઝનું પાણી બરફથી વધારે ઠંડું અને મધથી વધારે મીઠું છે, જે દૂધના સાથે મળેલું હોય અને તેના પીવાના વાસણ તારાઓની ગણતરીથી વધારે છે અને હું બીજા લોકોને આ હૌઝથી આ રીતે રોકીશ કે જેવી રીતે કોઇ માણસ પોતાની હૌઝથી બીજા લોકોના ઊંટોને રોકી આપે છે. સહાબા (રદિ.)એ ગુઝારિશ કરી કે યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! શું અમે તમને તે દિવસે પણ ઓળખીશું ? આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : તમારા અંદર એવી ખાસ નિશાનીઓ હશે, જે બીજા લોકોમાં ન હશે. તમે મારી પાસે આ હાલતમાં આવશો કે તમારી પેશાની અને હાથ-પગ વુઝૂની નૂરાનિય્યતથી ચમકદાર હશે. (મુસ્લિમ શરીફ)

નોટ :– હૌઝે કવષરની વચમાં અલગ અલગ અંતર ઈરશાદ ફરમાવ્યા છે. અમુક જગ્યાએ અદનથી અમ્માન બિલગાર સુધી ફરમાવ્યું અને અમુક જગ્યાએ એક મહિનાના અંતરે બતાવી. કોઈ જગા અદનથી એલીયા સુધીનું અંતર બતાવ્યું. આ દરેક માણસને સમજાવવાના માટે આ મોકાનો ખ્યાલ રાખતા અંતર બતાવી દીધું. નહિ તો હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ એની હકીકત ચાર હદો બયાન નથી ફરમાવી. આથી હવે કોઈ વાંધો બાકી ન રહ્યો.

હુઝૂરે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે હું હૌઝે કવષર પર તમારા સામાનનો અમીર બનીશ, એટલે કે તમારી જરૂરિયાતના માટે તમારાથી પહેલાથી જ હૌઝે કવષર પર હોઈશ. જે માણસ મારી પાસેથી પસાર થશે તે તેનું પાણી પીશે અને જે એનું પાણી પી લેશે તો તે કદી પણ તરસ્યો ન થશે, જો કે મારી ઉમ્મતમાંથી ઘણી જ કૌમો મારી સામે આવશે. હું તેમને ઓળખીશ અને તે મને ઓળખશે. પછી મારી અને એમની વચમાં આડ કરી દેવામાં આવશે. બસ, હું કહીશ કે આ લોકો મારી ઉમ્મતમાંથી છે ત્યારે મને કહેવામાં આવશે કે તમે નથી જાણતા કે તમારા પછી આ લોકોએ શું શું બિદઅતો અને નવા નવા રિવાજો તમારા પછી દીનમાં પોતાના તરફથી પેદા કરી લીધા. આ વાતને સાંભળીને હું કહીશ કે દૂર થઈ જાઓ અને પાછા થઈ જાઓ તે લોકો જેમણે મારા મૃત્યુ પછી મારા દીન અને તરીકાને બદલી આપ્યા અને પોતાના તરફથી નવી નવી વાતો એટલે કે બિદઅતો પસંદ કરી લીધી. (બુખારી, મુસ્લિમ શરીફ) જેમ કે બિદઅતી લોકો બિદઅતની નહૂસત અને નાપાકીના કારણથી હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના હૌઝે કવષરથી વંચિત રહેશે. આથી આપણે

બધાએ દરેક પ્રકારની બિદઅતોથી બચવું જોઇએ અને હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની મુબારક સુન્નતો પર અમલ કરવો જોઈએ.

હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને પૂછવામાં આવ્યું કે કવષર શું છે ? આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું :

(૧) તે એક નહેર છે, જે અલ્લાહ તઆલાએ મને જન્નતમાં અર્પણ કરી છે.

(૨) એનું પાણી દૂધથી વધારે સફેદ છે.

(૩) એનું પાણી મધથી વધારે મીઠું અને સ્વાદિષ્ટ છે.

(૪) એના કિનારા પર એવઃ પક્ષીઓ છે, જેની ડોક એટલી લાંબી છે કે જેવી રીતે ઊંટોની હોય છે.

હઝરત ઉમર (રદિ.)એ ગુઝારિશ કરી કે તે પક્ષીઓ મોટા તાઝા હશે. હુઝૂરે અનવર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ હિદાયત કરી કે એમના ખાવાવાળા એમનાથી પણ વધારે મોટા–તાઝા હશે. (તિરમિઝી શરીફ)

છેલ્લો જન્નતી

જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે મુસલમાનોની એક જમાઅતને સિફારિશ–માફીના કારણથી દોઝખથી કાઢવામાં આવશે અને તેમને જન્નતમાં દાખલ કરવામાં આવશે, પરંતુ ત્યાં આ લોકોને જહન્નમી એટલે કે દોઝખવાળા કહેવામાં આવશે.

(બુખારી શરીફ)

જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે હું જાણું છું તે માણસને જે બધાથી છેલ્લે દોઝખથી નીકળશે અને હું જાણું છું તે માણસને જે બધાથી છેલ્લે જન્નતમાં દાખલ કરવામાં આવશે. એક આદમી હશે જે નીકળશે દોઝખથી ઘૂંટણથી ચાલીને (એટલે કે જેવી રીતે બાળક પોતાના ઘૂંટણોથી ચાલે છે). બસ, અલ્લાહ તઆલા ફરમાવશે કે જા અને જન્નતમાં દાખલ થઈ જા. આ દોઝખી અલ્લાહ તઆલાના ફરમાવવાથી જન્નતમાં આવશે તો તેના ખ્યાલમાં આ વાત આવશે કે જન્નત તો ભરાયેલી છે અને એમાં કોઈ જગ્યા ખાલી નથી. એમાં જગ્યા ક્યાં છે ? જેથી હું પણ ત્યાં રોકાઉં. આથી હક તઆલા ફરમાવશે કે જા, તું જન્નતમાં દાખલ થઈ જા અને તારા માટે દુનિયાના વિસ્તારથી દસ ગણો વધારે વિસ્તાર છે. આને સાંભળીને આ બંદો અલ્લાહ તઆલાની જનાબમાં ગુઝારિશ કરશે કે અય અલ્લાહ ! તું બાદશાહ થઈને મારી સાથે મજાક કરે છે. ઈબ્ને મસ્ઉદ (રદિ.) ફરમાવે છે કે આ વાક્યને ફરમાવ્યા પછી આં હઝરત (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ખૂબ હસ્યા અને હસવાના કારણથી આપના મુબારક દાંતો ઝાહિર થઈ ગયા અને આ માણસ જન્નતમાં ઓછા દરજાનો હશે.

(બુખારી અને મુસ્લિમ)

હઝરત અબૂ ઝર (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે હું સારી રીતે જાણું છું તે માણસને જે બધાથી છેલ્લે જન્નતમાં જશે અને એને પણ જાણું છું કે જે બધાથી છેલ્લે દોઝખથી નીકળશે. એક માણસને કિયામતના દિવસે બોલાવવામાં આવશે અને એને કહેવામાં આવશે કે એના નાના નાના ગુનાહોને સામે કરો અને એના મોટા ગુનાહોને રોકી રાખો. આ રીતે આ

માણસના સામે એના નાના ગુનાહ સામે કરવામાં આવશે અને એને કહેવામાં આવશે કે ફલાણા દિવસે તેં આવું કર્યું હતું ? અને ફલાણા દિવસે તેં આ કામ કર્યું હતું ? તો આ માણસ આના જવાબમાં ઈકરાર કરશે અને આ ગુનાહોથી ઈનકાર (વિરોધ) ન કરી શકશે અને એને ડર (ખોફ) હશે કે ક્યાંક એવું ન થાય કે મોટા મોટા ગુનાહ મારી સામે હાજર ન કરવામાં આવે અને આના ઉપર ખુદા જાણે કેટલો મોટો અઝાબ આપવામાં આવશે. આ હાલતમાં રબ્બુલ આલમીનના તરફથી ઈરશાદ થશે, જાઓ, અમે તમારી એક એક બુરાઈને એક એક નેકીમાં બદલી આપી છે. હક તઆલા શાનુહૂનો ઈરશાદ સાંભળીને આ ગુનેહગાર માણસ ગુઝારિશ કરશે કે અય અલ્લાહ ! હજુ તો મારા મોટા મોટા ગુનાહ પણ બાકી છે, તે ગુનાહ તો આ આ'માલનામામાં મવજૂદ પણ નથી. હઝરત અબૂ ઝર (રદિ.) ફરમાવે છે કે મેં આ હદીષને બયાન કર્યા પછી હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને જોયા કે આપ ઘણા હસ્યા. અહિંયા સુધી કે આપના દાંત મુબારક ઝાહિર થઈ ગયા. (મુસ્લિમ)

હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે છેલ્લા ચાર માણસોને દોઝખથી કાઢવામાં આવશે અને એમને અલ્લાહ તઆલાની સામે હાજર કરવામાં આવશે. તે વખતે અલ્લાહ તઆલા હુકમ ફરમાવશે કે એમને દોઝખમાં બીજી વખતે દાખલ કરી આપવામાં આવે. તે વખતે એમનામાંથી એક માણસ અલ્લાહના તરફ ધ્યાન—તવજ્જુહ કરશે અને ગુઝારિશ કરશે અને અરજ કરશે કે અય મારા પાલનહાર ! જ્યારે એક વખતે તમે મને આ દોઝખથી કાઢી આપ્યો તો આપની વિશાળ રહમતથી મને ઉમ્મીદ છે કે આપ મને બીજી

વખતે "એમાં દાખલ ન કરશો." હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, અલ્લાહ તઆલા તેની આ દરખ્વાસ્ત સાંભળીને એને છુટકારો આપી દેશે અને જન્નતમાં દાખલ કરી આપશે. (મુસ્લિમ શરીફ)

જન્નત અને દોઝખની બહષ

જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે (એક વખતે) જન્નત અને દોઝખે આપસમાં બહષ કરી. બસ, દોઝખ બોલી કે મારી અંદર મોટા મોટા તકબ્બુર કરવાવાળા ફિરઔન, શદાદ, નમરૂદ જેવા ઝુલ્મ કરવાવાળા બાદશાહ, કારૂન, અબૂ જહલ, અબૂ લહબ જેવા મોટા મોટા માલદાર કિયામ કરશે. જન્નત અફસોસની સાથે કહેવા લાગશે; આમ પણ મારી અંદર ઝઈફ, કમઝોર, ઝલીલ, ગુમનામ અને લોકોની નજરોથી પડેલા અને બેઈઝઝત અને માર્ગ ભૂલેલા લોકો દાખલ થશે ત્યારે અલ્લાહ તઆલાએ ઈરશાદ ફરમાવ્યો કે અય જન્નત ! તું મારી રહમતની જગ્યા છે. હું જેના ઉપર રહમત કરવાનું પસંદ કરીશ, તેને તારી અંદર દાખલ કરી આપીશ અને દોઝખને ફરમાવ્યું કે અય દોઝખ ! તું મારા અઝાબની જગ્યા છે, જેને અઝાબ દેવાનું પસંદ કરીશ, તેને તારી અંદર દાખલ કરી આપીશ અને તમારા બન્નેનું પેટ ભરીશ, પરંતુ દોઝખ નહીં ભરાય, જ્યાં સુધી કે અલ્લાહ રબ્બુલ ઈઝઝત પોતાનો પગ એમાં ન મૂકશે. આ પછી દોઝખ ગુઝારિશ કરશે કે બસ, બસ. પછી તે વખતે ભરાઈ જશે. ત્યાર પછી અમુક ભાગ બીજા ભાગથી પછી મળી જશે અને તે લપેટાઈ જશે અને તંગ થઈ જશે અને અલ્લાહ તઆલા પોતાની મખ્લૂક પર ઝુલ્મ નથી કરતો

અને જન્નત ભરવાના માટે અલ્લાહ તઆલા મખ્લૂક પેદા કરશે. (બુખારી–મુસ્લિમ)

શઅ્વાનહ આબિદહ જન્નતમાં

મુહમ્મદ બિન મુઆઝ (રહ.) કહે છે કે મારાથી એક ઈબાદતગુઝાર અવરતે બયાન કર્યું કે મેં ખ્વાબમાં જોયું કે હું જન્નતમાં દાખલ થવા જઈ રહી છું. ત્યાં જોયું કે બધા માણસો જન્નતના દરવાજા પર ઊભા છે. મેં પૂછયું કે આ શું વાત છે. આ બધા જ દરવાજા પર કેમ ભેગા થઈ ગયા ? કોઈએ બતાવ્યું કે એક અવરત આવી રહી છે, જેના આવવાના કારણથી જન્નતને સજાવવામાં આવી છે. આ બધા તેના સ્વાગતના માટે બહાર આવી ગયા છે. મેં પૂછયું કે તે અવરત કોણ છે ? કહેવા લાગ્યા કે અયકહની રહેવાવાળી એક સિયાહ (કાળી) બાંદી છે, જેનું નામ શઅ્વાનહ (રહ.) છે. મેં કહ્યું કે અલ્લાહની કસમ ! તે તો મારી બહેન છે. એટલામાં જોયું કે શઅ્વાનહ (રહ.) એક ઘણી કિંમતી ખૂબસૂરત અસીલ–ઊંટણી પર બેસીને હવામાં ઊડીને આવી રહી છે. મેં એમને અવાજ દીધો કે અય મારી બહેન ! તમને પોતાનો અને મારો સંબંધ ખબર છે ? પોતાના પરવરદિગારથી દુઆ કરો કે મને પણ તમારો સાથ કરી આપે. તે આ સાંભળીને હસી અને કહેવા લાગી કે હજુ તમારે આવવાનો વખત નથી આવ્યો, પરંતુ મારી બે વાતો યાદ રાખજો; આખિરતના ગમને પોતાની સાથે લપેટી લો અને અલ્લાહ તઆલાની મુહબ્બત પોતાની દરેક ચાહત પર ગાલિબ (પ્રભાવી) કરી આપો અને એની ફિકર ન કરો કે મોત કયારે આવશે ? એટલે કે દરેક વખતે તેના માટે તૈયાર રહો.

જન્નતમાં અલ્લાહ તઆલાના દોસ્તોના દરજા

હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) એક વખતે સહાબએ કિરામ (રદિ.)ની મજલિસમાં હાજર હતા. હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ હિદાયત કરી કે મેં આજે રાત્રે જન્નત અને એમાં બધા લોકોના દરજાઓને જોયા છે. ત્યાર પછી હઝરત અબૂ બક્ર સિદ્દીક (રદિ.)ની તરફ મુતવજ્જેહ થઈને ફરમાવ્યું કે મેં એક માણસને જોયો કે તે જન્નતના જે પણ દરવાજા પર જાય છે ત્યાંથી મરહબા, મરહબા (તશરીફ લાવો, તશરીફ લાવો)ની અવાજો આવે છે. (દરેક નેક અમલના માટે જન્નતમાં એક ખાસ દરવાજો છે.) દરેક દરવાજાથી દરખ્વાસ્તનો અર્થ આ છે કે દરેક નેક અમલમાં તેનો પાયો ઘણો જ વધેલો છે. હઝરત સલમાન (રદિ.)એ ગુઝારિશ કરી : યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! જે માણસનો આ દરજો છે તે તો કોઈ ઘણો જ ઊંચા પાયાનો માણસ છે. હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે આ માણસ અબૂ બક્ર (રદિ.) છે. પછી હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ હઝરત ઉમર (રદિ.)ની તરફ તવજ્જુહ (ધ્યાન) દઈને હિદાયત કરી કે મેં જન્નતમાં સફેદ મોતીનું એક ઘર જોયું, જેમાં યાકૂત સજાવેલા હતા. મેં પૂછયું કે આ ઘર કોનું છે ? મને બતાવવામાં આવ્યું કે આ કુરૈશના એક નવજવાનનું છે. તે ઘરની ઘણી જ ખૂબીઓ, ચમક, રોનક અને સય્યિદુલ મુરસલીન (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) હોવાના કારણથી મને ખ્યાલ થયો કે આ મકાન મારું જ છે. એમાં દાખલ થવા લાગ્યો તો મને બતાવવામાં આવ્યું કે આ ઉમર (રદિ.)નું છે. પછી હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ હઝરત ઉસ્માન (રદિ.), હઝરત

અલી (રદિ.) વગેરે ઘણાં હઝરાતના દરજ્જા ઈરશાદ ફરમાવ્યા. ત્યાર પછી હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ (રદિ.)ની તરફ તવજ્જુહ દઈને ઈરશાદ ફરમાવ્યો કે મારા સાથીઓમાંથી તમે ઘણાં મોડેથી પહોંચ્યા. મને તો તમારા વિશે એવો ડર થઈ ગયો હતો કે ક્યાંક હલાક તો નથી થઈ ગયા અને તમે પરસેવો પરસેવો થઈ ગયા હતા. મેં તમને પૂછયું કે આટલી વાર આવવામાં ક્યાં લાગી ? તો તમે જવાબ આપ્યો કે હું પોતાના માલના ઝિયાદતી (વધારા)ના કારણથી હિસાબમાં મશગૂલ રહ્યો. મારાથી એનો હિસાબ થયો કે ક્યાંથી કમાયો અને ક્યાં ખર્ચ કર્યો ?

હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ (રદિ.) પોતાના વિશે આ સાંભળીને રડવા લાગ્યા અને ગુઝારિશ કરી કે યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! રાતે જ મારી પાસે મિસરના વેપારથી સો (૧૦૦) ઊંટ આવ્યા છે. આ મદીના મુનવ્વરહના ગરીબો અને યતીમો પર સદકો છે. કદાચ અલ્લાહ તઆલા આના કારણથી તે દિવસના હિસાબમાં મારા ઉપર હળવાશ કરી દે. (તરગીબ)

એક હદીસમાં છે કે એક વખતે હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો કે અય અબ્દુર્રહમાન ! તમે મારી ઉમ્મતના ગેની (માલદાર) લોકોમાં છો અને જન્નતમાં ઘસડાયને જન્નતમાં જશો (પગ પર ઊભા થઈને ન જશો). તમે અલ્લાહ તઆલાને કર્ઝ આપો, જેથી તમારા પગ ખુલી જાય. હઝરત અબ્દુર્રહમાન (રદિ.)એ પૂછયું કે શું વસ્તુ કર્ઝ આપું ? હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે પોતાનો બધો માલ. આ સાંભળીને તરત જ ઊઠયા. એટલા માટે કે પોતાનો બધો માલ લાવીને હાજર કરે. હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ તેમની

પાછળ એલચી (કાસિદ) મોકલીને તેમને બોલાવ્યા અને આ હિદાયત કરી કે હઝરત જિબ્રઈલ (અલૈ.) પણ આવ્યા અને આ સંદેશો આપી ગયા કે અબ્દુર્રહમાનને કહી દો કે મહેમાનોની ખિદમત કર્યા કરે, ગરીબોને ખાવું ખવડાવ્યા કરે, સવાલ કરવાવાળાઓનો સવાલ પૂરો કર્યા કરે અને જે એમના રિશ્તેદાર છે એમના સદકામાં પહેલ કરે. આ વસ્તુઓ એમના તઝકિયહ—ઠીક હોવાના માટે બસ છે. (હાકિમ)

હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ (રદિ.) મોટી શાનવાળા સહાબી ઘણા ફઝાઈલ અને પ્રતિષ્ઠાના માલિક છે. તેવા દસ સહાબા (રદિ.)માં એમની ગણતરી છે, જેમને જન્નતની ખુશખબરી આપવામાં આવી છે. તદુપરાંત, તે ૬ (છ) હઝરાતમાં છે, જેમના દુનિયામાં જ હઝરત ઉમર (રદિ.)એ પોતાની શહાદતના વખતે ખલીફા બનાવવાનો દારોમદાર રાખ્યો હતો અને આ કહ્યું હતું કે આ હઝરાતથી હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) દુનિયાથી રાજી થઈને તશરીફ લઈ ગયા છે અને પછી આ છ હઝરાતમાંથી બાકી પાંચ હઝરાતમાં છેવટે એમના જ મશ્વરા પર ખલીફા નક્કી કરવાનું મોકૂફ રાખ્યું હતું અને એમના મશ્વરાથી હઝરત ઉસ્માન (રદિ.) ત્રીજા ખલીફા નક્કી થયા હતા. સાબિકીન અને અવ્વલીન (પહેલા લોકો)માં એમની ગણતરી છે, જેમના વિશે અલ્લાહ તઆલાએ ફરમાવ્યું : "વસ્સાબિકુનલ્ અવ્વલૂ—ન મિનલ્ મુહાજિરીન વલ્ અન્સારિ...."

(સૂરએ તૌબા, રુકૂઅ ૧૨)

તરજુમો : અને જે મુહાજિરીન અને અન્સાર ઈમાન લાવવામાં ઉમ્મતથી પહેલા અને મુકદ્દમ છે અને જે લોકો ઈખ્લાસથી તેમના મુરીદ છે અલ્લાહ એ બધાથી રાજી થયો અને આ બધા અલ્લાહથી રાજી થયા. અલ્લાહ તઆલાએ

તેમના માટે એવા બાગ તૈયાર કરી રાખ્યા છે, જેના નીચે નહેરો ચાલુ હશે, જેમાં તે હમેશા રહેશે.

આ સિવાય હઝરત અબ્દુર્રહમાન ઇબ્ને ઔફ (રદિ.)એ બન્ને હિજરતો કરી. ગઝવએ બદ્ર અને બધી લડાઇઓમાં હાજર રહ્યા. હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના જમાનામાં ઇલ્મવાળા અને મુફતીઓમાં એમની ગણતરી છે. ફકત તેમના મશ્વરા પર હઝરત ઉમર (રદિ.)એ અમુક કામોને પસંદ કર્યા. હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ એક વખતે સફરમાં સવારની નમાઝ એમના મુક્તદી બનીને અદા કરી કે હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) જરૂરતના માટે તશરીફ લઇ ગયા. સહાબા (રદિ.)એ મને એમના ઇમામ બનાવ્યા હતા, જયારે હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પાછા તશરીફ લાવ્યા તો નમાઝ થઇ રહી હતી અને એક રકા'ત થઇ ચૂકી હતી. હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ એમની ઇક્તિદાઅમાં (પાછળ) નમાઝ પઢી. જયારે હઝરત ઉમર (રદિ.) ખલીફા બન્યા તો પહેલા વર્ષમાં પોતાની જગ્યાએ હજના અમીર બનાવીને તેમને મોકલ્યા.
(ઇસાબહ)

મતલબ આ કે ઘણા જ ફઝાઇલના હોવા છતાં તે માલની ઝિયાદતીએ એમને પોતાના મરતબાના લોકોમાં પાછળ કરી આપ્યા અને માલ પણ ફકત અલ્લાહ તઆલાના ફઝલ અને તેની અતા અને તેના ઇન્આમથી જ મળ્યો હતો. ઘણાં ગરીબ હતા. હિજરતની શરૂઆતમાં હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ જયારે મુહાજિરીન અને અન્સારને આપસમાં ભાઇચારો કર્યો હતો. એટલા માટે કે મુહાજિરીનના ફુકરાઅ્ની મદદ ખાસ તૌર પર અન્સાર કરતા રહ્યા તો તેમને હઝરત સઅદ બિન રબીઅ અન્સારી (રદિ.)ના ભાઇ બનાવ્યા

હતા. હઝરત સઅદ બિન રબીઅ (રદિ.)એ એમનાથી કહ્યું હતું કે મદીનામાં બધાથી વધારે માલ અને દૌલત અલ્લાહ તઆલાએ મને અતા કર્યો છે. હું બધા માલમાંથી અડધો અડધો તમને આપું છું અને મારી બે બીવીઓ છે. એમાંથી જે તમને પસંદ હોય, હું તેને તલાક આપી દઈશ. ઈદ્દતના પછી તમે એનાથી નિકાહ કરી લેજો. તેમણે ફરમાવ્યું કે અલ્લાહ તઆલા તમારા માલમાં બરકત અતા ફરમાવે, મને એની જરૂરત નથી. મને તો તમે અહિંયાના બજારનો રસ્તો બતાવી આપો. બજાર ગયા અને ખરીદ-વેચાણ શરૂ કર્યું અને સાંજે નફામાં થોડું ઘી અને પનીર બચાવીને લાવ્યા. આ રીતે દરરોજ જતા અને થોડાક દિવસો પસાર થયા કે એટલી બચત થઇ ગઇ કે નિકાહ કરી લીધા. (બુખારી)

પછી તે વખત પણ આવ્યો કે હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ એક વખત સદકાની ફઝીલત આપી તો પોતાના માલનો અડધો ભાગ સદકો કર્યો અને માલની ઝિયાદતીનો અંદાઝો આનાથી થઇ શકે છે, જે હમણા આવ્યું કે ખાલી મિસરના વેપારથી સો ઊંટ સામાનથી ભરાઈને આવ્યા હતા, જે સદકો કરી આપ્યા અને ત્યાર પછી એક વખતે ચાળીસ હજાર દીનાર (અશરફીઓ) સદકાની, એક મૌકા પર પાંચસો ઘોડા અને પાંચસો ઊંટ જિહાદના માટે આપ્યા અને ત્રીસ હજાર ગુલામ આઝાદ કર્યા અને એક રિવાયતમાં છે કે ત્રીસ હજાર ઘરો આઝાદ કર્યા. (મુસ્તદરક) દરેક ઘરમાં ન જાણે કેટલા મર્દ તથા કેટલી અવરતો અને મોટા છોકરા હશે. એક વખતે એક જમીન ચાળીસ હજાર અશરફીઓમાં વેચી અને બધી જ ફુકરાએ મુહાજિરીન અને પોતાના સગાંવહાલાં અને અજવાઝે મુતહ્હરાત પર તકસીમ કરી આપી. (મુસ્તદરક) અને પોતાના મરણ પામવાના વખતે જે વસિય્યત કરી, એમાં દરેક તે

માણસને જે બદ્રની લડાઈમાં હાજર હતા, તેમના પૈકી પ્રત્યેક માણસને ચાર સો દીનાર (અશરફીઓ) આપવાની વસિય્યત કરી હતી. તે વખતે બદ્રવાળાઓમાંથી સો માણસો જીવતા હતા અને એક બાગની વસિય્યત અજવાઝે મુતહ્હરાતના માટે જે ચાળીસ હજાર અશરફીઓમાં વેચાયો અને જાતે પોતાની હાલત આ હતી કે એક વખતે ગુસલ કરીને ખાવું ખાવાના માટે બેઠા તો એક પ્યાલામાં રોટી અને ગોશ્ત સામે રાખવામાં આવ્યો તો એને જોઈને રડવા લાગ્યા. કોઈએ રડવાનું કારણ પૂછયું તો ફરમાવ્યું કે હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)નું એવી હાલતમાં મરણ થયું કે જવની રોટી પણ પેટ ભરીને મળતી ન હતી. અમને આ હાલત જે પોતાની સામે છે, કંઈ પોતાના માટે ભલાઈ માલૂમ પડતી નથી એટલે કે જો વુસ્અત કંઈ ભલાઈની વસ્તુ હોત તો હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના માટે પણ હોત. જયારે હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના માટે આ વસ્તુઓ ન હતી તો કંઈ ભલાઈની વસ્તુઓ માલૂમ નથી પડતી.

નેક લોકોના માટે શરાબના પ્યાલા હશે

બેશક, નેક લોકો જન્નતમાં એવા શરાબના પ્યાલા પીશે, જેમાં કાફૂરની મિલાવટ હશે. એવા ઝરણાથી ભરવામાં આવશે, જેનાથી અલ્લાહના ખાસ બંદા પીએ છે. (તે ઝરણામાં આ અજીબ વાત હશે) કે તે જન્નતી લોકો તે ઝરણાંને જયાં ઈચ્છશે લઈ જશે (એટલે કે આ ઝરણાં એમના ઈશારાઓના તાબે હશે). તે એવા લોકો છે જે મન્નતોને પૂરી કરે છે (અને એવી રીતે બીજા વાજિબાતને) અને એવા દિવસથી ડરે છે જે દિવસની સખતી ફેલાયેલી હશે (એટલે કે આમ હશે એટલે કે દરેક માણસ તે દિવસે કંઈ ને કંઈ પરેશાનીમાં મુબ્તલા

હશે). એ તે લોકો છે, જે અલ્લાહ તઆલાની મુહબ્બતમાં ખાણું ખવડાવે છે મિસ્કીનને, યતીમને અને કેદીને (આ હોવા છતાં કે તે કેદી કાફિર અને લડાઈમાં સામે હતો) અને તે લોકો (પોતાના દિલમાં અથવા ઝુબાનથી) કહે છે કે અમે તમને ફક્ત અલ્લાહના વાસ્તે ખવડાવીએ છીએ. ન તો અમે તેનો તમારાથી કંઈ બદલો ઈચ્છીએ છીએ અને ન એનો શુક્રિયહ ઈચ્છીએ છીએ (પરંતુ એટલા માટે ખવડાવીએ છીએ) કે અમે પોતાના રબના તરફથી એક સખત અને તલ્ખ (કડવા) દિવસનો (એટલે કે કિયામતના દિવસનો) ડર રાખીએ છીએ. એટલા માટે અલ્લાહ તઆલા તેમને તે દિવસની સખતીથી હિફાઝતમાં રાખશે અને તેમને તાજગી અને ખુશી અતા કરશે અને તેમને આ પુખ્તગીના બદલામાં જન્નત અને રેશમી પોશાક અતા કરશે. આ હાલતમાં કે તે જન્નતમાં મસહરિઓ પર તકિયા લગાવીને બેઠા હશે. ન ત્યાં ગરમીની બેચેની પામશે, ન સરદી; (પરંતુ દરમિયાની મોસમ હશે) અને ઝાડોનો છાંયડો તે લોકો પર ઝુકેલો હશે અને એની બાલી (લૂમ) એમની ફરમાંબરદાર હશે (કે જે વખતે જેને પસંદ કરશે તે નઝદીક આવી જશે) અને તેમની પાસે (ખાવા–પીવાના માટે) ચાંદીના વાસણ અને કાચના પ્યાલા લાવવામાં આવશે, જે ચાંદીના હશે. (એટલે કે તે શીશા કાચની જગ્યાએ ચાંદીના બનેલા હશે, જે તે દુનિયામાં મુશ્કેલ નથી) અને તેને ભરવાવાળાઓએ દુરુસ્ત (ઠીક) અંદાઝથી ભરેલા હશે. (કે ન જરૂરતથી ઓછું, ન વધારે) અને ત્યાં કાફૂર (ની શરાબના સિવાય) એવી શરાબના પ્યાલા પણ પિવડાવવામાં આવશે, જેમાં સૂંઠની મિલાવટ હશે (જેવી રીતે કે જંજીરની બોટલમાં હોય છે). આ એવા ઝરણાથી ભરવામાં આવશે, જેનું નામ સલસબીલ છે. (કાફુર ઠંડુ હોય છે અને સૂંઠ ગરમ) મકસદ આ છે કે ત્યાં અલગ અલગ મિઝાજની શરાબો છે અને એને

એવાં છોકરાં લઈને આવતા–જતા રહેશે જે હંમેશા છોકરાં જ રહેશે અને એવા હસીન કે જો તું એને જુએ તો એવો ખ્યાલ કરે કે આ મોતી છે, જે વિખેરાયેલાં છે અને જે વસ્તુઓ ઉપર વર્ણન કરવામાં આવી તે જ ફકત નથી, પરંતુ જ્યારે તું તે જગ્યાને જોઈશ તો ત્યાં મોટી મોટી નેઅમતો અને ઘણો જ મોટો મુલ્ક નજરે પડશે અને તે લોકો પર ત્યાં બારીક રેશમના લીલા કપડાં હશે અને મોટા રેશમના પણ (મતલબ આ કે અલગ અલગ જાતના ઘણાં સારા પહેરવેશ હશે) અને હાથોમાં ચાંદીના કંગન (બંગડી) પહેરાવવામાં આવશે. અલ્લાહ તઆલા એમને એવી શરાબ પિવડાવશે કે જે ઘણી જ પાકીઝહ હશે અને આ કહેવામાં આવશે કે આ તમારા આ'માલ (કામો)નો બદલો છે અને જે કોશિશ દુનિયામાં (તમે) કરી હતી તે ઈઝ્ઝત કરવાના લાયક છે.

ફાયદો : કલામે પાકમાં શરાબનું ત્રણ જગ્યાએ વર્ણન આવ્યું છે. ત્રણે જગ્યાએ શરાબની જાત અને વાપરવાનો તરીકો અલગ છે. પહેલી જગ્યાએ એને પીવાનું વર્ણન છે. બીજી જગ્યાએ ખાદિમોનું પિવડાવવાનું વર્ણન છે અને ત્રીજી જગ્યાએ ખુદ (પોતે) અલ્લાહ તઆલાની તરફથી પિવડાવવાની નિસ્બત(નો તઅલ્લુક) છે. શું દૂર છે કે આ નેક લોકોના ત્રણે પ્રકારો–ઓછું, દરમિયાની અને ઊંચા (મરતબાના) પ્રમાણે હોય. આ આયતોમાં જેટલી ફઝીલતો તાઝીમ અને ઈઝ્ઝત નેક કામ કરવાવાળાઓના માટે ખાસ રીતે, અલ્લાહને ખુશ કરવા માટે ખવડાવવાવાળાઓનું વર્ણન છે. જો આપણામાં ઈમાનનો કમાલ થયો તો આ વાયદાઓના પછી કોઈ માણસ એવો હોઈ શકે છે, જે હઝરત સિદ્દીકે અકબર (રદિ.)ની જેમ કોઈ વસ્તુ પણ ઘરમાં અલ્લાહ અને તેના રસૂલે પાક (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના નામના

સિવાય છોડે. આ આયતોમાં અમુક ઉમૂર (બાબતો) વિચારવાના લાયક છે :

(૧) પહેલા ઝરણાંના વિશે વર્ણન થયું છે. જન્નતી લોકો એ ઝરણાંઓને જ્યાં ઈચ્છશે ત્યાં લઈ જશે. મુજાહિદ (રહ.) એની તફસીરમાં કહે છે કે જન્નતી લોકો તે ઝરણાંને જ્યાં ઈચ્છશે ત્યાં ખેંચી લેશે. કતાદહ (રહ.) કહે છે કે એમના માટે કાફૂરની મિલાવટ હશે અને મુશ્કની મહોર (સિક્કો) તેના ઉપર લાગેલી હશે અને તે આ ઝરણાંને જે તરફ ઈચ્છશે તે તરફ તેનું પાણી ચાલવા લાગશે. ઈબ્ને શોઝબ (રહ.) કહે છે કે તે લોકોની પાસે સોનાની લાકડીઓ હશે. તે પોતાની લાકડીઓથી જે તરફ ઈશારો કરશે, તે તરફ તે નહેરો ચાલવા લાગશે.

(૨) મન્નતોને પૂરી કરવાના વિશે કતાદહ (રહ.)થી નકલ કરવામાં આવ્યું કે અલ્લાહના બધા હુકમો પૂરા કરવાવાળા લોકો છે. આ જ કારણથી શરૂઆતમાં તેમને અબરારથી બયાન કરવામાં આવ્યા. મુજાહિદ (રહ.) કહે છે કે એમાં તે મન્નતો મુરાદ છે જે અલ્લાહના માટે કરવામાં આવી હોય. (એટલે કે કોઈ માણસ રોઝાઓની નઝર–મન્નત કરી લે. એ'તિકાફની નઝર માની લે. એવી રીતે ઈબાદતની નઝર માની લે). ઈકરમહ (રદિ.) કહે છે કે શુક્રિયહની મન્નતો મુરાદ છે. હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી નકલ કરવામાં આવ્યું છે કે હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની ખિદમતમાં એક માણસ હાજર થયા અને ગુઝારિશ કરી કે મેં આ મન્નત માની રાખી હતી કે હું પોતાને અલ્લાહના માટે ઝબહ કરી આપું. હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) કોઈ કામમાં તલ્લીન હતા. ધ્યાન ન આપી શક્યા. આ સાહેબ હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના ચૂપ રહેવાથી ઈજાઝત સમજ્યા અને

હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી ગુઝારિશ કર્યા પછી) ઊઠયા. દૂર જઈને પોતાને ઝબહ કરવા લાગ્યા. હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને આની જાણ થઈ તો હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે અલ્લાહનો શુક્ર છે કે એણે મારી ઉમ્મતમાં એવા લોકો પેદા કર્યા, જે મન્નતને પૂરી કરવાનો એહ્‌તિમામ કરે. આ પછી (તેમને પોતાને ઝબહ કરવાની ના પાડી અને) એમને કહ્યું કે પોતાની જાનના બદલામાં અલ્લાહના નામ પર સો ઊંટ ઝબહ કરો. (એટલા માટે કે પોતાની જાનને ઝબહ કરવું નાજાઈઝ છે અને જાનનો ફિદયો દિય્યત (જુરમાના)માં સો ઊંટ છે.)

(૩) કેદીઓને ખવડાવવાથી મતલબ આયતે શરીફહમાં મુશરિક કેદી મુરાદ છે. એટલા માટે કે તે જમાનામાં મુશરિક કેદી જ હતા. મુસલમાન કેદી તે વખતે ન હતા અને જ્યારે કાફિરોને ખવડાવવા પર આ સવાબ છે તો મુસલમાન કેદી તેમાં પહેલા આવી ગયા. મુજાહિદ (રહ.) કહે છે કે જ્યારે હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) બદ્રમાં કેદીઓને (જે કાફિર હતા) પકડીને લાવ્યા તો સાત હઝરાતે સહાબએ કિરામ (રદિ.) : હઝરત અબૂબક્ર (રદિ.), હઝરત ઉમર (રદિ.), હઝરત અલી (રદિ.), હઝરત ઝુબેર (રદિ.), હઝરત અબ્દુર્રહમાન (રદિ.), હઝરત સઅદ (રદિ.) અને અબૂ ઉબૈદહ (રદિ.)એ ખાસ કરીને એમના ઉપર ખર્ચ કર્યું, જેનાથી અન્સારે કહ્યું, અમે તો અલ્લાહના વાસ્તે એમનાથી કિતાલ (લડાઈ) કરી હતી. તમે આટલું વધારે ખર્ચ કરી રહ્યા છો. આથી "ઈન્નલ અબ્‌રાર"થી (૧૯) ઓગણીસ આયતો આ હઝરાતની તા'રીફમાં નાઝિલ થઈ. હઝરત હસન (રદિ.) કહે છે કે જ્યારે આ આયતો નાઝિલ થઈ તે વખતે કેદી મુશરિક હતા. હઝરત કતાદહ (રહ.) કહે છે કે જ્યારે અલ્લાહ જલ્લ

શાનુહૂએ આ આયતોમાં કેદીની સાથે એહસાન કરવાનો હુકમ આપ્યો છે. જો કે કેદી તે વખતે મુશરિક હતા. તો મુસલમાન કેદીનો હક તારા પર ઘણો વધારે થઇ ગયો. ઇબ્ને જુરૈજ (રહ.) કહે છે કે તે જમાનામાં મુસલમાન કેદી ન હતા. મુશરિક કેદીઓમાં આયત નાઝિલ થઇ. હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) એમની સાથે ભલાઇ કરવાનો હુકમ ફરમાવતા હતા.

અબૂ રઝીન (રહ.) કહે છે કે હું શફીક બિન સલમા (રદિ.)ની પાસે હતો. અમુક મુશરિક કેદી ત્યાંથી પસાર થયા તો શફીક (રદિ.)એ મને એમના ઉપર સદકો કરવાનો હુકમ કર્યો અને આ આયતે શરીફા તિલાવત કરી :

(૪) **અર્થ** : "ન એનો બદલો ઇચ્છીએ છે, ન એનો શુક્રિયહ ઇચ્છીએ છે." મતલબ આ છે કે આ હઝરાત એને પણ પસંદ કરતા ન હતા કે એમના એહસાનનો કોઇ બદલો ઇચ્છે. શુક્રગુઝારી અથવા દુઆના વાસ્તાથી હોય, એમને દુનિયામાં મળે. તેઓ પોતાનું બધું જ આખિરતમાં લેવાનું ઇચ્છતા હતા. હઝરત આઇશા (રદિ.) અને હઝરત ઉમ્મે સલમા (રદિ.)નો મા'મૂલ નકલ કરવામાં આવ્યો છે કે જ્યારે કોઇ ફકીર જરૂરતમંદની પાસે કંઇક મોકલાવતા તો કાસિદને કહેતા કે ખામોશીથી સાંભળજે કે આના ઉપર શું શબ્દો કહે છે અને જ્યારે કાસિદ તે શબ્દો દુઆ વગેરેના આવીને નકલ કરતો તો આવી જ દુઆઓ તે ફકીરને આપતા અને કહેતા કે એની દુઆઓનો આ બદલો છે. એટલા માટે કે આપણો સદકો ખાલિસ આખિરતના વાસ્તે રહી જાય. હઝરત ઉમર (રદિ.) અને એમના છોકરા હઝરત અબ્દુલ્લાહ (રદિ.)નો આવો જ મા'મૂલ નકલ કરવામાં આવ્યો છે. (ઇહ્યા)

હઝરત ઝયનુલ આબિદીન (રહ.)નો ઈરશાદ છે કે જે માણસ માલ ખર્ચ કરવાના માટે તલબ કરવાવાળાનો ઈન્તિઝાર કરે તે સખી નથી. સખી તે છે જે અલ્લાહના હકોને પોતે જ એના નેક બંદાઓ સુધી પહોંચાડે અને એમનાથી શુક્રિયહનો ઉમ્મીદવાર ન રહે. એટલા માટે કે એને અલ્લાહના સવાલ પર પૂરું યકીન હોય. (ઇહ્યા)

(૫) "જન્નતની બાલીઓ (ખોશા) એમની ફરમાંબરદાર હશે"નો મતલબ તે એમની ખ્વાહિશના તાબે (ફરમાંબરદાર) હશે. હઝરત બરાઅ ઈબ્ને આઝિબ (રહ.) કહે છે કે જન્નતી લોકો જન્નતના ફળોને ઊભા, બેસીને અને સૂઈને જેવી હાલતમાં ઈચ્છશે ખાઈ શકશે. મુજાહિદ (રહ.) કહે છે કે જો તે લોકો ઊભા હશે તો તે ફળ ઉપર થઈ જશે અને જો તે લોકો બેઠા હશે તો તે ઝુકી જશે અને જો તે સૂતેલા હશે તો તે વધારે ઝુકી જશે. બીજી રિવાયતમાં એમનાથી નકલ કરવામાં આવ્યું છે કે જન્નતની જમીન ચાંદીની છે અને એની માટી મુશ્કની અને એ ઝાડોના મૂળો સોનાના છે અને તેની ડાળીઓ અને પાંદડાઓ મોતીઓ અને જબરઝદના છે, જેમના ફળ લટકેલાં છે. જો તે ઊભા રહીને ખાવાનું ઈચ્છશે તો કોઈ પરેશાની નહીં. બેસીને અથવા સૂઈને ખાવાનું ઈચ્છશે તો તે એના પ્રમાણમાં ઝુકી જશે.

(૬) "ચાંદીના શીશાનો મતલબ આ છે કે ચાંદીથી એવા બનાવવામાં આવશે કે જેવી રીતે કે શીશો (કાચ) હોય છે. હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે જો દુનિયામાં ચાંદીને લઈને એ પ્રમાણે બારીક કરે કે માખીની પાંખના બરાબર કરી આપે તો પણ એનું અંદરનું પાણી નજર ન આવશે, પરંતુ જન્નતના પ્યાલા ચાંદીના હોવા છતાં શીશા (કાચ)ની જેમ સાફ હશે. બીજી રિવાયતમાં છે કે જન્નતની

દરેક વસ્તુનો નમૂનો દુનિયા છે, પરંતુ ચાંદીના આવા પ્યાલાઓનો નમૂનો દુનિયામાં નથી. કતાદહ (રદિ.) કહે છે કે જો આખી દુનિયાના ઇન્સાનો ભેગા થઇને ચાંદીનું આવું વાસણ બનાવી આપે, જેમાં શીશા–કાચની જેમ અંદરની વસ્તુ નજર (જોવામાં) આવે તો ન બનાવી શકે.

જન્નત અને તેની નેઅમતો

દુનિયાની દરેક રાહત અને મજા જન્નતનો નમૂનો બની ગઇ છે અને એની આગળ એવી નેઅમતો છે જેને ન કોઇ આંખે જોઇ, ન કોઇ કાને સાંભળ્યું અને ન કોઇ ઇન્સાનના દિલમાં એનો ખ્યાલ આવ્યો. જન્નતના (૧૦૦) સો દરજાત છે, જેમાં સોના–ચાંદીના મહેલો છે. એવી જ રીતે દુનિયામાં જે દુઃખ અને તકલીફ છે તે આખિરતના ઘરનો નમૂનો છે અને એના પછી એવા અલગ અલગ અઝાબ છે, જેને અકલ નથી સમજતી. મતલબ આ કે દોઝખના બધા દુઃખ દોઝખીઓના માટે અલ્લાહના ગુસ્સાથી અને જન્નતની બધી નેઅમતો જન્નતીઓના માટે અલ્લાહની રહમતથી હાસિલ થયેલ છે. જો બંદો દુનિયાની વસ્તુઓમાંથી મુબાહ (જાઇઝ) (નેઅમત)નો અલ્લાહનો શુક્ર કરશે એને એના બદલામાં જન્નતમાં એવી નેઅમત મળશે કે એના મુકાબલામાં આ નેઅમત હકીર છે (કંઇ જ નથી) અને જે દુનિયાની મમનૂઅ (હરામ) નેઅમત ખાશે તે આખિરતના દરજાતથી પોતાની જાતને મહરૂમ (વંચિત) કરી આપશે અને જે આખિરતને સાચી નહીં માનશે તે પોતાના નફ્સને જન્નતની દરેક નેઅમતથી મહરૂમ (વંચિત) કરી આપશે. જન્નતવાળાઓના માટે ખાણું ત્રણ જાતનું હશે : કંઇક તો અરાઇશ હશે, કંઇક વલીમા કંઇક તો મહેમાનિયા. અરાઇશ તો તે દા'વતી ખાણું

હશે, જેના માટે અલ્લાહ બધા જન્નતવાળાઓને દારુસ્સલામના અંદર બોલાવશે એટલા માટે કે એમના શરીરોને ચુસ્ત અને ફના ન થવાવાળી ઉંમર થઈ જાય. વલીમા બીવીઓના થશે અને મહેમાનિયા મુલાકાતના વખતે, કારણ કે જન્નતવાળાઓની આપસમાં મુલાકાતો થશે.

મુહબ્બતમાં આપસી વાતો કરવાની જગ્યાઓ પણ હશે. તૂબાના બહાર એમનો ઈજતિમાઅ પણ થશે, જયાં પયગમ્બરોની ઝિયારત અને મુલાકાત થશે અને ફરિશ્તાઓના આપસમાં જલસા પણ થશે. અલ્લાહના તરફથી નમાઝના વખતોમાં હદિયા (ભેટ) પણ મળતા રહેશે. સવાર–સાંજ જાત જાતની ખાવા–પીવાની વસ્તુઓ અને ફળ પણ મળશે. તેમની નક્કી કરેલ રોઝી ચાલુ રહેશે અને દરરોજ અલ્લાહના તરફથી તેમાં વધારો થતો રહેશે.

કવષર નહેરના કિનારા પર એમની તફરીહ (ફરવા)ની જગ્યા પણ હશે, ત્યાં તે જતા રહેશે. કવષર નહેરના કિનારે મોતીના તંબુ લાગેલા હશે. દરેક તંબુ સાઠ (૬૦) માઈલ લાંબો અને એટલો જ પહોળો હશે. બીજો એક મોતીનો બનેલો હશે. તેનો કોઈ દરવાજો ન હશે. તેની અંદર સુગંધિત ખુશ્બૂવાળી બાંદીઓ હશે, જેમને ન કોઈ ફરિશ્તાએ જોઈ હશે. ન કોઈ ખિદમત (સેવા) કરવાવાળાએ. તે તંબુઓમાં ઊંચી જાતની ખૂબસૂરત ઓરતો હશે, જયારે અલ્લાહે ખૂબસૂરત કહ્યું છે તો કોણ એમના હુસ્નને બયાન કરી શકે છે. એમના જ વિશે અલ્લાહે ફરમાવ્યું છે : તંબુઓમાં હૂરો હશે મહફૂઝ (હિફાઝતમાં). એટલે કે દરેક માણસની નજર અને સ્પર્શ કરવાથી મહફૂઝ અથવા નીચી નજરવાળીઓ, જેમની નજરો ફકત પોતાના જન્નતી શવહરો પર લાગેલી હશે. તે અલ્લાહની નક્કી કરેલ હશે. બધી સૂરતોમાં અલ્લાહ

તઆલાએ ખૂબસૂરત શકલો પસંદ કરી છે. એમની પેદાઈશ રહમતના વાદળોથી થશે. રહમતના વાદળો અલ્લાહની ચાહતના પ્રમાણે ખૂબસૂરત નવજુવાન છોકરીઓને વરસાવશે. એમના ચહેરાઓનું નૂર અર્શથી મકસૂદ હશે. એમના માટે મોતીઓના તંબૂ લગાવેલા હશે, જયારથી અલ્લાહે એમને પેદા કરી છે કોઈએ એમને નથી જોઈ. આથી તે ફકત પોતાના શવહરોના માટે તંબૂના અંદર હિફાઝતથી હશે. જન્નત–વાળાઓ મહેલોમાં પોતાની બીવીઓના સાથે આરામ હાસિલ કરશે અને જયાં સુધી અલ્લાહ પસંદ કરશે (ઈચ્છશે) તે નેઅમતમાં રહેશે, જયારે અલ્લાહ પોતાની ચાહતના મુતાબિક નેઅમત અને તફરીહનો નવો દિવસ આવશે તો જન્નતના દરજાતમાં એમને અવાજ આપવામાં આવશે. આ તફરીહ ખુશી સેર (હરવા–ફરવા) અને શણગારનો દિવસ છે. પોતાની ફરવાની જગ્યાની તરફ નીકળો. લોકો મોતી અને યાકૂતના ઘોડાઓ પર સવાર થઈને પોતાના શહેરોના દરવાજાઓથી નીકળીને તે મેદાનોની તરફ જશે, પછી મેદાનોની સેર કરતા તે બગીચાઓની તરફ પહોંચશે જે કવષર નહેરના કિનારા પર હશે. અલ્લાહ એમને એમની ફરવાની જગ્યાનો રસ્તો બતાવી આપશે. દરેક માણસ પોતાના તંબૂની પાસે જઈને ઊતરશે. તંબૂનો કોઈ દરવાજો ન હશે. તે વખતે અલ્લાહના દોસ્તની નજરની સામે તંબૂ ફાટીને દરવાજો બની જશે. આથી તેને ખબર પડી જાય કે જે ઓરત તંબૂની અંદર છે એને કોઈએ નથી જોઈ. આ તે વાયદો પૂરો થઈ ગયો જે અલ્લાહે આ દુનિયામાં કર્યો હતો. એટલે કે જન્નતીઓથી પહેલાં તે હૂરોને ન કોઈ માણસે સ્પર્શ કરી હશે, ન જિન્નાતે. જન્નતી લોકો હૂરોની સાથે તફરીહના તખ્ત પર બેસશે અને એમની સામે વલીમાનું ખાણું લાવવામાં આવશે, જયારે ખાણું ખાઈ ચૂકશે તો અલ્લાહ એમને પાકીઝહ શરબત

પિવડાવશે અને તાઝા ફળ ખાશે, જે અલ્લાહ એમને આપશે. ઝેવર અને લિબાસના જોડા પણ અલ્લાહની તરફથી પહેરાવવામાં આવશે અને ખૂબસૂરત બીવીઓથી સંભોગ પણ કરશે. પોતાની જરૂરત એમનાથી પૂરી કરશે. પછી આ બગીચાઓમાં નહેરોના કિનારે રંગબેરંગી સજાવેલી પાકીઝહ બેસવાની જગ્યાઓની તરફ આવશે. ત્યાં આવીને લીલા મોટા ગાદલાઓ પર બેસી જશે અને તેનાથી ટેકો લગાવશે, જયારે જન્નતી નરમ સફો પર બેસી જશે તો હઝરત ઈસ્રાફીલ (અલૈ.) ગાવાનું શરૂ કરશે. હઝરત ઈસ્રાફીલ (અલૈ.)થી વધારે સારો અવાજ અલ્લાહના ફરિશ્તાઓમાંથી કોઈનો ન હશે. હઝરત ઈસ્રાફીલ (અલૈ.) જયારે ગાવાનું શરૂ કરશે તો સાતેવ આસમાનવાળાઓની નમાઝો અને તસ્બીહો ખતમ થઈ જશે. હઝરત ઈસ્રાફીલ (અલૈ.) અલ્લાહની પાકીઝગી અને તસ્બીહના રંગબેરંગી ગીત ગાશે અને એના ગાવાના સમયે જન્નતનું દરેક ઝાડ ફૂલદાર અને ફળદાર અને દરેક પડદા અને દરવાજા ગૂંજી ઊઠશે. દરવાજાની દરેક સાંકળ–સોના અને ચાંદીની–દરેક બાજુએથી વાગવા લાગશે.

જયારે હઝરત ઈસ્રાફીલ (અલૈ.)ને અવાજ પહોંચશે તો એનાથી જાતજાતના અવાજ પેદા થશે. તે વખતે દરેક હૂર પોતાના રાગમાં અને દરેક પક્ષી પોતાના અવાજમાં ગાવા લાગશે. અલ્લાહ પાક ફરિશ્તાઓને હુકમ આપશે કે તમે પણ એને જવાબ આપો અને મારા તે બંદાઓને ગીત સંભળાવો, જેમણે દુનિયામાં શયતાનોના ધોકાઓથી પોતાના કાનોને પાક રાખ્યા હતા. ફરિશ્તાઓ જવાબમાં રૂહાની ગીતો અને રાગ ગાશે અને બધી અવાજો મળીને ગૂંજ (પડઘા)ની જેમ થઈ જશે. તે વખતે અલ્લાહ પાક હુકમ આપશે, દાવૂદ (અલૈ.) ઊઠો અને અર્શની પાસે ઊભા થઈને મારી મોટાઈ બયાન કરો.

હઝરત દાવૂદ (અલૈ.) અલ્લાહની મહાનતા અને તારીફ એવી બયાન કરશે કે આપનો અવાજ બધા અવાજો પર છવાઈ જશે અને બધાને નિખારી આપશે. તે વખતે મજા વધારે થઈ જશે અને તંબૂવાળાઓ પોતાની સફોમાં બેઠેલા હશે. જાતજાતની મજા અને રાગ ગાવા એમને ઘેરેલા હશે.

જન્નતવાળાઓની અમુક મજલિસની વાતો

સૂરએ સાફ્ફાતમાં ઈરશાદ છે : "પછી (જ્યારે તે એક મજલિસ હશે તો) એક બીજાની તરફ ધ્યાન દઈને વાતચીત કરશે. એમાંથી એક કહેવાવાળો કહેશે કે (દુનિયામાં) મારો એક મુલાકાતી હતો, જે મારાથી (અચંબાની રીતે) આ કહેતો હતો કે શું તું પણ કિયામતને માનવાવાળાઓમાંથી છે ? શું જ્યારે આપણે મરી જઈશું અને માટી અને હાડકાં બની જઈશું તો શું પોતાના કામોનો બદલો પામીશું ?"

પછી તે જન્નતી પોતાના મજલિસવાળાઓને કહેશે : "શું તમે એને (દોઝખમાં) ઝાંકીને જોવાનું ઈચ્છો છો ? પછી (પોતે જ) ઝાંકશે અને પોતાના મુલાકાતીને દોઝખની વચમાં જોઈ લેશે." હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું છે કે જન્નતમાં રોશનદાન (ઘરમાં પ્રકાશ આવવાનું છિદ્ર)ની જેમ ઝરુખો હશે, જેમાંથી જન્નતવાળા દોઝખવાળાઓને જોશે અને જન્નતી માણસ પોતાના મુલાકાતીને દોઝખમાં જોઈને કહેશે કે, "ખુદાની કસમ ! તું મને હલાક કરવાનો હતો અને જો મારા રબનો ફઝલ ન હોત તો હું (પણ તારી જેમ) દોઝખમાં હાજર કરી આપવાવાળાઓમાંથી હોત."

સૂરએ તૂરમાં જન્નતવાળાઓની એક વાતચીત આવી રીતે

નકલ ફરમાવી છે : "અને તે એક બીજાની તરફ ધ્યાન જમાવીને વાતચીત કરશે કે અમે આથી પહેલાં (દુન્યવી) ઘરબારમાં રહીને કામોના પરિણામથી ઘણા ડરતા હતા. અલ્લાહ પાકે અમારા ઉપર એહસાન ફરમાવ્યું અને અમને દોઝખના અઝાબથી બચાવી લીધા. આનાથી પહેલાં અમે દુઆ માંગ્યા કરતા હતા કે ખરેખર, તે ઘણો મુહસિન અને મહેરબાન છે.

તહિય્યતુહુમ ફીહા સલામુન

સૂરએ યૂનુસમાં ઈરશાદ ફરમાવ્યો : "બેશક, જે લોકો ઈમાન લાવ્યા અને નેક અમલ કર્યા, એમના ઈમાનના કારણે એમનો રબ તેમને એમના મકસદને (એટલે કે જન્નતમાં) પહોંચાડી આપશે." એની નીચે નહેર ચાલુ હશે. આરામના બગીચાઓમાં (અને તે) જન્નતમાં (દાખલ) થશે તો અચાનક જન્નતની અનોખી (વસ્તુઓ)ને જોઈને ત્યાં (આપોઆપ) એમ કહેશે કે સુબ્હાનલ્લાહ ! (શું નેઅમતો છે) અને કેવી સારી જગ્યા છે અને પછી એક બીજાને ત્યાં જોશે તો એમની અંદરો–અંદરની સલામ "અસ્સલામુ અલયકુમ" હશે અને જ્યારે સુકૂનથી ત્યાં જઈને બેસશે અને જૂની મુસીબતો અને તકલીફોનો તે વખતની ગેર મુકદ્દર હમેશાના આરામની બરાબરી કરશે તો તેમની (તે વખતની) છેલ્લી વાત આ હશે કે અલ્હમ્દુ લિલ્લાહિ રબ્બિલ્ આલમીન (એટલે કે બધા વખાણો અલ્લાહના માટે જ ખાસ છે, જે બધી દુનિયાનો પરવરદિગાર છે.)

તરજુમાથી જે આયતની તફસીર વાઝિહ થઈ રહી છે સાહિબે બયાનુલ કુર્આનની તફસીર છે અને સાહિબે મઆલિમુત્તન્ઝીલ તેની તફસીરમાં લખે છે કે જન્નતવાળાઓ

જયારે ખાવાની તમન્ના કરશે તો સુબ્હાનકલ્લાહુમ્મ કહી આપશે. તે કલિમાને સાંભળીને એના ખાદિમો દસ્તરખ્વાન લગાવી આપશે. જયારે ખાઈને ફારિગ થઈ જશે અને "તહિય્યતુહુમ્ ફીહા સલામુન"ની તફસીર કર્તા લખે છે કે જન્નતી હઝરાત મુલાકાતના સમયે એક બીજાને સલામ કરશે અને આ પણ નકલ કર્યું છે કે ફરિશ્તા જન્નતવાળાઓને સલામ કરશે અને આ પણ નકલ કર્યું છે કે ફરિશ્તા એમની પાસે અલ્લાહની સલામ લઈને આવશે. ત્રણે રીતે "તહિય્યતુહુમ્ ફીહા સલામુન"ની તફસીર થઈ શકે છે.

મુફસ્સિર ઈબ્ને કષીર ઈબ્ને જુરૈજથી નકલ ફરમાવે છે કે જન્નતવાળાઓની પાસે જયારે કોઈ પક્ષી પસાર થશે તો તે સુબ્હાનકલ્લાહુમ્મ કહેશે. આથી ફરિશ્તા એમની ચાહતના મુતાબિક પક્ષીઓને લઈને આવશે અને સલામ કરશે, જેનો જવાબ આપશે. "તહિય્યતુહુમ્ ફીહા સલામુન"માં એનો ઝિક્ર છે. જયારે ખાઈને ફારિગ થઈ જશે તો અલ્હમ્દુ લિલ્લાહ કહેશે, જેનું "વ આખિરુ દઅ્વાહુમ અનિલ્ હમ્દુ લિલ્લાહિ રબ્બિલ્ આલમીન"માં વર્ણન છે. આ પછી ઈબ્ને કષીર લખે છે કે સુફયાન સૌરી (રહ.)એ ફરમાવ્યું છે કે જન્નતી જયારે કોઈ વસ્તુને માંગવાનો ઈરાદો કરશે તો સુબ્હાનકલ્લાહુમ્મ કહી આપશે (બસ તે હાજર થઈ જશે). આથી મા'લૂમ થયું કે ઈબ્ને જુરૈજ (રહ.)એ આયતની તફસીર ફરમાવતા જે પક્ષીનું વર્ણન કર્યું છે તે નમૂના માટે છે. નહીં તો દરેક નેઅમતની તમન્નાના ઝાહિર કરવાના માટે જન્નતી હઝરાત સુબ્હાનકલ્લાહુમ્મ કહેશે. એ જે ફરમાવ્યું કે ફરિશ્તા પક્ષીઓને લઈને હાજર થશે, મા'લૂમ થાય છે કે તે અમુક સમયની વાત છે, કારણ કે રિવાયતમાં પહેલાં આવી ગયું કે પક્ષી પોતે જન્નતવાળાઓની સામે આવીને પડશે.

જન્નતની નેઅમતોની આખી હાલત અને માત્રા (પ્રમાણ) દુનિયામાં નથી સમજાય શકતી !

જન્નતના વિશે જે કંઇ સાંભળીને અને પઢીને સમજમાં આવે છે કે જયારે જન્નતમાં જશે તો તેનાથી ઘણી ઊંચી અને સારી પામશે. પહેલા તો આ કારણથી કે જન્નતની જે નેઅમતોનું વર્ણન કુર્આન અને હદીસમાં હાજર છે ત્યાં એમના સિવાય ઘણી બધી નેઅમતો છે. બીજું આ કારણથી કે કોઇ વસ્તુને જોવાથી અને વાપરવાથી જે પૂરી જાણકારી હાસિલ થાય છે તે ફક્ત સાંભળવાથી હાસિલ થતી નથી. આથી આ દુનિયામાં રહીને જન્નતની નેઅમતોની સાચી હકીકત અને હાલતનું જ્ઞાન નથી થઇ શકતું.

હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલે ખુદા (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે અલ્લાહ જલ્લ શાનુહૂ ઇરશાદ ફરમાવે છે કે મેં પોતાના નેક બંદાઓના માટે તે વસ્તુઓ તૈયાર કરી રાખી છે, જેને ન કોઇ આંખે જોઇ, ન કોઇ કાને સાંભળ્યું અને ન કોઇ માણસના દિલ પર એનો ગુઝર થયો. પછી આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે (કુર્આનથી) આ વાતને સાચી સાબિત કરવાનું ચાહો તો આ આયત પઢી લો : ફલા તઅ્લમુ નફ્સુમ્ મા ઉખ્ફિ–ય લહુમ્ મિન્ કુર્રતિ અઅ્યુન્. (બુખારી, મુસ્લિમ શરીફ)

મુસ્લિમ શરીફની એક રિવાયતમાં છે કે હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઉપરવાળા મઝમૂન (લેખ સમૂહ) ઇરશાદ ફરમાવીને છેવટે ફરમાવ્યું કે બલ્ મત્તલઅકુમુલ્લાહુ અલયહિ એટલે કે અલ્લાહ તઆલાએ કુર્આનની આયતોના

વાસ્તાથી અથવા નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની ઝબાન મુબારકથી જે જન્નતની નેઅમતોની ચર્ચા કરી છે એના સિવાય જે નેઅમતો છે તે ઘણી વધારે છે.

હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો કે જન્નતમાં કોરડાની જગ્યા આખી દુનિયા અને દુનિયામાં જે કંઈ પણ છે બધાથી સારું છે. (બુખારી, મુસ્લિમ)

આ પણ ફરમાવ્યું કે જન્નતી જગ્યામાં અડધી કમાન રાખી શકાય છે. જન્નતમાં આટલી ઓછી જગ્યા તે બધી વસ્તુઓથી સારી છે, જેના પર સૂરજ ઊગે છે અને આથમે છે.

(બુખારી શરીફ)

જયારે સવારીથી સવાર ઊતરવા લાગે છે તો જગ્યા પર કબજો કરવાના માટે પહેલા પોતાનો કોરડો (એટલે ચાબુક) જમીન પર ફેંકી આપે છે અને પગપાળા ચાલવાવાળો જયારે બેસવા લાગે છે તો પહેલાં પોતાની કમાન નાખી આપે છે પછી બેસે છે. આં હઝરત (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ જન્નતનું મોટાપણું અને કિંમત સમજાવવાના માટે ઈરશાદ ફરમાવ્યો કે જન્નતની આટલી જગ્યા જેમાં એક કોરડો અથવા અડધી કમાન રાખી શકાય, તે પૂરી દુનિયાના ઈલાકાથી લાંબી અને પહોળી જગ્યાથી ફઝીલતવાળી છે.

આખી જન્નત જેની પહોળાઈના સામે હજારો દુનિયાની પહોળાઈ પણ કંઈ જ નથી.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)એ ફરમાવ્યું છે કે દુનિયાની વસ્તુઓમાંથી કોઈ જન્નતમાં નથી. ફક્ત નામોની સમાનતા છે. (રિવાયત કરી બયહકીએ પાકી સનદની સાથે,

જેવી રીતે કે તરગીબમાં છે.)

મતલબ આ છે કે જન્નતની નેઅમતોની ચર્ચામાં જે સોનું–ચાંદી, મોતી, રેશમ, ઝાડ, ફળ, મેવાઓ, તખ્ત, ગાદલાઓ અને કપડાં વગેરે આવ્યું છે, આ વસ્તુઓ ત્યાંની વસ્તુઓ હશે અને તે દુનિયાના એ'તિબારથી તેમની ભલાઈ અને અચ્છાઈઓ હશે. દુનિયાની કોઇ પણ વસ્તુ જન્નતની કોઈ પણ વસ્તુના સામે કાંઇ પણ નથી.

ફહલ મિમ્ મુશ્તમિરિલ્ લહા
શું કોઈ જન્નતના માટે તૈયારી કરવા-વાળો છે ?

જન્નતની ઘટનાઓ (અહેવાલ) તમે પઢી લીધી. ત્યાંની નેઅમતોની વિગત જાણી લઇએ. ત્યાં રહેવાનું દિલ પણ ચાહતું હશે. કેટલાય વખત જન્નતમાં દાખલ થવા માટે અલ્લાહ તઆલાથી તમે દુઆ પણ કરી હશે અને બેશક, દરેક મુસલમાનના દિલમાં જન્નતનો શોખ અને ત્યાં રહેવાની જગ્યા મળવાની તડપ હોવી જરૂરી છે, પરંતુ તડપ અને તલબ અને ઝૌક અને શોખની સાથે નેક કામો (અમલો)ની મૂડીનો એહતિમામ કરવો પણ જરૂરી છે. જન્નત જેવી વસ્તુની તલબ રાખવાવાળો નેક અમલોથી ખાલી નથી હોઈ શકતો. બેવકૂફ છે તે લોકો જે જન્નતની તમન્ના તો કરે છે, પરંતુ ગુનાહોથી તરબોળ છે અને નેક અમલોના સરમાયા (પૂજી)થી ગફલતમાં છે. કુર્આને પાકની સ્પષ્ટતા અનુસાર અલ્લાહ તઆલાએ જન્નતના બદલામાં મુઅમિનોથી એમની જાનો અને માલોને ખરીદી લીધેલ છે. આથી મુઅમિન બંદાઓ પર જરૂરી છે કે શરીઅતના તકાઝાઓ (માંગણી) પર જાન અને

માલ લગાવીને જન્નતના હકદાર બને. ઈન્નલ્લા હશતરા મિનલ્ મુઅમિનીન અન્ફુસહુમ વ અમ્વાલહુમ્ બિઅન્ન લહુમુલ્ જન્નહ. નમાઝના માટે મુઅઝ્ઝિન પુકારે તો સૂતા રહી જાય અથવા ધંધા–વેપાર નમાઝને કુર્બાન (બરબાદ) કરી નાખે. ઝકાતનો હુકમ લાગુ પડે તો જીવ ગભરાવા લાગે. રમઝાન આવે તો રોઝા (બરબાદ) ખાય જાય. હજ ફર્ઝ થાય તો માલની મુહબ્બતમાં હજ કર્યા વગર મરી જાય. ધંધા–વેપારમાં હરામ–હલાલનો જરા પણ ખ્યાલ ન કરે. તારો–મારો રૂપિયો ઝૂંટવી લેવાનો કમાલ જાણે. કુર્આન અને હદીસ પઢવા–પઢાવવાને ખામીનું કામ સમજે. કમઝોરો પર ઝુલમ કરે. ગરીબોથી મજૂરી દીધા વગર કામ લે. (રિશ્વત) લાંચની લેવડ–દેવડને ફર્ઝ (જરૂરી) સમજે. યતીમોનો માલ ખાય જાય અને વિરાસત (મીરાષ) શરીઅતના પ્રમાણે ન વહેંચે. નફલોને અદા કરવાથી ગભરાય અને અલ્લાહની યાદથી પરહેઝ કરે અને પછી જન્નતના ઊંચા દરજાઓની ખ્વાહિશ કરે તો આ તો ઘણી મોટી નાસમજ છે. જન્નતના ઊંચા મરતબા (હોદ્દા)ઓના માટે નફસને કાબૂમાં કરવો પડે છે. શરીઅતના હુકમનું પાલન કરવામાં નફસને જે ના–ગવારી થાય છે એને વેઠવું પડે છે. હદીસ શરીફમાં ઈરશાદ છે કે "દોઝખને ખ્વાહિશોથી ઘેરી દેવામાં આવી છે અને જન્નતને ના–ગવારીઓથી ઘેરી દેવામાં આવી છે." મતલબ આ છે કે ઈબાદતોમાં મહેનત કરવા અને બરાબર ખુદાવંદે કુદુસના ફરમાંબરદાર રહેવા અને હરામ ખ્વાહિશોથી પરહેઝ કરવામાં જે નફસને ના–ગવારી થાય છે તે જ ના–ગવારીના પાછળ જન્નત છે. ના–ગવારીને (વેઠવું), બરદાશ્ત કરવું જન્નતમાં પહોંચવાનો સબબ છે અને એનાથી ઊલટું જે માણસ નફસની ચાહતોનો પાબંદ બની ગયો અને હરામ અને હલાલના સવાલથી બેપરવા થઈ ગયો તો શહવતો અને

ખ્વાહિશો એને દોઝખમાં પહોંચાડી આપશે.

એક હદીસમાં ઇરશાદ છે :

"હોશિયાર તે છે જે પોતાના નફસ પર કાબૂ મેળવી લે અને મોતના પછીના માટે અમલ કરે અને બેવકૂફ તે છે જે પોતાના નફસને ખ્વાહિશોની પાછળ લાગેલો રાખે અને અમલ વગર અલ્લાહથી ઉમ્મીદ રાખે." (તિરમિઝી)

જેને દોઝખથી બચવાની અને જન્નતમાં પહોંચવાની ફિકર હોય તે દુનિયાને આખિરત પર શ્રેષ્ઠતા નહીં આપે અને જાન–માલને જન્નતની બરાબરીમાં વહાલો ન જાણશે. જેટલી નેકીઓ કરશે ઓછી સમજશે અને પોતાના દરજાત વધારવાના માટે ફરાઇઝ અને નવાફિલનો એહતિમામ કરશે. હકીકતમાં આખિરતની ફિકર રહી જ નથી. જન્નત જેનો કોઇ નમૂનો નથી અને કિંમતી વસ્તુનું યકીન હોવા છતાં ફરમાંબરદારી અને ઇબાદતમાં કમી કરવી મોટી નાસમજ છે. રસૂલે ખુદા (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું છે કે :

"દોઝખ જેવી વસ્તુ મેં નથી જોઇ, જેના (અઝાબ અને મુસીબત)થી ભાગીને બચવાવાળો સૂઇ રહે અને (એવી રીતે) જન્નત જેવી રગબત (ઇચ્છા) અને મજાની વસ્તુ મેં નથી જોઇ, જેને તલબ કરવાવાળો સૂઇ રહે." (તિરમિઝી)

મતલબ આ છે કે દોઝખની મુસીબતો અને તકલીફોનું યકીન કરવા પર દોઝખનું જ કામ કરતો ચાલ્યો જાય અને જન્નતનો શોખ (ઇચ્છા) રાખવાવાળો ગફલતની ઊંઘથી સૂતો રહે અને નેક અમલોની ફિક્ર ન કરે. આ મોટા અચંબાની વાત છે. આમ તો દુનિયામાં એવા લોકો પણ છે, જે સુસ્તી (ગફલત)ના કારણથી તકલીફો ઉઠાવે છે અને પોતાના

શોખની વસ્તુઓ હાસિલ કરવાથી મહરૂમ (વંચિત) રહે છે, પરંતુ દોઝખથી બચવાનો ઈરાદો રાખવાવાળો ગફલતમાં પડયો રહે અને જન્નતનો તલબ કરવાવાળો સુસ્તીમાં ઉમર વિતાવી આપે, આ ઘણું વધારે આશ્ચર્યજનક છે.

દુનિયાની જિંદગી એક સફર છે, જેની છેલ્લી મંઝિલ મુઅમિન બંદાઓના માટે જન્નત છે, પરંતુ જન્નતના માટે મહેનતની જરૂરત છે, કારણ કે જે વસ્તુઓ જે પ્રમાણમાં કિંમતી અને સારી હોય છે, એ જ પ્રમાણમાં વધારે કિંમત (વાળી) હોય છે. હદીસ શરીફમાં ઈરશાદ છે કે :

"જે માણસને (સફરની દૂરી અને પરેશાનીઓથી) ભય હોય તે રાત્રિના શરૂ (ભાગ)માં રવાના થઈ જાય છે અને જે માણસ રાત્રિના શરૂમાં રવાના થઈ જાય છે તે મંઝિલે પહોંચી જાય છે. યાદ રાખો ! અલ્લાહનો સોદો મોંઘો છે. યાદ રાખો ! અલ્લાહનો સોદો જન્નત છે, (જેના ખરીદાર બંદાઓ છે)."

દુનિયાની જરૂરતોના માટે જયારે કોઈ જરૂરી સફર પર જવાનું થાય છે તો ઘણાં પહેલાંથી ચાલતા થાય છે અને ચેન–સુકૂનને કુરબાન કરીને બરાબર વખત પર આવવાના વખતથી પહેલાં મંઝિલ પર પહોંચી જાય છે. આખિરતના મુસાફિરે આનાથી સબક લેવો જોઈએ અને નફ્સની ફરમાંબરદારીના બદલામાં શરીઅતની ઘણી સારી રીતે પાબંદી (નિયમસર) કરીને આખિરતના સફરને વધારે પડતો કામિયાબ બનાવવો જોઈએ, જેથી મોંઘો સોદો એટલે કે જન્નત હાથથી જવા ન પામે. દુનિયાના સાઝો–સામાન અને મકાન–દુકાન પર કેટલી રકમો લાગે છે અને કેવી કેવી જવાનીઓ ખતમ થાય છે અને કેવા કેવા તંદુરુસ્ત અને તાકાતવર માણસો બરબાદ થાય છે અને ઓરતથી નિકાહ કરવાના માટે કેટલા પ્રમાણમાં તકરાર–

ઝઘડો કરવામાં આવે છે અને કેટલી દોલતો લુંટાવવામાં (બરબાદ) કરવામાં આવે છે. જ્યારે હકીર (ઝલીલ) દુનિયાના માટે ધન-દોલત, તંદુરુસ્તી અને જવાની બરબાદ થઈ રહી છે અને મોટી મોટી કોશિશો કરતા રહે છે. હાલત આ છે કે તે ફના થવાનું છે અને તેને છોડીને ચાલ્યા જવાનું છે તો જન્નત જેવા "દારુલ મકામહ" (રહેવાના સ્થળ)ના માટે અને ત્યાંની નેઅમતો અને લઝ્ઝતો (મજા)ને હાસિલ કરવાના માટે તો ઘણી વધારે જાની અને માલી કુરબાની આપવાની અને મહેનત કરવાની જરૂરત છે :

બહ્‌રે ગફલત યહ તેરી હસ્તી નહીં,
દેખ જન્નત ઇસ કદર સસ્તી નહીં,
રહગુઝર દુનિયા હૈ યહ બસ્તી નહીં,
જાએ ઇશ્રતો-મસ્તી નહીં.

દુનિયાને જન્નત બનાવનારાઓ પોતાના પિતાના જન્નતનો હાલ જોઈ લો

કૌમે આદમમાં બે બાદશાહ થયા : શદીદ-શદ્દાદ. એમની રાજગાદી યમન દેશમાં અદન (શહર)ના નજીક હતી. આ બન્ને બાદશાહ આખી પૃથ્વીની સપાટી પર હુકૂમત કરતા હતા. એમના પાસે ઘણું લશ્કર અને અગણિત ખઝાનો હતો, પરંતુ શદીદના મરવા પછી હુકૂમતનું કામકાજ એના ભાઈ શદ્દાદે સંભાળ્યું અને તે રાજગાદી પર બેઠો. શદ્દાદે હુકૂમત સંભાળવાના સાથે જ હુકૂમતને ઘણી જ તરક્કી આપી અને તેને ઘણી જ બુલંદી પર પહોંચાડી આપી. અહિંયા સુધી કે દુનિયામાં જે પ્રમાણમાં પણ બાદશાહ અને હુકૂમત કરવા-વાળા હતા, કોઈ માણસ પણ એની વિરુદ્ધ મારવાની તાકાત

પણ રાખતો ન હતો. આજ કારણથી તેને ખુદા હોવાનો દાવો કર્યો. આથી જમાનાના આલિમો અને મુકર્રિરો (નસીહત કરવાવાળાઓ)એ તેને ઘણો સમજાવ્યો કે અલ્લાહની ઈબાદત કર. તેની ઈબાદતમાં આ આ ફાયદાઓ છે. આ બદનસીબે જવાબ આપ્યો કે જે ધન–દૌલત, હુકૂમત અને ઈઝ્ઝત મને હાસિલ છે, અલ્લાહની ઈબાદત કરવામાં આનાથી વધારે બીજી શું વસ્તુ મળશે અને જે માણસ કોઈની ગુલામી કરે છે એના બે કારણો હોય છે : (૧) ક્યાં તો હોદ્દાની પ્રગતિ માટે, (૨) અથવા તો માલ–મિલકત હાસિલ કરવા માટે અને તમને ખબર છે કે આજે જે મારો હોદ્દો છે દુનિયામાં આનાથી વધીને કોઈ હોદ્દો નથી અને જેટલી મારી પાસે માલ–મિલકત છે એનાથી વધારે કોઈ માણસની પાસે કોઈ માલ–મિલકત નથી. આ હાલતમાં મારે શું જરૂરત છે કે હું કોઈની ફરમાંબરદારી–ગુલામી અને સેવા કરું. બધી વસ્તુઓ ફના (ખતમ) થઈ જશે. કોઈ વસ્તુ પણ તારી પાસે ન રહેશે. જો તું અલ્લાહની ઈબાદત કરીશ તો તેના બદલામાં હંમેશા રહેવાવાળી એવી ઈનામમાં જન્નત હાસિલ કરીશ કે જે બધી દુનિયાની હુકૂમત અને ખઝાનાઓથી સારી છે. આ સાંભળીને ઉલમાથી નીચે વર્ણન કરેલી વાતચીત કરી.

શદ્દાદ :– તે જન્નતમાં શું શું વસ્તુઓ હશે ? ઉલમાએ એના વખાણ અને એની ખૂબીઓ નબીઓથી સાંભળી હતી, તે બધી તેની સામે બયાન કરી આપી કે તેનાં વૃક્ષો આવા હશે, એની નહેરો આવી હશે. એની બનાવટ, એના કપડાં, એની ઔરતોની હાલત મતલબ કે જે કંઈ એની જાણકારી હતી બધું જ શદ્દાદને વિગતવાર બતાવી આપ્યું. આ વિગતવાર વાતોને સાંભળીને શદ્દાદે કહ્યું કે વાહ ! હું તો સમજતો હતો કે જાણે તે જન્નત કેવી હશે ? જો તમારા ખુદાની આ જ જન્નત છે તો

મને તે જન્નતની કોઇ જરૂરત નથી, કારણ કે હું પણ આવી જન્નત પોતાની હુકૂમતમાં તૈયાર કરાવી શકું છું. ઉલમા આ બકવાસને સાંભળીને ચૂપ થઇ ગયા અને સમજી ગયા કે આ નહીં માનશે. પછી આનાથી વધારે કોઇ વાત કહેવી બેકાર છે. આથી પોતાના ઘરે ચાલ્યા આવ્યા અને શદાદે ખુદાથી મુકાબલો કરવાની સ્કીમ શરૂ કરી આપી.

જન્નતની તૈયારીનો હુકમ

શદાદે પોતાના ભરોસાપાત્ર સરદારોમાંથી આ કામના માટે સો માણસોને પસંદ કર્યા અને પ્રત્યેકના હાથ નીચે એક એક હજાર માણસો આપ્યા. જેમ કે જન્નતની તૈયારીના માટે એક નવી કચેરી બનાવી, જેના કામ કરવાવાળાઓની ગણતરી એક લાખથી વધારે હતી. કોઇ અફસર (સરદાર)ના ઝિમ્મે સપ્લાયનું કામ નક્કી કર્યું. કોઇના ઝિમ્મે એન્જિનિયરીંગ અને નકશાની તૈયારી વગેરે. કોઇના ઝિમ્મે હિસાબ–કિતાબ વગેરે સોંપી આપ્યું અને દુનિયાના દરેક મુલ્ક (દેશ) અને રાજ્યમાં બાદશાહી તરીકાથી આદેશો રવાના કર્યા, જે પ્રમાણમાં પણ સોનું–ચાંદી અને જવાહિરાત ખઝાનાઓમાં હાજર હોય તેને કાઢવામાં આવે અને હુકમ પહોંચતાં જ બધું મોકલી આપવામાં આવે. બાંધકામની કચેરીવાળાને હુકમ આપ્યો કે અદન પહાડના નજીક ચાલીસ કોસ (એટલે કે બે માઇલ–ત્રણ કિલોમીટરનું અંતર) મુરબ્બા (એટલે કે જેની લંબાઇ અને પહોળાઇ બરાબર હોય) વિસ્તાર લેવામાં આવે અને જગ્યા ઉપર જન્નતની દાગબેલ (એટલે કે ઇમારતની સીમા નક્કી કરવા માટે લગાવવામાં આવતું નિશાન) નાખવામાં આવે અને એનો પાયો એ પ્રમાણમાં ઊંડો ખોદવામાં આવે કે તે

પાયાઓ પાણીના નજીક પહોંચી જાય અને એને સંગે સુલયમાની (બે રંગના ધારીદાર પથ્થર)થી ભરી આપવામાં આવે. જ્યારે (પાયાઓ) ભરાઈ જાય અને જમીનના બરાબર થઈ જાય ત્યારે આ બુનિયાદો પર એ રીતે ચુનાઈ (ચણવાનું કામ) શરૂ કરવામાં આવે કે એક ઈંટ ચાંદીની અને એક ઈંટ સોનાની રાખવામાં આવે. આ રીતે એની ચાહતના મુતાબિક બાંધકામ શરૂ થયું. પાયાઓ ભરવામાં આવ્યા. દીવારોમાં સોના–ચાંદીની ઈંટો લગાડવામાં આવી અને દીવારની ઊંચાઈ તે જમાનાના ગઝોથી (ગઝ–સવા બે ફૂટના માપનું નામ છે) પાંચસો ગઝની રાખવામાં આવી અને દીવારો એ પ્રમાણે ખૂબસૂરત અને ચમકદાર હતી કે જ્યારે સૂરજ નીકળતો હતો તો એની ચમકથી તે દીવારો પર નજર ન થોભી શકતી હતી. પછી આ ચાર દીવારીમાં હજાર મહેલ તૈયાર કરાવવામાં આવ્યા અને દરેક મહેલમાં એક હજાર સુતૂન (પાયા) રાખવામાં આવ્યા અને દરેક સુતૂનમાં જવાહિરાતથી કારીગરી કરાવવામાં આવી અને તે ચાર દીવારીમાં એક નહેર બનાવવામાં આવી અને દરેક મહેલમાં હૌઝ અને નાના હૌઝ તૈયાર કરાવવામાં આવ્યા અને આ નહેરથી દરેક મહેલની નીચે એક એક નહેર ચાલુ કરાવી, જેથી દરેક મકાનમાં કાયમના માટે ફુવારા ઊભરતા રહે. હૌઝ અને નાના હૌઝ દરેક સમયે પાણીથી ભરાયેલા રહે. આ નહેરોનો વચલો ભાગ યાકૂત અને ઝુમુર્રદ, મરજાન અને નીલમથી ભરી આપવામાં આવ્યો અને તે નહેરોના કિનારાઓ પર બનાવટી ઝાડ લગાવવામાં આવ્યાં, જેનાં મૂળ સોનાના અને ડાળીઓ અને પાંદડાંઓ ઝુમુર્રદના અને ફૂલો–ફળ સાચાં મોતીઓ અને લાલ યાકૂત અને બીજા અલગ અલગ પ્રકારના જવાહિરાતના બનાવીને લટકાવવામાં આવ્યા. દુકાનો અને દીવારોને મુશ્ક અને ઝાફરાન, અંબર અને ગુલાબની સાથે

મિલાવીને સજાવટ કરાવવામાં આવી અને સોનાના પાણી સાથે એની કારીગરી કરાવવામાં આવી અને ખૂબસૂરત અને સારા અવાજવાળું જાનવર તે જન્નતમાં છોડવામાં આવ્યું અને તે જન્નતની ચારે બાજુ એક હજાર સોના અને ચાંદીના ચબૂતરા બનાવ્યા, જેથી ચોકીદાર એની ઉપર બેસીને પોતપોતાની વારીથી ચોકીદારી કર્યા કરે અને જ્યારે આ જન્નત બની ગઈ તો હુકમ આપવામાં આવ્યો કે આખી જન્નતમાં કાલીન અને રેશમી જરી–કસબનું પાથરણું બિછાવવામાં આવે અને સોના–ચાંદીની રકાબીઓ અને પ્યાલાઓ વગેરે બધું મકાનોમાં તરતીબથી ગોઠવી આપવામાં આવે અને કોઈ નહેરમાં મીઠું પાણી અને કોઈમાં શરાબ અને કોઈમાં દૂધ અને કોઈમાં મધ ચાલુ કરાવવામાં આવે અને બજાર અને દુકાનોને કિનખ્વાબ અને તારથી જડેલા સોના–ચાંદીના પર્દાઓથી સજાવવામાં આવે અને દરેક ધંધા–વાળાઓને હુકમ આપવામાં આવે કે પોતપોતાના ધંધામાં દરેક માણસ મશગૂલ (લાગેલો) રહે અને જે ચાહે (પસંદ) કરે તે કરે અને આખા રાજ્ય (સલતનત)માં હુકમ મોકલ્યો કે દરેક જગ્યાએથી દરેક મોસમમાં ઊંચી જાતના ફળ અને અલગ અલગ પ્રકારનો ઊંચી જાતનો ખોરાક અહિંયા રવાના કરવામાં આવે. મતલબ આ કે એક લાખથી વધારે માણસોએ ત્રણ સો (૩૦૦) વર્ષમાં આ શાન–શૌકત (ઠાઠમાઠ)ની સાથે આ જન્નત તૈયાર કરી. આની તૈયારી પછી પોતાના બધા જ હુકૂમતના સભ્યો, વઝીરો અને માલદારોને હુકમ આપ્યો કે બધા લોકો શણગાર અને છેલપણા (ઠાઠમાઠ) સાથે મારી જન્નતમાં જઈને રહે અને પોતે પણ પોતાની જન્નતમાં રોકાવાના મકસદથી પોતાનું લશ્કર અને સિપાહીઓને પોતાની સાથે અસલી ખિલાફતના રહેઠાણથી કૂચ કરી. પોતાની સાથે તે આલિમોને પણ લીધા, જે એને ખુદાની

જન્નતની લાલચ આપતા હતા અને તેમને શરારત અને ગુસ્તાખીથી રોકતા હતા. રસ્તામાં આ આલિમોને કહેવા લાગ્યો કે તમે આ જ જન્નતના માટે મને કહેતા હતા કે કોઈ બીજાના સામે માથું ઝુકાવીશ અને ઝલીલ (રુસવા) થઈ જઈશ અને હવે મારી કુદરત (પ્રકૃતિ) અને તમારા ખુદાથી બેનિયાઝી તમો લોકોને સારી રીતે ખબર પડી જશે. આ રીતે આ ઠાઠમાઠની સાથે આ જન્નતના નજદીક પહોંચ્યો. જન્નત–વાળાઓ જન્નતની બહાર એના સ્વાગતમાં નીકળ્યા. સોનું–ચાંદી અને જવાહિરાત (રત્નો) એને અર્પણ કરવા લાગ્યા અને ભેટ (ઉપહાર) જે અલગ અલગ પ્રકારની હતી એની ખિદમતમાં હાજર કરવામાં આવી. શદ્દાદ આ તકબ્બુરની સાથે પોતાની જન્નતની તરફ ચાલી રહ્યો હતો, જયારે જન્નતના દરવાજા પર પહોંચ્યો તો એના પાછળ લાખો–કરોડો તમાશો જોનાર હતા. શદ્દાદની સવારી આગળ આગળ ચાલી રહી હતી. ખુશીનું વાજું વાગી રહ્યું હતું. નફીરી (શહનાઈ) (વાંસળી)ની અવાજ મસ્ત કરી રહી હતી. શદ્દાદનો ચહેરો ખુશીના કારણથી ફૂલની જેમ ખીલી રહ્યો હતો, પરંતુ આ સામાન, ઠાઠમાઠની સાથે જેવો જ શદ્દાદે જન્નતના દરવાજા પર કદમ મૂકયો તે જ વખતે આસમાનની તરફથી એક એવી ભયાનક અને સખત અવાજ આવ્યો કે બધા જ સાથીઓ હલાક થઈ ગયા અને શદ્દાદ પણ આ ભયાનક ડરાવનારી અવાજ સાંભળીને બેભાન થઈને ઘોડા પરથી પડી ગયો અને નવસો (૯૦૦) વર્ષની ઉંમરમાં લાખો હસરતો (અફસોસ)ની સાથે હલાક થઈ ગયો અને પોતાની બનાવેલી જન્નતને જોવાની કરોડો તમન્નાઓ દિલની દિલમાં જ લઈ ગયો અને એની લાખો તમન્નાઓ અને કરોડો હસરતોને માટીમાં મિલાવી આપવામાં આવી. અહિંયા સુધી કે ઈઝરાઈલ (અલૈ.) પણ અલ્લાહના હુકમથી એની જાન

કબજે કરી રહ્યા હતા, પરંતુ દિલમાં નરમી અને આંખોથી આંસુ વહેતા હતા. આ રીતે એક સમયે હઝરત ઈઝરાઈલ (અલૈ.)એ હક તઆલાથી ગુઝારિશ કરી કે મને કોઈની રૂહ કાઢતાં કદી રહમ નથી આવી, પરંતુ બે માણસોની રૂહ કાઢતાં ઘણી જ રહમ આવી. જો આપનો હુકમ ન હોત તો ક્યારેય એમની રૂહ ન કાઢત. એક તો તે છોકરા પર જેની માં હોડીના તખતા (લાકડા) પર રહી ગઈ હતી અને તે નવું પેદા થયેલ બાળક પોતાની માંના સાથે તે તખતા પર રહી ગયું અને તારો હુકમ થયો કે તેની માંનો જીવ કબજે કરી લે. તે સમયે મને દયા આવી કે આ બાળકની દેખભાળ કોણ કરશે ? બીજો તે બાદશાહ જેણે મોટી મોટી ઉમ્મીદોની સાથે એ બેમિસાલ જન્નત તૈયાર કરાવી અને જ્યારે તે તૈયાર થઈ ગઈ અને એને જોવાના માટે તે આવ્યો, જે સમયે એણે પોતાનો કદમ દરવાજામાં મૂક્યો તો હુકમ થયો કે જા, તેની રૂહ કબજે કર. તે સમયે પણ મને ઘણી નરમી આવી કે તું જ જાણે છે કે એની શું શું હસરતો દિલની દિલમાં રહી ગઈ. હક તઆલાએ એના જવાબમાં ઈરશાદ ફરમાવ્યો કે બાદશાહ તે જ છોકરો હતો, જેને અમે માં–બાપ વગર પરવરિશ કરાવીને તે દરજ્જા (મરતબા)એ પહોંચાડયો હતો. આથી અય ઈઝરાઈલ (અલૈ.) ! તેં બધી મખ્લૂકમાં બન્ને વખતે શદાદ પર જ રહમ કરી. (તફસીરે ફત્હુલ અઝીઝ)

જન્નતનાં ખૂબસૂરત દશ્યો

નબી, સિદ્દીક અને શહીદનો મહેલ

હદીસ : હઝરત ઉમર બિન ખત્તાબ (રદિ.) ફરમાવે છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ

ઈરશાદ ફરમાવ્યો :

જન્નતમાં એક મહેલ એવો છે, જેમાં નબી અથવા સિદીક અથવા શહીદ અથવા ઈન્સાફ કરવાવાળા બાદશાહના સિવાય કોઈ નહીં જઈ શકશે તો હઝરત ઉમર (રદિ.)એ ફરમાવ્યું : જો અલ્લાહ ચાહે નુબુવ્વત (ના સિલસિલાને) તો અલ્લાહે (આં હઝરત સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પર) પૂરો કરી દીધો છે અને શહાદત તો મારા નસીબમાં ક્યાં (પરંતુ હઝરત ઉમર (રદિ.) પણ શહીદ થયા હતા) અને ઈન્સાફવર બાદશાહ બનવાનું તો જો અલ્લાહે ઈચ્છયું તો (બની શકીશ). આં હઝરત (સલ્લલ્લાહ અલયહિ વ સલ્લમ)એ દુઆ ફરમાવી : اَللّٰهُمَّ ارْزُقْ عُمَرَ ذٰلِكَ۔

અય અલ્લાહ ! ઉમરને પણ આ મહેલ અતા ફરમાવ.

એક મહેલમાં ચાળીસ મહેલો

હદીસ : હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો :

મુઅમિનનું ઘર જન્નતમાં એક જ ચમકદાર મોતીનું હશે, જેમાં ચાળીસ મહેલો હશે. એના વચમાં એક ઝાડ હશે, જે લિબાસ (પહેરવેશ) ઉગાડશે અને લુઅ્લુઉ અને મરજાનથી ઘેરાયેલ હશે.

મહેલોના બાંધકામની ભવ્યતા

હદીસ : હઝરત લૈસ બિન અબ્દુલ્લાહ બિન જાફર

(રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો :

જન્નતના મહેલોનો જાહેરી (બહારનો) ભાગ લાલ સોનાનો છે અને જેનો અંદરનો ભાગ લીલા ઝબર્જદ (એક પ્રકારનું રત્ન)નો છે. એના ગુંબદ યાકૂતના છે અને કાંકરા મોતીના છે.

દરેક મુઅમિન માટે નવ શાનદાર મહેલો

હદીસ : હઝરત હસન બસરી (રહ.)થી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો :

જન્નતના મહેલોમાંથી દરેક મુસલમાનના માટે નવ મહેલ હશે. એક મહેલ ચાંદીનો હશે, જેની ટોચ (કિલ્લાનો બુરજ) સોનાની હશે. એક મહેલ સોનાનો હશે જેની ટોચ ચાંદીની હશે. એક મહેલ લુઅલુઉ (મોતી)નો હશે, જેની ટોચ યાકૂતની હશે. એક મહેલ યાકૂતનો હશે, જેની ટોચ લુઅલુઉની હશે. એક મહેલ ઝબર્જદનો હશે, જેના બુરજ યાકૂતના હશે. એક મહેલ એવા નૂરનો હશે કે જેનાથી આંખો અંજાય જશે. એક મહેલ એવો હશે કે (દુનિયાની) આંખો એને જોવાની તાકાત નથી રાખતી અને એક મહેલ અર્શના કલર (રંગ)ની જેમ છે અને દરેક મહેલ આઠસો કિલોમીટરમાં છે અને એમાંથી દરેક મહેલના એક હજાર દરવાજાના પરદા છે.

મહેલોના સહેલ-સપાટા

હઝરત ઝહહાક બિન મઝાહિમ (રહ.) ફરમાવે છે કે જ્યારે જન્નતી જન્નતમાં ચાલ્યા જશે તો તેમાંથી દરેક મર્દને એક ફરિશ્તો મળશે, જે તેને હાથથી પકડીને ચાંદીના એક મહેલની પાસે લાવશે, જેના ગુંબજ સોનાના હશે અને એની આજબાજુ ઝાડો હશે. એના દરેક ગુંબજની વચમાં ઘણી નહેરો હશે. એક ગુલામ એને અવાજ આપશે, મરહબા ! અય અમારા સરદાર અને મૌલા ! પછી તે પોતાના મહેલમાં દાખલ થશે અને જે કંઇ અલ્લાહ તઆલાએ એ . માટે તૈયાર કરી રાખ્યું છે એને આપશે. પછી ફરિશ્તો તેનો હાથ પકડીને લુઅલુઉના મહેલ પર લાવશે, જેના ગુંબજ યાકૂતના હશે. એની આજુબાજુ ઝાડ હશે અને નહેરો દરેક બે ગુંબજોની વચમાં વહેતી હશે. એક ગુલામ એને પુકારીને કહેશે : મરહબા ! અય અમારા સરદાર અને આકા ! પછી તે ફરિશ્તો એને લઇને મહેલમાં દાખલ કરશે, જે કંઇ અલ્લાહ તઆલાએ એના માટે તૈયાર કર્યું છે એને દેખાડશે. પછી તેનો હાથ પકડીને ઝબર્જદના મહેલ પર લાવશે, જેના ગુંબજ યાકૂતના હશે. એની આજુબાજુ ઝાડ અને નહેરો હશે. દરેક બે ગુંબજોના વચમાં એક ફરિશ્તો તેને અવાજ આપશે; મરહબા ! અય અમારા સરદાર અને મૌલા ! પછી એને મહેલમાં દાખલ કરશે અને જે કંઇ અલ્લાહ તઆલાએ એના માટે તૈયાર કર્યું છે એની દેખરેખ કરશે. આ રીતે એક મહેલથી બીજા મહેલની સહેલ કરાવવામાં આવશે. અહિંયા સુધી કે તે બધા મહેલોની સહેલ કરશે. પછી ફરિશ્તો એને કહેશે; અય અલ્લાહના દોસ્ત ! આ બધા મહેલો જેનું તમે નિરીક્ષણ કર્યું છે અને ચાંદીના મહેલોથી લઇને આ મહેલ

સુધી પધાર્યા હતા, આ અને બીજું જે કંઇ આ મહેલોની વચમાં છે એ બધું તમારા માટે છે.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના માટે એક હજાર મહેલો

અલ્લાહ તઆલાનો ઈરશાદ છે :

અને આખિરત આપના માટે દુનિયાથી અનેકગણી સારી છે. આની તફસીરમાં હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.) ફરમાવે છે, અલ્લાહ તઆલા આપ હઝરત (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને જન્નતમાં લુઅલુઉના એક હજાર મહેલો અતા કરશે, જેની માટી કસ્તૂરીની હશે અને દરેક મહેલના માટે શણગાર, આરામ અને રાહત બધી વસ્તુઓ હાજર હશે.

ચાર અરબ નેવું કરોડ મકાનો

હદીસ : હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર બિન આસ (રદિ.) ફરમાવે છે, જન્નતમાં એક નહેર છે, જેની બાજુમાં ઘણા જ કિલ્લા છે અને હરિયાળી છે. એમાં સિત્તેર હજાર મહેલો છે. દરેક મહેલમાં સિત્તેર હજાર મકાનો છે. એમાં નબી અથવા સિદીક અથવા શહીદ અથવા ઈન્સાફવર બાદશાહના સિવાય કોઈ દાખલ થઈ શકશે નહિ.

નોંધ : ૧ અરબ – ૧૦૦ કરોડ
૪ અરબ – ૪૦૦ કરોડ

નબી, સિદ્દીક, ઈન્સાફવર ઈમામ અને મુહકમ ફી નફસિહીના ચાર અરબ નેવું કરોડ કમરાઓ

હઝરત કઅબે અહબાર (રહ.) ફરમાવે છે કે જન્નતમાં એક મહેલ છે, જેમાં સિત્તેર હજાર ઘર છે. દરેક ઘરમાં સિત્તેર હજાર રૂમ છે. એમાં ન તો કોઈ કાંટ છાંટ હશે, ન તીરાડ હશે, ન જોડાણ હશે. એ એક યાકૂતના ખંભા પર ઊભેલું હશે. એમાં નબી, સિદ્દીક, શહીદ અને ઈન્સાફવર ઈમામ દાખલ થશે.

નોંધ : ૧ કરોડ – ૧૦૦ લાખ
૧ અરબ– ૧૦૦ કરોડ
૪ અરબ– ૪૦૦ કરોડ

ફાયદો : મુહકમ ફી નફસિહી તે કેદીને કહે છે, જે કોઈ ઈસ્લામના દુશ્મનની કેદમાં હોય, જેને આ કહેવામાં આવે કે યા તો તમે કાફિર થઈ જાઓ, નહીં તો કતલ કરી નાખવામાં આવશે. તો એણે કતલ થઈ જવાનું કબુલ કર્યું, પરંતુ અલ્લાહના સાથે કુફ્ર ન કર્યું.

ઈબ્રાહીમ (અલૈ.)નો મહેલ

હદીસ : હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો : જન્નતમાં એક લુઅલુઉનો મહેલ છે, જેમાં ન તો કોઈ તિરાડ છે અને ન (બાંધકામની) કમઝોરી છે. એને

અલ્લાહ તઆલાએ પોતાના (દોસ્ત) ખલીલ હઝરત ઈબ્રાહીમ (અલૈ.)ના માટે તૈયાર કર્યો છે.

ઉમર (રદિ.)નો મહેલ

હદીસ : હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ (રદિ.) ફરમાવે છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો : મેં પોતાને જોયો કે જન્નતમાં દાખલ થયો છું અને એક મહેલ જોયો કે જેના સહનમાં એક છોકરી હાજર હતી. મેં પૂછયું કે આ મહેલ કોનો છે ? તો એમણે બતાવ્યું કે ઉમર બિન ખત્તાબ (રદિ.)નો છે. તો મેં કહ્યું કે દાખલ થઈને જોઉં, પરંતુ મને તમારી ગયરત યાદ આવી ગઈ.

તો હઝરત ઉમર (રદિ.)એ અરજ કરી કે મારા માં–બાપ આપ પર કુરબાન યા રસૂલલ્લાહ (સલ.) ! હું આપ પર ગયરત ખાઈશ.

એક અરબ હૂરે ઈનવાળો મહેલ

હઝરત ઉમર બિન ખત્તાબ (રદિ.)એ આ આયત પઢી :

جَنّٰتِ عَدْنٍ ؕ (الصّف ۱۲:٦۱، پارہ ۲۸)

પછી ફરમાવ્યું કે જન્નતમાં એક પ્રકારનો મહેલ છે, જેના ચાર હજાર દરવાજાના પરદા છે. દરેક દરવાજા પર પચ્ચીસ હજાર હૂરે ઈન છે. એમાં ન કોઈ દાખલ થઈ શકશે, પરંતુ નબી. પછી ફરમાવ્યું કે યા રસૂલલ્લાહ (સલ.) ! આ મહેલ આપને મુબારક થાય અથવા સિદ્દીક દાખલ થશે. પછી

ફરમાવ્યું કે હે અબૂ બક્ર (રદિ.) આપને પણ મુબારક થાય અથવા શહીદ દાખલ થશે, પરંતુ ઉમરના માટે શહાદતનો દરજો ક્યાં ? પછી ફરમાવ્યું; તે ઝાત જેણે મને (કુફની) બુરી હાલતમાંથી બહાર કાઢયો, તે એના ઉપર પણ કુદરત ધરાવે છે કે મને શહાદતનો દરજો અતા કરે (આથી આપની આ તમન્ના પણ પૂરી થઇ) અને આપ શહાદતના દરજ્જાથી ગૌરવવંત થયા.)

ફાયદો : ચાર હજાર દરવાજાઓના પરદાઓ પૈકી દરેકને જ્યારે પચ્ચીસ હજાર હૂરે ઈનથી ગુણાકાર કરશો તો એનો સરવાળો એક અરબ હૂરે ઈન થાય છે.

મહેલોની માટી અને પહાડ

હઝરત મુગીરા બિન સમ્મી (રહ.) ફરમાવે છે કે જન્નતમાં અમુક મહેલો સોનાના છે અને અમુક ઝબર્જદના છે. એના પહાડ કસ્તૂરીના છે અને માટી વર્સ (એક પ્રકારની કેસરી રંગની ઘાસ જે કપડું રંગવાના કામ આવે છે) અને ઝાફરાનની છે.

બે કરોડ, ચાળીસ લાખ, દસ હજાર હૂરોવાળો મહેલ

હદીસ : હઝરત ઈમરાન બિન હસીન અને હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ આયત :

وَمَسٰكِنَ طَيِّبَةً فِيْ جَنّٰتِ عَدْنٍ ط (الصف:۱۲،پ۲۸)

ની તફસીરમાં ઈરશાદ ફરમાવ્યો : જન્નતમાં એક મહેલ લુઅલુઉનો હશે. આ મહેલમાં સિત્તેર (૭૦) ઘર લાલ યાકૂતના હશે. પછી દરેક ઘરમાં સિત્તેર રૂમ લીલા ઝમુર્રદના હશે અને દરેક રૂમમાં સિત્તેર તખ્ત હશે અને દરેક તખ્ત પર દરેક રંગના સિત્તેર પલંગ હશે અને દરેક પલંગ પર હૂરે ઈનમાંથી એક ઔરત હશે. દરેક રૂમમાં સિત્તેર દસ્તરખ્વાન હશે. દરેક દસ્તરખ્વાન પર સિત્તેર પ્રકારના ખાણાં પસંદ કરેલા હશે. દરેક રૂમમાં સિત્તેર છોકરા અને છોકરીઓ (ખિદમત કરવાવાળા) હશે. અલ્લાહ તઆલા દરેક મુઅમિનને દરેક સવારે એટલી તાકાત આપશે કે તે આ નેઅમતોથી ફાયદો ઉઠાવશે.

ફાયદો : આ હદીસથી મા'લૂમ થાય છે કે આ મહેલમાં બે કરોડ, ચાળીસ લાખ, દસ હજાર (૨, ૪૦, ૧૦, ૦૦૦) હૂરે ઈન હશે અને આટલા જ રંગનાં ખાણાં અને આટલા જ સેવકો અને સેવિકાઓ હશે.

અદના દરજ્જાવાળા જન્નતીના એક હજાર મહેલો હશે

હઝરત સઈદ ઈબ્ને જુબૈર (રહ.) ફરમાવે છે કે ઓછા દરજાના જન્નતીના એક હજાર મહેલ હશે. દરેક મહેલમાં સિત્તેર હજાર ખાદિમો હશે, એમાંથી દરેક ખાદિમના હાથમાં મોટો પ્યાલો હશે, જે બીજા ખાદિમના હાથના પ્યાલાની જેમ નહીં હશે.

અદના જન્નતીનો એક મહેલ

હઝરત ઉબૈદ બિન ઉમૈર (રહ.) ફરમાવે છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો : ઓછા દરજાનો જન્નતી તે માણસ હશે, જેનો એક જ લુઅલુઉ (મોતી)નો એક મહેલ હશે. એના છત પરનું મકાન અને દરવાજા આ જ મોતીના હશે.

અદના જન્નતીના હજાર મહેલ, હૂરો અને ખાદિમો

હદીસ : હઝરત ઈબ્ને ઉમર (રદિ.) બયાન ફરમાવે છે કે અદના દરજાનો જન્નતી તે માણસ હશે, જેના એક હજાર મહેલ હશે. દરેક બે મહેલોના વચમાં એક વર્ષની સફર (અંતર) છે. જન્નતી એના છેલ્લા ભાગને પણ એવી જ રીતે જોશે જેવી રીતે એના નઝદીકના ભાગને જોશે. દરેક મહેલમાં હૂરે ઈન હશે. સુગંધિત છોડ હશે અને નાના નાના છોકરાં હશે. તે જે વસ્તુની તમન્ના કરશે એને હાજર કરવામાં આવશે.

અદના મુઅમિનનો મહેલ

હઝરત અબૂ હુરયરહ (રદિ.) ફરમાવે છે કે જન્નતમાં મુઅમિનનું ઘર એક જ લુઅલુઉ (મોતી)નું હશે, જેમાં ચાળીસ રૂમ હશે. એની વચમાં એક ઝાડ હશે, જે લિબાસ ઉગાડતું હશે. જન્નતી એની પાસે આવશે (વજનમાં હલકા ફુલકા હોવાના કારણથી) પોતાની એક જ આંગળીના સાથે

સિત્તેર જોડ ઉઠાવશે, જે લુઅલુઉ અને મરજાનથી જડેલાં અને સુસજ્જ હશે.

મોટી શાનો-શૌકત (ઠાઠમાઠ)નું બાલાખાનું

હદીસ : ઈબ્ને ઝૈદ પોતાના બાપથી રિવાયત કરે છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો : એક આદમીને એક જ લુઅલુઉથી બનેલા મહેલની પાસે લાવવામાં આવશે. આ મહેલના સિત્તેર બાલાખાના હશે. દરેક બાલાખાનામાં હૂરે ઈનમાંથી એક બીવી હશે. દરેક બાલાખાનાના સિત્તેર દરવાજા હશે. આ જન્નતી પર દરેક દરવાજાથી એવી ખુશ્બૂ દાખલ થશે જે એ ખુશ્બૂથી અલગ હશે, જે બીજા દરવાજાથી દાખલ થશે. પછી આં હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ અલ્લાહ તઆલાનો આ ઈરશાદ તિલાવત કર્યો :

فَلَا تَعْلَمُ نَفْسٌ مَّآ أُخْفِيَ لَهُم مِّن قُرَّةِ أَعْيُنٍ ۚ (السجدة ۳۲:۱۷، پارہ ۲۱)

તરજુમો : તે કોઈને ખબર નથી, જે જે આંખોની ઠંડક (નો સામાન) એવા લોકો માટે ખઝાન-એ-ગૈબમાં મવજૂદ છે.

અદન મહેલ

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર (રદિ.) ફરમાવે છે કે

જન્નતમાં એક મહેલ છે, જેનું નામ 'અદન' છે. એની (પાસે) બાજુમાં ઘણાં (મીનાર) ગુંબજ છે. એના પાંચ હજાર દરવાજા છે. દરેક દરવાજા પર પાંચ હજાર પાકીઝહ બેગમો છે, એમાં નબી અથવા સિદ્દીક અથવા શહીદના સિવાય કોઈ દાખલ થઈ શકશે નહીં.

ફાયદો : પાંચ હજાર દરવાજા છે. દરેકને પાંચ હજાર (પાકીઝહ બેગમો)થી ગુણાકાર કરે તો એનો સરવાળો ૨,૫૦,૦૦,૦૦૦ (બે કરોડ પચાસ લાખ) થાય છે.

કુબ્બતુલ ફિરદૌસ, જેના દરવાજા આલિમની કલમ ચાલવાથી ખુલે છે

હદીસ : હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો : અલ્લાહ તઆલાનો એક કુબ્બો (ગુંબજ) છે, જેનું નામ "ફિરદૌસ" છે. આના દરમિયાન (વચ)માં એક ઘર છે, જેનું નામ દારુલ કરામત (ઊંચા દરજાનું ઘર) છે. એમાં એક પહાડ છે, જેનું નામ જબલુન્નઈમ (નેઅમતોનો પહાડ) છે, એના ઉપર એક મહેલ છે, જેનું નામ કસ્રુલ ફરહ (ફરહત—ખુશી) છે. આ મહેલમાં બાર હજાર દરવાજા છે. એક દરવાજાથી બીજા દરવાજા સુધી પાંચસો વર્ષનું અંતર છે. એમાંથી કોઈ દરવાજો નથી ખુલતો, પરંતુ આલિમની કલમ ચાલવા પર (જ્યારે તે દીનનો કોઈ મસ્અલો લખે છે) અથવા (ઈસ્લામના દુશ્મનો પર) હુમલા કરવાવાળા (મુજાહિદ)ના ઢોલના અવાજ પર, પરંતુ અલ્લાહ તઆલાના નઝદીક (આલિમની) કલમ ચાલવાનો અવાજ સિત્તેર ગણી ફઝીલતવાળો છે, મુજાહિદના તબલાના અવાજથી.

ફાયદો : આ હદીસની સનદમાં બે મજહૂલ (ના મા'લૂમ) રાવી છે, પણ ઈમામ ઈબ્ને અસાકિર (રહ.)એ આ હદીસને મુન્કર ઠેરવી છે.

મારા ભાઈઓ ! આ મહેલના બાર હજાર દરવાજા છે. એક દરવાજાથી બીજા દરવાજા સુધી પાંચસો વર્ષનું અંતર છે. બાર હજાર ને પાંચસો થી ગુણાકાર કરો તો સાઠ લાખ વર્ષ બને છે. તો મારા ભાઈઓ ! આ મહેલ કેટલો મોટો હશે. આનો અંદાજ અલ્લાહના સિવાય કોઈ નથી લગાવી શકતું.

હઝરત ખદીજા (રદિ.)નો મહેલ

હદીસ : હઝરત ફાતિમા (રદિ.)એ આં હઝરત (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને સવાલ કર્યો કે આપણી વાલિદા (માં) હઝરત ખદીજા (રદિ.) કયાં છે ? આપે ઈરશાદ ફરમાવ્યો : સરકુંડા (સરકટ જેવી વનસ્પતિ)ના મહેલમાં, જેમાં કોઈ બેકાર કામ નથી. ન કોઈ થકાવટ, ન કોઈ તકલીફ છે. હઝરત મરયમ (અલૈ.) અને હઝરત આસિયા (ફિરઔનની બીવી)ના વચમાં છે. હઝરત ફાતિમા (રદિ.)એ પૂછયું કે આ મહેલ આ સરકુંડાથી બનાવવામાં આવ્યો છે ? આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો : નહીં (પરંતુ) તે સરકુંડાથી જે મોતી, લુઅલુઉ અને યાકૂતથી જડવામાં આવ્યો છે.

મહેલોની છતોનું નૂર

એક હદીસમાં વર્ણન છે કે જન્નતની અમુક છતો એવા નૂરની હશે, જે આંખોને આંજી દેતી વીજળીની જેમ ચમકતી